જ્ઞાતિરત્ન રતિલાલ ગાભી

ચરિત્ર રેખાંજલિ

જ્ઞાતિરત્ન રતિલાલ ગામી

ચરિત્ર રેખાંજલિ

दातव्यं इति यद् दानं दीयते ऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद् दानं सात्त्विकं विदुः ॥

गीता

લેખક

શંકરલાલ દ્વારકાદાસ

પ્રકાશક :
ડૉ. મણિલાલ હરિવલ્લભદાસ ભગત
પ્રમુખ
શ્રી ખડાયતા કેળવણી મંડળ,
ખા. ૧/૮૦૬, વેરાઈપાડા,
ચાર રસ્તા – અમદાવાદ.

સંવત ૧૯૯૯
સને ૧૯૪૩

મુદ્રક :
પરીખ સુરેશચંદ્ર પોપટલાલ
ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસ
સલાપોસ રોડ – અમદાવાદ.

આભાર દર્શન

શ્રી ખડાયતા કેળવણી મંડળના પ્રમુખશ્રી ડૉ. મણિલાલ હ ભગતની આજ્ઞાથી રતિલાલભાઈ ગામીનો જીવન પરિચય કરાવતાં મને અત્યન્ત આનન્દ થાય છે. શ્રી ખડાયતા કેળવણી મંડળે તથા તેના પ્રમુખશ્રીએ આ ઉત્તમ તક મને આપવા માટે હું અત્રે સૌનો આભાર માનું છું.

હરિજન આશ્રમમાં ચાલતા શ્રી ખાદી સરંજામ કાર્યાલયના વ્યવસ્થાપક ભાઈ મોહનલાલ નરહરિભાઈ પરીખે શુદ્ધ સ્વદેશી કાગળ તથા ખાદી માટે ગોઠવણ કરી આપી ભાઈ ગામી તથા મારી સ્વદેશી વસ્તુઓ પ્રત્યેની ભાવનાને ઉત્તેજન આપ્યું છે. તેમજ રા. સા. લલ્લુભાઈ કશનદાસ ટ્રસ્ટ ફંડના વ્યવસ્થાપક શ્રી. શિવાભાઇ પટેલે પ્રૂફ સુધારવામાં સહાયતા કરી છે તથા શ્રી ખડાયતા કેળવણી મંડળના વ્યવસ્થાપક ભાઈ મોતીલાલ વખારીઆએ કાળજીપૂર્વક દેખરેખ રાખી છે. આ રીતે આ પુસ્તકના પ્રકાશનમાં આ ભાઈઓની મળેલી કીંમતી મદદ માટે હું આભારી છું.

આ પ્રસંગે સમસ્ત ખડાયતા કોમ અને કોમનાં મંડળોના સંચાલકોને નમ્રતાપૂર્વક ભલામણ કરવાની રજા લઉં છું; કે જ્ઞાતિના જ્યોતિર્ધરો માટે સન્માનસૂચક પદો યોજવાં અને તે પૈકી સ્વ. રતિલાલભાઈને 'જ્ઞાતિરત્ન'નું પદ એનાયત કરી હવે પછી એજ સન્માનસૂચક પદથી તેઓશ્રીને સંબોધવા. મારી આ ભલામણ સ્વીકારવામાં આવશે, તો આભાર સાથે હું સંતોષ અનુભવીશ.

કઠલાલ
હુતાશની, '૯૯

સેવક,
શંકરલાલ દ્વારકાદાસ

પ્રાસ્તાવિક

જીવનચરિત્રોની મહત્તા વિષે મારે કહેવાનું ન હોય. ભૂતકાળના ઇતિહાસમાં પ્રજાને વારંવાર ડોકિયાં કરવાં પડે છે અને એના પાઠો માર્ગદર્શનનું કામ સારે છે. ભૂતકાળ ઘણી વખત ભેવડાય છે અને એકની એક હકીકત રૂપાન્તરે વારંવાર રજૂ થતી આપણે જોઈએ છીએ.

વિશ્વવંદ્ય ગાંધીજીને આદ્યકવિ નરસિંહ મહેતાનું પ્રાતઃસ્મરણીય ભજન —'વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે!' ખૂબ પ્રિય છે. ગીતા, રામાયણ અને મહાભારત તેમ જ અન્ય ધર્મોના ભૂતકાળના આવા ચરિત્રનાયકોમાંથી તેમણે સારું દોહન કર્યું છે. એ બધાના પરિપક્વ અનુભવોની સાથે તેમણે તેમના જીવનના જીવંત અનુભવોનો સુમેળ સાધી તેમના જીવનને આજે દૈવી બનાવ્યું છે એ આપણે જાણીએ છીએ.

આ રીતે જીવનચરિત્રો એ કલ્પિત વાર્તાઓ નથી, પણ ઐતિહાસિક નક્કર હકીકતો છે અને એટલા જ માટે જીવનચરિત્રો પ્રજાજીવનના ઘડતર માટે અત્યંત ઉપયોગી અને પ્રકાશમય છે. મ. ગાંધીજીએ તેમની પોતાની આત્મકથા આ જ હેતુએ સ્વહસ્તે લખી છે અને તેને સત્યના પ્રયોગો તરીકે વહેતી મૂકેલ છે.

સમાજજીવનના ઘડતરમાં એકલો શુષ્ક અને નીરસ ઇતિહાસ મહત્ત્વનો ભાગ ઓછો ભજવી શકે છે. મમત્વ ઉત્પન્ન કરી શકે તથા સમાનતાની ભાનવૃત્તિ જાગ્રત કરી શકે એવાં જીવનો જેવો અગ્રગણ્ય ભાગ ભજવી શકે છે તેવો બીજું ઓછું સાધી શકે છે.

સ્વ. ગામીના જીવનમાં પરપીડાનું જીવંત દર્દ દૃષ્ટિગોચર થાય છે. તેઓ પોતે પરપીડા જાણનાર પરમ વૈષ્ણવ હતા. અભણ બહેનોના દર્દે તેમના જીવનમાં ઘણુંય મંથનો જગાડયાં છે; પરંતુ એ બધાનો જીવંતપ્રેમ જીવનની અંતિમ ઘડીઓ સુધી તેમની સાથે વણાઇ ગયો હતો. એમના ભાષણો, એમની સાથેની વાતચીતો, એમનાં લખાણો, એમના પત્રવ્યવહારો — એ બધામાંથી જ્ઞાતિની નિરક્ષર બહેનોની નિરક્ષરતા જાય અને સ્વાશ્રયી બની સાચી સેવાની વ્રતધારી બને એ એમની ભાવના હતી.

એ આશા કેટલે અંશે ફળી છે એ આપણે જોઇ શકીએ છીએ; પરંતુ હવે તેને વધુ વિકસાવવાની જવાબદારી આપણે શિરે રહે છે. તેમના જીવનનું હાર્દ અહીં આવી અટકે છે.

આ દૃષ્ટિએ જીવનચરિત્રોનું સ્થાન પ્રજાજીવનમાં અનોખું હોવું જોઇએ. તેવાં પુસ્તકોના પ્રકાશનમાં આપણે વધારે સારો ઉમંગ અને રસ લેવો જોઇએ. એવાં પ્રકાશનો જે પ્રકાશ આપશે તે જીવનમાં ઓજસ્ પૂરશે.

ખડાયતા જ્ઞાતિની નજરે એવાં પ્રકાશનો કીમતી ઉમેરો ગણાય. સ્વ. રતિલાલ નારણદાસ ગામીનું જીવન આજે આપણી સમક્ષ રજૂ થાય છે અને જ્ઞાતિની નજરે એમની જે સેવાઓ છે તે તેમાં વીણીવીણીને મૂકવામાં આવેલી છે. આવા પુસ્તકના આલેખક તરીકેનું કામ શ્રી શંકરલાલ પરીખને ખ. કે. મંડળે સોંપ્યું હતું અને તે તેમણે સુયોગ્ય રીતે પાર પાડવા શ્રમ ઉઠાવેલો છે તે, જેમજેમ પુસ્તક વાંચવામાં આવશે તેમતેમ સમજાશે.

સ્વ. ના જીવનકાળ દરમિયાન જ આ કામ તેમણે ઉપાડી લીધું હતું. અને પત્રવ્યવહારથી નાનીમોટી ખૂટતી હકીકતો તેમણે મેળવી લીધી છે. આ રીતે તેમણે શક્ય તેટલા તમામ પ્રયત્ને ઉપાડી લીધેલા આ કાર્યને શોભાવવા સારી જહેમત ઉઠાવી છે અને તે માટે મંડળ તેમનું ખુબજ રૂણી છે.

સ્ત્રીકેળવણી એ સ્વર્ગસ્થનો જીવંત પ્રશ્ન હતો અને એમની આશાઓના પ્રમાણમાં તો એ દિશામાંનું કાર્ય ઘણું જ અધૂરું છે, એમ જરૂર કહી શકાય. એમની આશા લાખો રૂપિયાના ભંડોળ વડે પૂરી પાડવાની હતી અને જ્ઞાતિમાં એક પણ બહેન નિરક્ષર હોય નહિ. કજોડાંના કષ્ટથી તેમને પીડા થતી.

આ એમની વાસના અધૂરી જ રહેવા પામી છે. આ અધૂરી રહેલી વાસના પરમાત્મા પૂરી પાડે એ એમના જીવનકાળ દરમિયાન ઉચ્ચારાયેલા શબ્દો આ પુસ્તકમાં વંચાય છે.

અધૂરાં અને અસૂરાં પડેલાં કાર્યો ઉપાડી લેવાની ફરજ પાછળ રહેનારાઓની છે. કેવળ જ્ઞાતિના કલ્યાણ કાજે જે જીવતા હતા તેમના મૃત્યુબાદ આપણી ઊભી થતી ફરજનું ભાન કરાવનાર આ પુસ્તક જ્ઞાતિનાં એકેએક ભાઇબહેનને માર્ગદર્શન કરાવવા સમર્થ નીવડો.

ધર્મશીલ અને સંસ્કારનો વારસો લઇ જીવનાર સ્વ. ગામી પાસેથી આપણે પણ આ જ શીખવાનું છે. જ્ઞાતિમાં અનહદ ગરીબાઇ છે અને અધિક પ્રમાણમાં દ્વેષ પણ પ્રવર્તે છે. સ્વ. ગામીના આ ઉદ્ગાર છે. અને આ વાત સાચી છે. જ્ઞાતિમાંથી સાંસ્કારિક અને આર્થિક ગરીબાઇ જાય તે માટે તેમણે પ્રયત્નો કર્યાં અને આપણા પણ એ જ પ્રયત્નો હોય.

ચોમેર નજર કરો. જ્ઞાતિમાં ધનવાનો કેટલા? ઉદ્યોગપતિઓ કેટલા? હુન્નર-ઉદ્યોગો કેટલા? એ બધું શું સૂચવે છે? થોડાક ધનપતિઓ કે ઉદ્યોગપતિઓથી જ્ઞાતિ શ્રીમંત નહિ કહેવાય. એકંદરે જ્ઞાતિ અનહદ ગરીબાઇમાં છે, એ હકીકત સાચી જ છે અને એ કારમું દરદ આપણે દફનાવવું જ રહ્યું.

મ. ગાંધીજી પણ કહે છે કે, શહેરો તરફ નજર ન કરો. ગામડાં તરફ વળો. શહેરો એ સાચી હકીકત નથી. ગામડાં એ જ આપણી સાચી સ્થિતિ છે. આપણી જ્ઞાતિનો મોટો ભાગ ગામડાંઓમાં વસે છે.

ગામડાંઓમાં કન્યા લેવા માટે ખોટા ખર્ચી કરી પ્રજા તણાઇ મરે છે. યુગ-પરિવર્તનની અસર હજી ત્યાં થવા પામી નથી તે થવાની ખાસ જરૂર છે. જૂના—નવા વિચારોનું સંઘર્ષણ થાય છે, પણ તેમાં જૂના વિચારોનું પ્રાધાન્ય ટકી રહેલું છે તે જવું જોઇએ.

સ્વ. ના જીવનમાં આ અને જીવનવિકાસની પ્રયોગશીલતા સારી રીતે જામેલી જણાશે. તેમણે તે માટે કેડ કસી. પોતાની પાસે હતી તેટલી દ્રવ્યગંગાને વહેતી કરી અને જગતમાંથી દરિદ્રતા દૂર કરી શકાય તો તે કરવા મંથનો કર્યાં. પરંતુ આ કાર્ય એક માણસનું નહોતું અને નથી. એવી અનેક ગંગાઓનું અવતરણ થાય તો જ આ શુષ્ક દરિદ્રતા ભીંજાય એમ છે.

દરિદ્રનારાયણની જે ભાવના મ. ગાંધીજીની છે તે જ ભાવનાને તેમણે અપનાવેલી જણાય છે. તેઓ પોતે જે હતા તે પ્રભુકૃપાનું ફળ સમજી જીવતા અને તેને આચરણમાં મૂકતા.

આવા નિરભિમાની અને સેવાભાવી શ્રીમંતની જીવનકથામાંથી ઘણું શીખવાનું મળશે. સ્વેચ્છાએ જેમણે ગરીબાઇ સ્વીકારી લઇ નિજ ધનને પરાર્થે અર્પી દીધું એવા વીરલાઓનાં જીવન પીયૂષપાન કરાવી નવજીવન અર્પે એમાં આશ્ચર્ય પણ શું ?

તેમના જીવનની મર્મવાહિની આટલામાં જ સમાપ્ત થાય છે એમ નથી. બીજું ઘણુંક છે. એ બીજું ઘણુંક તે તેમનું આ જીવનચરિત્ર. જ્ઞાતિ એને વાંચે, વિચારે અને આચારમાં મૂકતાં શીખે એટલી આશા વધારે નથી.

આમાંથી બધાને બધું ગમે કે ન ગમે એ જુદો સવાલ છે, પણ જે કંઇ થોડું ગમશે તે સૌને સમાન નહિ હોય. એટલે દરેકને ગમતું એ 'કંઇક' પણ આચારમાં ઉતરી જાય તોય આ પુસ્તક પાછળ લેવાવામાં આવેલો શ્રમ અને કરવામાં આવેલું ખર્ચ સફળ થશે.

સ્વ. ના સંસ્મરણમાં આ પુસ્તક બહાર પડે છે. એની પાછળ થયેલ ખર્ચ મોંઘવારીની દૃષ્ટિએ અસામાન્ય છે. વપરાયેલા કાગળો તદ્દન દેશી છે અને છાપકામમાં સુંદરતા આવે તે માટે કાગળમાં થવી જોઇતી કરકસર પણ જતી કરી છે.

ગ્રાહકોને આ પુસ્તક વિનામૂલ્યે મળે છે. તેઓ કંઇક પણ આમાંથી મેળવશે તો આ તમામ ખર્ચનું પૂરતું વળતર મળી ગયું છે એમ સમજી શકાશે.

અમદાવાદ
તા. ૧૫, માર્ચ, '૪૩

મણિલાલ હ. ભગત
પ્રમુખ : ખ. કે. મંડળ

અનુક્રમ

પ્રશસ્તિ કાવ્ય

શ્રી ખડાયતા કેળવણી મંડળનો રૌપ્ય મહોત્સવ દી૦ બ૦ મોતીલાલ લલ્લુભાઈ પારેખના પ્રમુખપદે ઉજવાયો ત્યારે જ્ઞાનિ રત્ન સ્વ૦ રતિલાલભાઇને ચાંદીના પતરા ઉપર કોતરાવીને નીચેનું પ્રશસ્તિ કાવ્ય સન્માન પત્ર રૂપે અર્પણ કરવામાં આવ્યું હતું.

શાર્દૂલાવક્રીડિતઃ ૧.

વીલાતાં નિરખી ખડાયત વને પુષ્પો લતા પાંખડી,
વિદ્યાનો ખીલવી કબીર વડલો, શીળી ધરી છાંયડી;
વ્યોમે સૂર્ય સરોજ ભોમ, તદપિ રશ્મિ સિંચે છે રવિ,
દિલ્હી દૂર તથાપિ દીલ–દીવડે દીલાવરી દાખવી.

મિશ્ર ઉપજાતિઃ ૨.

પરાર્થે એવા પુન્યના પ્રભાવે,
સમષ્ટિનું ભદ્ર ચ્હાતા સ્વભાવે;
આત્મન્ ધૂપે અમ્બર વૃત્તિ પામી,
ગુણે થયા ગૌરવશીલ ગામી.

અનુષ્ટુપઃ ૩.

પ્રેમના રક્ત રંગે ને સત્યની શ્વેત જ્યોતથી,
ગંગોત્રી લક્ષ્મીની વહેતી સેવાના ધર્મ સ્રોતથી.

વસન્તતિલકાઃ ૪.

નારાયણે કનક–નિર્મળ સંસ્કૃતિની,
સંસ્કાર પાઇ ઋષિ જીવનની રતિથી;
સંસારના ભૂષણ શા રતિલાલ સર્જ્યા,
એ ધન્ય ધન્ય વિભૂતિ તણી વીર પૂજા.


અનુષ્ટુપઃ ૫.

'કર્મ'ની આપને દીક્ષા, ન ચ્હાતા 'ફળ' મંજરી,
પ્રશસ્તિની તથાપિ આ ઝીલશો પુષ્પ અંજલિ.

અમદાવાદ, તા. ૧–૧–૧૯૪૧.
ખ. કે. મંડળ રૌપ્ય મહોત્સવ દિન.


શ્રી સમસ્ત ખડાયતા કેળવણી મંડળ તરફથી
પ્રમુખ
ડૉ૦ મણિલાલ હ. ભગત

ગામી કુટુમ્બની વંશમાળા



श्री

॥ जन्म लग्नमिदम् ॥



શ્રી રતિલાલ નારણદાસ ગામીએ શ્રી ખડાયતા કેળવણી મંડળને સોંપેલાં દાન

૫૦,૦૦૦ શ્રી કોટયર્ક લોન ટ્રસ્ટ (શરતો: પરિશિષ્ઠ ૧)

૫૦,૦૦૦ શ્રી કુટુમ્બ કેળવણી લોન ટ્રસ્ટ (શરતો: પરિશિષ્ઠ ૨)

આ પેટે નીચેની રકમો આવેલી છે:—

૧૫૧૭૬–૧૫–૬	કુટુમ્બ કેળવણી ટ્રસ્ટ ખાતે આવેલા તે.
૭૮૩૫—૦—૦	નડીઆદના મકાનના ઉપજ્યા તે.
૫૦૦૦—૦—૦	શ્રી કોટયર્ક વિદ્યાલય ટ્રસ્ટ (શરતો: પરિશિષ્ઠ ૩)
૩૧૧૩—૯—૦	જીંદગીના વીમાની બે પોલીસીઓના.
૧૦૦૧—૦—૦	ચંદ્રક માટે એક ટ્રસ્ટ

મળી કુલ રૂ. ૩૨૧૨૬–૮–૬

મળી કુલ રૂ. ૧,૦૦,૦૦૦–૦–૦

શ્રી. રતિલાલ નારણદાસ ગામીએ અત્યારસુધીમાં કરેલાં સાર્વજનિક દાન

શ્રી. ગૌશાળા, દિલ્હી (રંગના ધંધાને અંગે એકઠી થતી રકમમાંથી)	૧૫૦૦૦
શ્રી. વિઠ્ઠલ કન્યા વિદ્યાલય, નડીઆદ.	૫૦૦૦
શ્રી. દક્ષિણામૂર્તિ ગ્રામ્ય વિદ્યાલય, આંબલા. તાબે ભાવનગર.	૫૦૦૦
શ્રી. સીતાબા વાચનાલય, પાલીતાણા.	૨૦૦૦
શ્રી. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ	૨૦૦૦
રેંટીઆ તથા હાથવણાટની તાલીમ માટે હા. શ્રી. નરહરિભાઇ દ્વા. પરિખ	૨૦૦૦
ગુજરાતી મહેમાનોનું નિવાસ સ્થાન; દિલ્હી.	૧૦૦૦
ચિમનલાલ કપુરચંદ છાત્રાલય મકાન ફંડ.	૬૦૦
રાષ્ટ્રીય વિનય મંદિર, નડીઆદ.	૫૦૦
ચરોત્તર એજ્યુકેશન સોસાઇટી, આણંદ.	૫૦૦
	રૂ. ૩૩૬૦૦

આ ઉપરાંત સ્વ૦ અ૦ સૌ૦ દીવાળી બહેનના સ્ત્રીધનની રકમનું દાન... રૂ. ૭૬૧૬-૧૪-૦

સ્વ. રતિલાલ નારણદાસ ગામી સ્મારક ભંડોળ

શ્રીયુત રતિલાલ નારણદાસ ગામીના દુઃખદ અવસાન પ્રત્યે શોક પ્રદર્શિત કરવા અમદાવાદ અને મુંબઇમાં મળેલી જ્ઞાતિજનોની સભાઓએ ગામ કે એકડાના ભેદભાવ વગર સમસ્ત જ્ઞાતિની ઉન્નત્તિ અર્થે લગભગ એક લાખ રૂપિયાની બાદશાહી સખાવત કરી સર્વસ્વઅર્પણ કરનાર અજોડ દાનવીર સ્વ. ગામી સાહેબની પાછળ યોગ્ય સ્મારક કરવાના ઠરાવો કરી શ્રી ખડાયતા કેળવણી મંડળ ઉપર મોકલાવી આપ્યા હતા. તે ઉપરથી મંડળની વ્યવસ્થાપક સભાએ 'સ્વ. ગામી સ્મારક ભંડોળ' શરૂ કરવાનો ઠરાવ કરી તે માટે ઘટતાં પગલાં લેવા કેળવણી મંડળના પ્રમુખને એક સમિતિ નીમવાની સત્તા આપી છે.

આ ભંડોળનો ઉપયોગ તમામ દાતાઓની સામાન્ય સભા મેળવી કેળવણી મંડળના ઉદ્દેશો અનુસાર તેના નિર્ણય પ્રમાણે જ્ઞાતિના સામાન્ય હિતમાં કરવાનું ઠરાવવામાં આવેલું છે.

આ ઉપરથી મંડળના પ્રમુખ ડૉ. મણીલાલ હ. ભગતે જ્ઞાતિના પ્રતિષ્ઠિત-ગૃહસ્થોની સહીઓ સાથે એક વિજ્ઞપ્તિ પત્ર પ્રસિદ્ધ કરી ગામેગામ જાણીતા ગૃહસ્થો ઉપર મોકલાવી આપ્યું હતું. આ સિવાય ઉપમંત્રીઓ મારફત તેમજ ખડાયતા જ્યોતિ મારફતે પણ સ્મારક ભંડોળમાં રકમો ભરવા પ્રચાર કરવામાં આવ્યો હતો અને તેના પરિણામે નીચેની રકમો તા. ૩૧–૭–૪૩ સુધીમાં ભરાયેલી છે.

અમદાવાદ	રૂા.	૭૪૫૪—૦—૦
મુંબઇ	રૂા.	૬૨૮૯—૦—૦
નડીઆદ	રૂા.	૩૩૪૮—૦—૦
રાજપીપળા	રૂા.	૬૪૨—૦—૦
સુરત	રૂા.	૩૫૨—૦—૦
ઉમરેઠ	રૂા.	૨૪૫—૦—૦
મહેમદાવાદ	રૂા.	૧૪૩—૦—૦
વડોદરા	રૂા.	૧૦૭—૦—૦
ઘોડાસર	રૂા.	૧૦૧—૦—૦
દેવગડબારીઆ	રૂા.	૨૨—૦—૦
બીજાં ગામો	રૂા.	૧૭૬૯—૦—૦
	કુલ રૂા.	૨૦૪૭૨—૦—૦

અમદાવાદ

શ્રી હરિલાલ નાથાભાઈ પારેખ	૧૦૦૧
,, ડૉ. મણિલાલ હ. ભગત	૧૦૦૧
,, હરગોવનદાસ લક્ષ્મીચંદ પરીખ	૧૦૦૦
,, અંબાલાલ ખેમચંદભાઈ શાહ	૫૦૧
,, માણેકલાલ મણિલાલ રણછોડદાસ	૫૦૦
,, રામદાસ નારણદાસ દેસાઈ	૫૦૦
,, ચુનીલાલ દામોદરદાસ પરીખ	૩૫૧
,, રામકૃષ્ણભાઈ ડાહ્યાભાઈ શેઠ	૨૫૧
,, વિઠ્ઠલદાસ ભોગીલાલ દેસાઈ	૨૫૧
,, ચંદુલાલ કેશવલાલ કાપડીયા	૧૫૧
,, માણેકલાલ મોતીલાલ પરીખ	૧૫૦
,, હરિભાઈ રણછોડદાસ શાહ	૧૨૫
,, ત્રિકમલાલ સાંકળચંદ પરીખ	૧૦૧
,, મોહનલાલ ફુલચંદભાઈ શાહ	૧૦૧
,, હરિલાલ અમૃતલાલ દલાલ	૧૦૧
,, ગોરધનદાસ કાલીદાસ દલાલ	૧૦૧
,, ચિમનલાલ ચુનીલાલ દલાલ	૧૦૧
,, મગનલાલ ચિમનલાલ દેસાઈ	૧૦૧
,, સોમાલાલ મંગળદાસ શાહ	૧૦૧
,, મંગળદાસ મૂળજીભાઈ પટેલ	૧૦૧
,, છોટાલાલ પાનાચંદ શાહ	૧૦૧
,, પાનાચંદ લલ્લુભાઈ શાહ	૧૦૦
,, વ્રજલાલ મૂળજીભાઈ તલાટી	૧૦૦
,, બાપાલાલ શંભુલાલ શેઠ	૫૧
,, ડૉ. મણિલાલ મૂળજીભાઈ પરીખ	૫૧
,, પુરુષોત્તમદાસ મોતીલાલ દલાલ	૫૧
,, રણછોડલાલ કેશવલાલ શેઠ	૫૧
,, મગનલાલ લલ્લુભાઈ પરીખ	૨૫
,, ચંદુલાલ લલ્લુભાઈ પરીખ	૨૫
સ્વ. રતિલાલ નગીનદાસ શેઠ	૨૫
શ્રી ડૉ. રતિલાલ માણેકલાલ પરીખ	૨૫
,, ડૉ. ચિમનલાલ મગનલાલ શાહ	૨૫
,, મણિલાલ છગનલાલ વીમાવાળા	૨૫
,, નટવરલાલ પુરુષોત્તમદાસ પરીખ	૨૫
શ્રી અમૃતલાલ મૂળચંદભાઈ શાહ	૨૫
,, અંબાલાલ હરિવલ્લભદાસ ભગત	૨૫
,, ડૉ. રમણલાલ ચુનીલાલ શાહ	૧૧
,, રમણલાલ હિરાલાલ શાહ	૧૧
,, રતિલાલ કેશવલાલ દેસાઈ	૧૧
,, ડૉ. સોમાલાલ મંગળદાસ ગાંધી	૧૧
,, કેશવલાલ હરજીવનદાસ મોદી	૧૧
,, અંબાલાલ રવચંદભાઈ પરીખ	૧૧
,, ફુલચંદભાઈ ગીરધરલાલ કોન્ટ્રેકટર	૧૧
,, ડૉ. દલસુખભાઇ કાળીદાસ શાહ	૧૦
,, શાન્તિલાલ મોહનલાલ શાહ	૭
,, હિરાલાલ દ્વારકાંદાસ શાહ	૫
,, જમનાદાસ ચુનીલાલ શાહ	૫
,, અંબાલાલ મગનલાલ મહેતા	૫
,, ભીખાલાલ લલ્લુભાઈ મહેતા	૫
,, ડૉ. ચિમનલાલ એમ. પરિખ	૫
,, મનુભાઇ દામોદરદાસ શાહ	૫
,, અંબાલાલ નૃ. શાહ	૫
શ્રી જનોડ એકડાના વિશા ખ. બંધુ સમાજ	૫
	૭૪૫૪

મુંબઈ

શ્રી માણેકલાલ પ્રાણજીવનદાસ શાહ	૫૦૧
,, ચંપકલાલ નગીનદાસ મશરૂવાળા	૫૦૧
અ. સૌ. મંગળાગૌરી ચંપકલાલ મશરૂવાળા	૫૦૦
સ્વ. ચંદુલાલ ટી. પરીખ બાસુદીવાળા	૫૦૧
શ્રી કાલીદાસ ધરમચંદ શેઠ	૫૦૧
,, મગનલાલ છોટાલાલ મહેતા	૨૫૧
અ. સૌ. માણેકબેન મગનલાલ મહેતા	૨૫૧
રા. સા. સોમાલાલ મોહનલાલ પરીખ	૨૫૧
શ્રી છોટુભાઈ દલસુખભાઈ શાહ	૨૫૧
,, ચિમનલાલ હીરાલાલ શાહ	૨૫૧
,, એચ. એમ. પટેલની કું.	૨૫૧
,, ગં. સ્વ. પાર્વતીબેન નાનાભાઈ શેઠ	૧૫૧

શ્રી ત્રીભોવનદાસ ભીખાભાઈની પેઢી ૧૦૧
,, ચંદુલાલ સોમાલાલ શાહ ૧૦૧
,, સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ ૧૦૧
,, ડુંગરદાસ લલ્લુભાઈ શાહ ૧૦૧
,, મૂળજીભાઈ હિરાચંદ શાહ ૧૦૧
,, મલુકચંદ શાંતિદાસની પેઢી ૧૦૧
,, ડૉ. જગમોહનદાસ ગોકળદાસ પારેખ ૧૦૧
,, ચંદ્રકાન્ત મોતીલાલ પી. દેસાઈ ૧૦૧
,, મનસુખલાલ શીવલાલ શાહ ૬૧
અ. સૌ. કપિલાગૌરી માણેકલાલ શાહ ૫૧
ધી એમ્પ્રેસ ઓફ ઈન્ડિયા ડેરી કું. ૫૧
શ્રી એન. વી. શામળદાસની પેઢી ૫૧
,, છબાલાલ સી. મહેતાની કું. ૫૧
,, રતીલાલ સોમાલાલ શાહ ૫૧
,, જેઠાલાલ કોદરદાસ વડધરીવાલા ૫૧
,, કેશવલાલ મલુકચંદ શાહ ૫૧
,, મેસર્સ સી. પી. શાહ એન્ડ બ્રધર્સ ૫૧
,, મેસર્સ સી. પરીખની કું. ૫૧
,, રમણલાલ સોમાલાલ એન્ડ કું. ૫૧
,, હરિલાલ બાલકૃષ્ણ પરીખ ૫૧
,, મણિલાલ ચુનીલાલ શેઠ ૫૧
,, ચિમનલાલ જેઠાલાલ ગાંધી ૫૧
,, ચિમનલાલ મગનલાલની પેઢી ૪૧
,, કાન્તિલાલ અમૃતલાલ પરીખ ૩૧
,, શાંતિલાલ ચુનીલાલ કોઠારી ૩૧
,, રમણલાલ મણિલાલ કોઠારી ૩૧
,, કૃષ્ણદાસ નાથજીભાઈની પેઢી ૩૧
,, ડૉ. ગોરધનદાસ ત્રીભુવનદાસ શાહ ૨૫
,, શાન્તિલાલ નાથજીભાઈની પેઢી ૨૫
,, મૂળજીભાઈ નાથજીભાઈ કોઠારી ૨૫
અ. સૌ. મધુકાન્તા ચંદુલાલ શાહ ૨૫
અ. સૌ. પદ્માગૌરી રતીલાલ શાહ ૨૫
શ્રી કાન્તિલાલ વિષ્ણુપ્રદાસની કું. ૨૫
,, મોહનલાલ મોતીલાલ મખમલવાળા ૨૫
,, ડૉ. જસુભાઈ કેશવજી કામદાર ૨૫
,, ચિમનલાલ કેશવલાલ વકીલ ૨૫
,, કાન્તિલાલ ચુનીલાલ શાહ ૨૫
,, રમણલાલ મોતીલાલ ચાહવાળા ૨૫
,, કોદરદાસ ખીમચંદ શાહ ૨૧
,, રાયચંદ ખાતુદાસ શાહ ૧૫
મેસર્સ કેશવલાલ અંબાલાલની કું. ૧૧
શ્રી રવચંદભાઈ જયચંદભાઈ શાહ ૧૧
,, શાન્તિલાલ ગોપાળદાસ શેઠ ૬
,, કાન્તિલાલ કેશવલાલ દેસાઈ ૫
,, હરિલાલ મોહનલાલ દેસાઈ ૫
,, આનંદીલાલ મગનલાલ મહેતા ૫
,, ત્રીભુવનદાસ ચુનીલાલ શાહ ૫
,, વેણીલાલ નરોત્તમદાસ પટવા ૫
,, ચિમનલાલ પ્રભુદાસ પરીખ ૫
,, ભાઈલાલભાઈ પુ. ચિત્રકાર ૫
,, કેશવલાલ સોમાલાલ શાહ ૫
,, મૂળજીભાઈ નારણદાસ શાહ ૫
,, શંકરલાલ ચુનીલાલ પરીખ ૫
,, જેકીશનદાસ ભીખાભાઈ શાહ ૫
,, અંબાલાલ બાપુજી વડધરીવાલા ૫
,, રમણલાલ ગોરધનદાસ વકીલ ૫
,, ગણપતલાલ માણેકચંદ શાહ ૫
,, ચિમનલાલ હરિલાલ પરીખ ૫
,, રમણલાલ મૂળજીભાઈ શાહ ૫
,, ચુનીલાલ મૂળચંદ શાહ ૨
,, મણિલાલ મૂળજીભાઈ મોદી ૨
,, ડૉ. મણિલાલ ડી. શાહ ૨
,, ચિમનલાલ હરિલાલ દેસાઈ ૨
,, ચુનીલાલ દેવચંદ શાહ ૨
,, રસીકકુમાર ચોકસી ૧
,, સુરેન્દ્રકુમાર બક્ષી ૧

૬૨૮૯

નડીઆદ

શ્રી છગનલાલ ગીરધરદાસ કાનપુરવાળા	૫૦૧
,, મગનલાલ ભાઈજીભાઈ રંગવાળા	૫૦૧
,, હરગોવનદાસ ભવાનીદાસ શાહ	૩૫૧
,, મોતીલાલ મૂળજીભાઈ શાહ	૨૫૧
,, બળદેવદાસ મથુરદાસ પરીખ	૨૦૧
,, રણજીતલાલ નારણદાસ દલાલ	૧૫૧
,, પુરુષોત્તમદાસ પ્રાણવલ્લભદાસ પરીખ	૧૫૧
,, મગનલાલ ચુનીલાલ તલાટી	૧૫૧
,, માણેકલાલ હરિલાલ પરીખ	૧૦૧
,, ત્રીભોવનદાસ કાળીદાસ લોખંડવાળા	૧૦૧
,, લાલભાઈ મૂળજીભાઈ પરીખ	૧૦૧
,, ગોરધનદાસ ભીખાભાઈ શાહ	૧૦૧
બાઇ સદા શ્રી ચુનીલાલ વ્રિજલાલ તથા છગનલાલ વ્રિજલાલનાં માતુશ્રી	૧૦૧
રા. બ. સોમાભાઈ મોતીભાઇ શાહ	૫૧
શ્રી ગોરધનદાસ ચુનીલાલ શાહ	૫૧
,, ઓચ્છવલાલ મોહનલાલ પરીખ	૫૧
,, ગોરધનદાસ બળદેવદાસ પરીખ	૫૧
,, માણેકલાલ છગનલાલ સુરચંદ	૫૧
,, ગોરધનદાસ જમનાદાસ શાહ	૫૧
,, ગોકળદાસ ચુનીલાલ સરૈયા	૫૧
,, હરિલાલ દામોદરદાસ ગાંધી	૩૧
,, રણછોડલાલ ચુનીલાલ વકીલ	૨૫
,, છોટાલાલ દ્વારકાંદાસ પરીખ	૨૫
,, શાન્તિલાલ મણિલાલ પરીખ	૨૫
,, માણેકલાલ ચુનીલાલ શાહ	૨૫
,, ડૉ. રમણલાલ સોમચંદ શાહ	૨૫
,, મણિલાલ જમનાદાસ શાહ	૨૫
,, ગોકળદાસ હરિવલ્લભદાસ ડાલીવાલા	૨૧
,, કુબેરદાસ ત્રીભોવનદાસ વડોદવાળા	૨૧
બાઇ સોમ દેસાઇ વલ્લભદાસ બાબરભાઇનાં વિધવા	૫
	૩૩૪૮

મહેમદાવાદ

શ્રી જમનાદાસ લલ્લુભાઇ દેસાઇ	૧૦૧
,, માણેકલાલ મથુરદાસ દેસાઇ	૧૧
,, મોહનલાલ રૂઘનાથદાસ	૧૧
,, ચિમનલાલ ચુનીલાલ કોઠારી	૫
,, ઓચ્છવલાલ સાંકળચંદ	૨
,, મણિલાલ પ્રાણજીવનદાસ	૨
,, જેઠાલાલ કસનદાસ કોઠારી	૨
,, મૂળજીભાઈ કસનદાસ કોઠારી	૨
,, વિઠ્ઠલદાસ અમૃતલાલ કોઠારી	૨
,, માણેકલાલ ભોગીલાલ કોઠારી	૨
,, જયન્તીલાલ ભાઇલાલ દેસાઇ	૧
,, ભાઈલાલ છોટાલાલ દેસાઇ	૧
,, સુંદરલાલ મગનલાલ શેઠ	૧
	૧૪૩

વડોદરા

શ્રી જયન્તીલાલ હ. તલાટી	૫૧
,, જેકીશનદાસ મોહનલાલ પરીખ	૫૧
,, કસોટી કાર્યાલય	૫
	૧૦૭

સુરત

શ્રી મોહનલાલ નગીનદાસ મશરૂવાળા	૧૫૧
,, ઠાકોરદાસ મોતીરામ કાઝી	૧૫૧
,, એક ગૃહસ્થ તરફથી	૫૦
	૩૫૨

ઘોડાસર

શ્રી ઘોડાસર વિશા ખડાયતા દોઢસોના એકડાના પંચ સમસ્ત તરફથી	૫૧
,, ભોગીલાલ ચુનીલાલ શાહ	૫૦
	૧૦૧

દેવગઢબારીઆ

શ્રી મણિલાલ વ્રિજલાલ શેઠ	૧૧
,, રમણિકલાલ સણુરદાસ શાહ	૧૧
	૨૨

બીજાં ગામો

શેઠશ્રી પુરુષોત્તમદાસ ગોકુલદાસ મદ્રાસ.	૧૦૦૦
શ્રી મનુભાઇ મોતીલાલ પારેખ ભાવનગર પરા.	૧૫૦
,, મોહનલાલ જમનાદાસ સાંકળચંદ ધનસુરા.	૧૦૧
,, ઠાકોરલાલ નારણદાસ દરબાર બીલપુર.	૧૦૧
,, રતીલાલ મોહનલાલ પરીખ વાંસદા.	૧૦૧
,, વિરચંદભાઇ અમીચંદભાઇ શેઠ ચોક	૧૦૧
,, કાનજીભાઇ ગોવિંદજી શાહ કલકત્તા.	૫૧
,, મનસુખલાલ વીરચંદ શેઠ બનારસ.	૫૦
,, નાનાલાલ જે. દેસાઇ ઈંદોર.	૨૫
,, મોહનલાલ આર. શાહ કરાંચી.	૨૫
શ્રી ચંદુલાલ ઝવેરદાસ શાહ ઠાસરા.	૨૫
,, રમણલાલ મંગલદાસ શાહ ભોપાલ.	૨૫
,, સી. એમ. શાહ, બેંગ્લોર.	૫
,, ગીરધરલાલ જમનાદાસ શાહ, ઠાસરા.	૫
,, જમનાદાસ નંદલાલ મહેતા કુદંવાડી.	૨
,, રમણલાલ જમનાદાસ શાહ સાગર.	૨
	૧૭૬૯

ઉમરેઠ

શ્રી પુંજાલાલ મનસુખભાઈ શાહ	૨૧
,, પુનમચંદ ગોરધનદાસ દોશી	૧૧
,, જીવણલાલ ગોરધનદાસ તલાટી	૧૧
,, ગીરધરલાલ લક્ષ્મીદાસ પટેલ	૧૧
,, અમૃતલાલ મોહનલાલ પરીખ	૧૧
,, મોહનલાલ ચિમનલાલ શાહ	૧૧
,, કેશવલાલ રણછોડદાસ પટેલ	૭
,, રમણલાલ રણછોડદાસ પટેલ	૫
,, ચુનીલાલ રસીકલાલ પરીખ	૫
,, મોતીલાલ મનસુખભાઈ પટેલ	૫
,, નાથજીભાઈ ઝવેરદાસ તલાટી	૫
,, હરિલાલ નાથજીભાઈ પટેલ	૫
,, પુરુષોત્તમ મોહોલ્લાલ ગાંધી	૫
,, જમનાદાસ ગોરધનદાસ સુતરીયા	૫
,, વકીલ મોહનલાલ સી. શાહ	૫
,, જેઠાલાલ ગીરધરલાલ પરીખ	૫
,, પુરુષોત્તમદાસ પ્રેમચંદ શેઠ	૫
,, ચુનીલાલ ગોકળદાસ પટેલ	૫
,, છગનલાલ મથુરદાસ શાહ	૫
,, છોટાલાલ નાનાલાલ શાહ	૫
,, રણછોડલાલ અમૃતલાલ દેસાઇ	૫
,, ભોગીલાલ મથુરાંદાસ શાહ	૫
,, છોટાલાલ ગીરધરલાલ શાહ	૫
,, મોહનલાલ મગનલાલ શાહ	૫
,, છોટાલાલ આશારામ શાહ	૫
,, સોમાલાલ નાથાભાંઇ ચોકસી	૫
,, પુરુષોત્તમદાસ ગોપાળદાસ શાહ	૫
,, ચંદુલાલ હરગોવનદાસ ચોકસી	૫

,,	ત્રીભોવનદાસ નરોત્તમદાસ શાહ	૫
,,	જેઠાલાલ મોહોલ્લાલ સુતરીયા	૫
,,	ગોરધનદાસ મોતીચંદ શાહ	૫
,,	સેક્રેટરી, વિશા ખડાયતા વણિકમંડળ	૫
,,	દેસાઇ મોહનલાલ મોતીલાલની કુ.	૫
,,	મણીલાલ મુળજીભાઇ પરીખ	૫
,,	મણિલાલ આશારામ શાહ	૩
,,	ચુનીલાલ ભાઇજીભાઇ શાહ	૩
,,	ધીરજલાલ શંકરલાલ	૩
,,	શાહ ચંદુલાલ એન્ડ અંબાલાલ	૩
,,	સોમાલાલ ગોરધનદાસ તલાટી	૩
,,	કેશવલાલ મોહનલાલ શાહ	૨
,,	પુંજાલાલ માણેકલાલ શાહ	૨
,,	કાન્તિલાલ નાથાલાલ તલાટી	૨
,,	હરગોવનદાસ પીતામ્બરદાસ તલાટી	૨
,,	મણિલાલ એન્ડ છોટાલાલની પેઢી	૨
,,	ગટુલાલ જેઠાલાલ	૧
,,	ચિમનલાલ જગજીવનદાસ	૧
		૨૪૫

રાજપીપળા

મર્હુમ	છગનલાલ હરિવલ્લભદાસ બક્ષી	૫૦૦
ડૉ.	રતનલાલ મગનલાલ ગાંધી	૫૧
શ્રી.	માણેકલાલ રણછોડદાસ પરીખ	૨૧
,,	મગનલાલ જેકીશનદાસ મહેતા	૧૫
,,	શિવલાલ હરિવલ્લભદાસ મહેતા	૧૫
,,	ધીરજલાલ ચુનીલાલ કોઠારી	૧૧
,,	છોટાલાલ પીતામ્બરદાસ બક્ષી	૭
,,	ડૉ. નટવરલાલ જેકીશનદાસ મહેતા	૭
,,	છીતુભાઈ મગનલાલ મહેતા	૫
,,	કાન્તિલાલ ચિમનલાલ પરીખ	૫
,,	સુંદરલાલ પુરુષોત્તમદાસ બક્ષી	૫
		૬૪૨

કરમાતી વેલના સિંચક

" વિવેક ખાતર નહિ પણ હૃદયથી જણાવું છું કે મારા જીવનમાં કુદરતે અણદીઠ ભાગ ભજવેલ છે. મારા જેવા ધૂની અંગર દુનિયાદારીની દૃષ્ટિએ પાગલ માણસને વેપારમાં જે સફળતા મળેલ છે, તે પરમાત્મા તરફથી મારા ગત જન્મની અધૂરી વાસનાઓ પૂર્ણ કરવાની યોજના છે, એમ હું માનું છું."

ખાનગી પત્ર
તા. ૧૨–૭–૪૧.

રતિલાલ ના. ગામી

ચરિત્રનાયકના જ શબ્દોમાં કહીએ તો 'આપણી-ખડાયતા બહેનોની-હું જે દુઃખદ અને દયાજનક દશા અનુભવી રહ્યો છું, તે સંજોગોમાં તો સ્ત્રી કેળવણી માટે એક લાખ તો શું, પણ લાખો રૂપીઆનાં ભંડોળ ભેગાં કરવાં જોઇએ; અને જ્ઞાતિમાં એવી સ્થિતિ લાવવી જોઇએ કે એક પણ કન્યા નિરક્ષર રહે નહિ. જ્યાં સુધી આપણે આ સ્થિતિએ ન પહોંચીએ ત્યાં સુધી સંસાર સુધારણા અને જીવનની ઉન્નતિના પ્રયાસોનું પરિણામ નજીવું જ ગણાય. ઘર-સંસાર અને જીવનવ્યવહારની ખરી ચાવી પુરુષ નથી, પણ સ્ત્રી છે. × × × આજની કન્યા તે આવતી કાલની પત્ની અને માતા છે. જો તે કેળવાએલી હોય તો ઘર-સંસાર સુઘડ અને શાન્તિમય, નિર્દોષ અને કરકસરભર્યો તથા સંસારશોભનકળાથી અલંકૃત અને ધણીના અંતર્ગત કાર્યોમાં હૂંફાળો અને સહાયભૂત નીવડે. × × × તેમને નિરક્ષર રાખવામાં જ્ઞાતિની પ્રગતિ નથી, પણ વિનાશ છેઃ તેમને અભણ રાખવામાં જ્ઞાતિનું હિત નથી પણ હાનિ છે. સમસ્ત જ્ઞાતિ વેળાસર સમજી લે કે કન્યાઓની કેળવણીમાં જ જીવનની જ્વલન્ત ખીલવણી છે; અને તેમાં જ મોક્ષની સાચી ચાવી છે. × × × × × × ભણેલો વર અને અભણ કન્યા — આ પ્રકારનાં કજોડાંથી આપણો સંસાર કેટલો કલુષિત છે, તે આપણાથી કયાં અજાણ્યું છે? × × × આપણે સંસાર સુધારા માટે પુષ્કળ ઉહાપોહ કરીએ છીએ, ઘણું ઘણું લખીએ છીએ અને નર્યું બોલીએ છીએ, એ ખરૂં; પણ મનુભગવાનના ઉપદેશ પ્રમાણે ગૃહિણીને—'કાર્યેષુ મંત્રી' અને 'ભોજ્યેષુ માતા'—તેના સાચા અર્થમાં બનાવવી હોય તો કન્યા કેળવણી સિવાય બીજું એક પણ સર્વોત્કૃષ્ટ સાધન નથી. તે જ સાથે સ્વ૦ ગોવર્ધનરામભાઇના સિદ્ધાન્તે એ પણ ચોક્કસ જ છે કે સ્ત્રીઓની ઉન્નતિ સિવાય દેશની ઉન્નતિ નથી.'

વર્ષો થયાં જ્ઞાતિ સમાજથી વિખૂટા પડેલા, અને જીવનભર ગુજરાતથી ઘણે દૂર વસતા છતાં, જેમના હૃદયમાં કન્યા કેળવણીનો નાદ સદા ગુંજી રહ્યો હતો, અને જેમણે જ્ઞાતિના દાનવીરોને એક લાખ રૂપીઆની યોજના ઉપાડી લેવાની વિનંતિ કરતાં, પોતાનો સંગીન ફાળો કેળવણી મંડળના ચરણે ધરી, એ 'કરમાતી વેલ'નું પોતાની લક્ષ્મીરૂપી ગંગાથી પ્રથમ સિંચન કર્યું છે, એવા આપણા જ્ઞાતિ રત્ન રતિલાલભાઇનો જન્મ નડીઆદના કેળવાએલા અને સંસ્કારી ગામી કુટુમ્બમાં વિક્રમ સંવત ૧૯૪૨ના જેઠ સુદ ૧૧, તા૦ ૧૨ મી જુન, ૧૮૮૬ ને શનિવારના રોજ સ્વાતિ નક્ષત્રમાં થયો હતો.

સંસ્કૃતિનો વારસો

" આપણી જ્ઞાતિનો મોટો સમુદાય ગામડાંમાં વસે છે. શહેરોમાં રહેનારાઓનાં કૌટુમ્બિક જીવન પણ પહેલાં જેવાં નથી રહ્યાં. આથી બાળકોમાં નાનપણથી સેવા અને સાહિત્ય સાથે ધાર્મિક સંસ્કાર પડે તે માટે, મારા માનવા પ્રમાણે ગુરુકુળોમાં અપાતી કેળવણીમાંથી આપણી જ્ઞાતિમાં બાળકોને ઉપયોગી થાય તેવો અભ્યાસક્રમ ગોઠવવામાં આવે તો લાભદાયી નીવડે. × × × આ વિદ્યાલયમાં પાંચથી સોળ વર્ષનાં અવિવાહિત જ્ઞાતિ બાળકોને દાખલ કરવાં."

ગ્રામ્ય જીવન અંક
ખડાયતા મિત્ર
સં. ૧૯૯૩.

રતિલાલ ના. ગામી

ઇસ્વીસન ૧૮૫૭નો બળવો શાન્ત પાડી, દેશમાં અંગ્રેજી રાજ્યનું સ્થાપન કરવા રાજ્યવહીવટ કાયદાકાનૂન અનુસાર ચલાવવામાં આવશે, એવાં અભય વચનોથી ભરેલો અને સુન્દર શૈલિમાં ઘડેલો એક ઢંઢેરો મહારાણી વિક્ટોરીઆના નામે બહાર પાડવામાં આવ્યો. દેશી રાજ્યો સાથે કોલ-કરારો થયા અને પ્રજાજનોમાં અરાજકતા અને ગભરાટનું વાતાવરણ લગભગ લોપ થયું. આ પ્રકારે સમાજમાં શાન્તિ અને વ્યવસ્થા સ્થપાઈ અને કેળવણીના ઉદયકાળનાં કિરણો ફૂટવા લાગ્યાં. લગભગ એ અરસામાં સ્વ૦ રતિલાલના દાદા-સ્વ૦ કાલીદાસભાઈ કાઠીઆવાડ એજન્સીના કેન્દ્ર-સ્થાન-રાજકોટમાં વકીલાત કરતા હતા. કાલીદાસ ગામીને બે પુત્રો હતા; નારણદાસ અને મોહનલાલ. બન્ને પિતાજી પાસે રાજકોટમાં જ ઉછર્યા અને કેળવણી પામ્યા. નારણદાસે-રાજકોટની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન સંપાદન કર્યું, અને પહેલા જ પ્રયત્ને સારા માર્ક મેળવી મેટ્રિકની પરીક્ષા પસાર કરી. તેમના સહાધ્યાયી-ઓમાં-[1]મોહનદાસ ગાંધી, [2]લલ્લુભાઈ આશારામ શાહ અને [3]દલપતરામ ભગવાનજી શુકલ વગેરે હતા. કૉલેજમાં એક તેજસ્વી બુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે નારણદાસે યુનિ-વર્સિટીની બધી પરીક્ષાઓ ઊંચા નંબરે પસાર કરી બી. એ., એલ એલ. બી.ની ડીગ્રી લઈ, પ્રથમ રાજકોટમાં વકીલાતના ધંધાની શરૂઆત કરી. ત્યાં થોડોક અનુભવ મેળવી તેઓ વકીલાત કરવા બોરસદ ગયા. પરન્તુ વકીલાતમાં મને કે કમને અખત્યાર કરવી પડતી રીતિ-નીતિ-એ એકેગામી નારણદાસ ગામીને રુચિકર થઇ નહિ. તેથી ઇસ્વીસન ૧૮૯૪માં પાલીતાણા રાજ્યની સેવા સ્વીકારી તેઓ ત્યાંના સર ન્યાયાધીશ થયા. દેશી રજવાડાના અટપટીઆ વાતાવરણમાં એમને નવા ચીલા પાડવાના હતા.

---

૧ પૂજ્ય મહાત્મા ગાંધીજી. ૨ ન્યાયમૂર્તિ સ્વ. સર લલ્લુભાઈ આશારામ શાહ. ૩ પશ્ચિમ હિન્દ સ્ટેટ એજન્સીના સુવિખ્યાત અને અગ્રણી બેરીસ્ટર શુક્લ સાહેબ.

તેમાં પોતાની ઊંચી કેળવણી અને ઉત્તમ સંસ્કારોએ સફળતા મેળવી. શાન્ત અને ગંભીર, પ્રામાણિક અને સેવાનિષ્ઠ, ધર્મપરાયણ અને ન્યાયી નારણદાસભાઇએ અનેક મુસ્કેલીઓમાંથી પસાર થઇ એક સત્યનિષ્ઠ રાજસેવક તરીકે પ્રતિભા પાડી. તેમજ રાજરમતોના અટપટા વાતાવરણમાં જળકમળવત્ અલિપ્ત રહી એ રાજપુરુષે રાજ્ય અને રાજવીઓ તથા તેમનાં શિરે બીરાજતા એજન્સી અમલદારોમાં અજબ ભાત પાડી હતી. પાલીતાણા રાજ્યનાં અનેક ખાતાંઓના ઉપરી અધિકારી તરીકે, દરેકમાં પોતાની કાર્યદક્ષતાના અંકૂરો પૂરી, એ બધાંને ઝળકતાં કર્યાં; તેમાં પણ વિશેષે કરી કેળવણી ખાતાની લગામ હાથમાં લેઈ પ્રાથમિક અને માધ્યમિક કેળવણીનો પાયો નાંખી રાજ્યમાં તેનો બહોળો ફેલાવો કરવાનું બહુમાન તેમને જ ઘટે છે. તેઓશ્રીએ એકધારાં પાંત્રીસ વર્ષ સુધી સેવા નિષ્ઠાથી કરેલાં—કલ્યાણકારી કાર્યોથી **नृपति जनपदानां दुर्लभो कार्यकर्ता** એ ઉક્ત પ્રમાણે રાજા–પ્રજા–ઉભય–ની અનન્ય પ્રીતિ સંપાદન કરી હતી. નામદાર મર્હૂમ મહારાજા સાહેબ માનસિંહજીનો એમણે એટલો વિશ્વાસ સંપાદન કર્યો હતો કે તે નામદાર સને ૧૯૦૦માં તીર્થયાત્રાએ પધાર્યા ત્યારે પાલીતાણા રાજ્યનો કુલ અધિકાર નારણદાસભાઇને સુપ્રત કરી ગયા હતા. હાલના ગાદીનશીન નામદાર મહારાજા સગીર હતા, તે દરમિયાન સોળ વર્ષ બ્રિટિશ એડમીનીસ્ટ્રેશન રહ્યું, તે અરસામાં રાજ્યના એક જવાબદાર પ્રતિનિધિ અને રાજસેવક તરીકે પોતાના ઉત્તમ ગુણોથી એજન્સીના અમલદારો ઉપર જે છાપ પાડી હતી તેના પ્રમાણપત્ર રૂપે તેઓશ્રીને 'રાવસાહેબ'નો ઇલ્કાબ એનાયત કરવામાં આવ્યો હતો. સ્વ૦ નારણદાસભાઇની પરોપકારવૃત્તિથી પ્રેરાઈને મોરબીના નામદાર મહારાજા સાહેબે તેમને 'શ્રીનંદકુંવરબા અનાથાશ્રમ'ના ટ્રસ્ટી નીમ્યા હતા. એ આશ્રમની તેઓશ્રીએ જીવનપર્યન્ત ઉત્તમ સેવા બજાવી હતી. આ ઉપરાંત પાલીતાણા અને મહુવા મહાજનોની તકરારોનું સંતોષકારક સમાધાન, એ પણ રાવસાહેબ ગામીની બુદ્ધિની ઝીણવટનું જ પરિણામ હતું. રાજ્યના ખેડુતોના ભોગવટાના હક્ક નક્કી કરવા 'ખોરડા હક્ક સમિતિ'નું સુકાન તેમને સોંપવામાં રાજ્યે તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકયો; અને એ સમિતિના અધ્યક્ષ તરીકે નિરપક્ષ ન્યાય તોળી જે નિર્ણય આપ્યો તેથી રાજ્યની ન્યાયપરાયણ નીતિના ડંકા વાગ્યા અને રાવળી જમીનવાળાને કાયમના માલીકી હક્ક મળ્યા. પાલીતાણા રાજ્યના સર ન્યાયાધીશના પદથી માંડીને જુદાં જુદાં ખાતાના હોદ્દા અને અધિકાર ભોગવતા છેક દીવાનપદે પહોંચ્યા ત્યાં સુધીમાં જ્યારે પણ ભીડ પડી ત્યારે સ્વ૦ નારણદાસ ભાઇએ લોકોપયોગી અને રાહતનાં કાર્યો હાથ ધરી સમાજસેવા બજાવવામાં પાછી પાની કરી નહોતી.

રાજા પ્રજાની સેવાઓ કરવા સાથે તેઓશ્રી જ્ઞાતિ સેવા બજાવવાનું કદિ ચૂકયા નથી. વિક્રમ સંવત ૧૯૮૦ ના વૈશાખ વદ ૧૩ ના રોજ ભરાએલી પાંચમી ખડાયતા

પરિષદ્‌નું પ્રમુખપદ તેઓશ્રીએ સ્વીકાર્યું હતું. એ પદેથી પોતાની ધરઅથ્થુ ભાષામાં તેઓશ્રીએ જણાવેલું કે: 'આપણી પરિષદોમાં વ્યવહારૂ ઠરાવો પસાર કરી આપણા જ્ઞાતિભાઈઓની શારીરિક, ધાર્મિક, આર્થિક અને સમાજીક ઉન્નતિ સાધવી જોઈએ. જ્ઞાતિ સમૂહ પાસે પોતાની વિશાળ ભાવના રજુ કરતા તેઓશ્રીના ભાષણનું એક મહા વાકય કેળવણી મંડળ અને તેના કાર્યવાહકો માટે ચિરસ્મરણીય છે. તેઓશ્રીની એ યાદગાર વાણી આ છેઃ 'આપણી જ્ઞાતિનું ભવિષ્ય ઝળકતું જોવું હોય તો ખડાયતા જ્ઞાતિના હરેક વિદ્યાર્થી કે વિદ્યાર્થિની માટે પ્રાથમિક અને માધ્યમિક કેળવણીની જોગવાઈ આપણે કરવી જોઈએ; સાધનના અભાવે કોઇ અભણ ન જ રહેવું જોઈએ.'

રાવસાહેબ નારણદાસમાં જેવી સમાજીક સેવાવૃત્તિ ખીલી હતી, તેવીજ તીવ્ર ધર્મભાવના તેમના હૃદયમાં વડીલોના વારસારૂપે સ્થિર અને સ્થાયી રહી હતી. દેશી રાજ્યના મોટી જવાબદારીવાળા અધિકાર ઉપર હોવા છતાં સંત સાધુઓના સમાગમની એક પણ તક તેમણે જતી કરી નહોતી. ધાર્મિક કથા–વાર્તા અને સત્સંગ એ એમના જીવનનો વ્યાસંગ હતો અને પૂજ્યપાદ શ્રીમાન્ નથ્થુરામ શર્માના તેઓ પરમભક્ત હતા.

સ્વ૦ રતિલાલના પિતા જેમ સુજ્ઞ અને સંસ્કારી હતા; તેમ તેમનાં માતા અ૦ સૌ૦ સુરજબા આદર્શ માતા હતાં. તે જમાનાના રિવાજને અનુસરી તેમનાં લગ્ન નવ વર્ષની ઉંમરે થયાં હતાં અને પરણ્યા પછી છ વર્ષે શ્વસુર ગૃહે પ્રવેશ કરી એમણે એમનાં બાળ લગ્નને દીપાવ્યાં હતાં. સ્વ. કાળીદાસભાઈ રાજકોટમાં વકીલાત કરતા એટલે મહેમાનો અને સ્નેહી–સંબંધીઓનો અવર–જવર ભારે હતો. એ બધાનું આતિથ્ય કરવામાં સ્વ. સુરજબા સદૈવ ખડે પગે તૈયાર રહેતાં. રસોઈ પણ જાતે જ કરે. અને 'ભોજયેષુ માતા' નું સૂત્ર સિદ્ધ કરી સંતોષ માને અને આપે. એમને અક્ષરજ્ઞાન મળ્યું નહોતું; એવાં અભણ છતાં કર્તવ્ય પરાયણ અને કાર્યદક્ષતાથી નાનપણમાં રાજકોટમાં વકીલનો અને મોટી ઉંમરે પાલીતાણાના દીવાનનો ધરસંસાર કુશળતાથી દીપાવ્યો હતો. એટલુંજ નહિ પણ પોતાના બહોળા પરિવાર ઉપર ઉદાર અને વિશાળ દિલ તથા સહિષ્ણુતાની ઊંડીછાપ પાડી હતી. વ્યવસ્થા અને સાદાઈ એ એમના જીવન વ્યવહારનો મહા મંત્ર હતો. અભણ છતાં શ્રવણ અને મનનથી ધાર્મિક ભાવના કેળવી નીતિ, ભક્તિ અને સદાચાર પોતાના જીવનમાં ઊતારી એમણે એ સંસ્કાર પોતાનાં સંતાનોને વારસારૂપે આપ્યા હતા.

આવાં ધર્મશીલ અને સંસ્કારી માતપિતાનો સંસ્કૃતિનો વારસો સ્વ. રતિલાલને ગળગૂથીથી સાંપડયો હતો. એવા ખેડાએલા ક્ષેત્રમાં તેઓ પોતે વધુ કેમ ખીલ્યા તેનું અવલોકન કરવા હવે આગળ વધીએ.

" જ્ઞાતિમાં અનહદ ગરીબાઈ છે, જેને લઈ દ્વેષ પણ અધીક છે. × × × × × × કર્તવ્ય સમજી આપણે તો બને તેટલી સેવા કરવી ને ફળ પરમાત્માને સોંપવું, જેથી બેકદરતા અગર દ્વેષની શરીર ઉપર અસર ન થાય."

ખાનગીપત્ર
તા. ૧૩-૭-૩૫

રતિલાલ ના. ગામી

યુગપરિવર્તન

"હાલની બેકારી તેમજ મધ્યમ વર્ગને સમાજનાં વહેવારિક કાર્યો એટલાં બધાં ભારરૂપ છે કે વસ્તારી કુટુંબનો મોટો ભાગ, વારસામાં, પુત્રોને માથે કરજ મૂકતા જાય છે."

× × × × × × × × ×

"આપણી જ્ઞાતિનો મોટો ભાગ કન્યા લેવા માટે પોતાની સ્થિતિ હોય તેના કરતાં વધારા પડતી સારી હોવાનું જણાવી ખોટા ખરચોમાં તણાઈ મરે છે."

ખાનગીપત્ર
તા. ૬-૮-૩૯

રતિલાલ ના. ગામી

ભાઈ રતિલાલે અ૦ સૌ૦ સુરજબાને પેટ જન્મધરી નારણદાસ ગામીના કુટુંબની વંશવૃદ્ધિમાં પૂનિત પગલે પહેલ કરી. તેમના જીવન સંચારથી ગુજરાતની સાક્ષરભૂમિ–નડીઆદમાં એક પુરુષ દેહની વૃદ્ધિ થઈ. એમનો જન્મ સમય એટલે હિન્દના નવજીવનના ઉદ્‌ભવ અને વિકાસનો ત્રીજો દશકો. કંપની સરકાર પાસેથી હિન્દનો રાજવહીવટ તાજ હસ્તક લેવાયો, અને એ નવયુગ બેસતાં આપણા દેશ ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિ અને આચાર વિચારની ધીમી પણ પ્રબળ અસર થવા માંડી. લોર્ડ મેકોલેએ અંગ્રેજી કેળવણીનાં બીજ નાંખતાં ગર્વપૂર્વક જે ભવિષ્ય વાણી ભાખી હતી, તે સાચી નીવડી. અંગ્રેજી કેળવણીનો પ્રચાર ઠીકઠીક પ્રમાણમાં ફેલાયો. અને તેની જ સાથે પાશ્ચાત્ય વિચાર, સાહિત્ય અને સંસ્કૃતિની સમાજ ઉપર છાયા પડી. જેના ફળરૂપે આપણા સમાજ જીવનમાં નવજીવનનો સંચાર થયો.

જુના અને નવા વિચારના સંઘર્ષણની એ પચીશી હતી. મુંબઈના શાહ વહેપારી શેઠ માધવદાસ રૂઘનાથદાસનાં ધનકોરબાઈ સાથેનાં પુનર્લગ્નથી મુંબઈના હિન્દુ સમાજમાં અને નડીઆદના સ્વ. લલ્લુભાઈ મથુરાદાસનાં બાઈ જીવકોર સાથેનાં પુનર્લગ્નથી ખડાયતા કોમમાં ખળભળાટ મચી રહ્યો. કન્યા કેળવણીના હીમાયતીઓ પોતાની બહેન દીકરીઓને નાત–જાતની ખફગી વહોરીને શાળામાં મોકલી સંસાર સુધારાના વેગને ઉત્તેજન આપવા લાગ્યા. તે સમયમાં બાળલગ્નની રૂઢિ એટલા રૂઢ રૂપમાં પ્રચલિત હતી કે બ્રાહ્મણ–વાણીઆ જેવી ઊંચી નાતોમાં નવ વર્ષે કન્યાદાન દેઈ, તેનું ઉત્તમ ફળ લેવાનું ભાગ્યેજ કોઈ ચૂકતા. * કન્યાને અગીયાર વર્ષની કરવી

---

* આપણા ચરિત્ર નાયકના દાદાશ્રી સ્વ. કાલીદાસ ગામી વકીલ હતા તથા કેળવાએલા અને સંસ્કારી ગણાતા છતાં આજ રુઢિના બંધનમાં રહીને પોતાના વડીલ પુત્ર નારણદાસને નવ વર્ષે પરણાવવાનો લ્હાવો લીધો હતો. આ પ્રથામાં ભાઈ રતીલાલની કુમાર અવસ્થા સુધીમાં ખાસ કાંઈ સુધારો થવા પામ્યો નહતો.

એ તો આડો આંક વળ્યો ગણાતો. જ્યારે કડવા કણબી પાટીદારોની કુલદેવી બાર વર્ષમાં એકજ વાર લગ્નનું મુહૂર્ત આપતી, અને એ શુભ લગ્ને છેક વાસાનાં છોકરાં વરકન્યા બની લગ્ન ગ્રન્થીથી જોડાઈ જતાં. પૂર્વના અંધાધૂંધી ભર્યા રાજ અમલથી સમાજ રચના એટલી છિન્નભિન્ન થઈ ગઈ હતી કે સુધારાના સાથીઓને બાળલગ્ન જેવા દુષ્ટ રિવાજો ઉપરાંત ભૂત પ્રેતાદિ વહેમો અને જાદુગરોના છૂમંતરો સામે ખૂબ ઝઝુમવું પડયું હતું. સંસાર સુધારાના એ પ્રબળ પ્રવાહની પુષ્ટિમાં ગુજરાતના બે મહાન કવિઓની સેવાઓ ખાસ તરી આવે છે. તેઓ પૈકી કવિ દલપતે 'ધીમે ધીમે સુધારાનો સાર' એ કાવ્યોક્તિ પ્રમાણે સમાજના સુધારાના ક્ષેત્રમાં ઊંડા અને સ્થાયી મૂળ નાખ્યાં: અને કવિ નર્મદના 'જય જય ગરવી ગુજરાત' ના કાવ્યે માતૃભૂમિ પ્રત્યે ગૌરવનું ભાન કરાવી, 'સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે' ના નાદથી સ્વદેશ પ્રત્યે પ્રેમભક્તિ અને શાર્યનો રસ પાયો.

ભાઈ રતિલાલભાઈની જન્મભૂમિ, ગુજરાતની લીલીવાડી સમા—ચરોત્તર પ્રદેશ અને તેમાંય ખાસ કરી નરરત્નોની નગરી—નડીઆદ તરફ સહજ નજર કરીએ. નડીઆદમાં અંગ્રેજી ભણતર દાખલ કરવા એક શાળા તા. ૨૫ મી મે, ૧૮૫૬ના રોજ ઉઘાડવામાં આવી; તે પછી બીજે વર્ષે મુંબઈ યુનિવર્સિટી સ્થાપન થઈ. અને અંગ્રેજી ભાષાના બહોળા ફેલાવા માટે ઉત્તેજન મળ્યું. સમાજ તે તરફ આકર્ષાયો, અને તે સાથે અંગ્રેજી વિચાર અને સાહિત્યના સંસ્કાર પામેલો શિક્ષિત વર્ગ દેશ અને સમાજની જે જે પ્રણાલિકામાં પડયો, ત્યાં તે દીપી આવ્યો. તેમાં નટપુરના હરિલાલ અને મનઃસુખરામ, ઝવેરીલાલ અને દોલતરામ, મણિલાલ અને ગોવર્ધનરામ, બાળાશંકર અને છગનલાલ સમા ધ્રુવ તારા ઉગ્યા અને અખંડ તેજ મૂકી ગયા. એજ કોટિના ખડાયતા કોમના ભૂષણ રૂપ લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ, હરિલાલ મનઃસુખરામ અને ચુનીલાલ તારાચંદ દલાલ જેવા પ્રતાપી પુરુષો પાકયા. તે પછીના ફાલરૂપે એજ પૂર્વ ભૂમિકા ઉપર શ્રી. ગોકલદાસ તલાટી, સ્વ. ડૉ. હરગોવિંદદાસ, રા. સા. લલ્લુભાઈ અને સ્વ. રા. સા. નારણદાસ ગામીએ પગલાં પાડયાં.

નડીઆદના સદ્‌ગૃહસ્થ સ્વ. સાંકળચંદ મગનલાલના પ્રયાસથી સને ૧૮૯૫માં 'નડીઆદ શુભેચ્છકસભા' સ્થાપવામાં આવી. કેળવણીના ઉત્તેજનાર્થે ખડાયતા સમાજમાં સ્થપાએલી આ પહેલીજ સંસ્થા હતી. આ સભાના મદદનીશ સંચાલકોમાં સ્વ૦ નારણદાસ ગામી અને શ્રી. ગોકળદાસ તલાટી મુખ્ય હતા. આ સભાએ આદરેલું શુભ કાર્ય ઉત્તરોઉત્તર વૃદ્ધિ પામ્યું. પરન્તુ સમસ્ત કોમને ઉચ્ચ કેળવણી માટે ઉત્તેજન આપનારી માઇસોર સ્ટેટ દામોદરદાસ ખડાયતા સ્કોલરશીપની યોજના સ્વ. રાજસભા ભૂષણ ચુનીલાલ તારાચંદ દલાલ, મરહૂમ સર ગોકળદાસ કહાનદાસ પારેખ, સ્વ. રા. બ. લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ, મરહૂમ રાજરત્ન હરગોવિંદદાસ કાંટાવાળા,

તથા સ્વ. હરિલાલ મનઃસુખરામ વગેરેના શુભ પ્રયાસથી સને ૧૯૦૪માં અમલમાં આવી. અને ગોલોકવાસી શેઠ દામોદરદાસની થાપણમાંથી સવાલાખની મૂડીનું વ્યાજ દર વર્ષે ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓને મળતું થયું. શરૂઆતમાં તો આ સ્કોલરશીપ લેનાર વિદ્યાર્થિઓ મળતા નહોતા. પરન્તુ થોડાં જ વર્ષો બાદ સમાજમાં આવેલી જાગૃતિ અને કેળવણી તરફ વધતી જતી અભિરુચિને પહોંચી વળવા આ સગવડો અધૂરી જણાઇ. આ ઉણપ ભાગવા જ્ઞાતિ હિતચિન્તક સ્વ. ત્રિકમલાલ રણછોડલાલ દેસાઈના દિલમાં પ્રેરણા થઈ, અને તેમણે ૧૯૦૭માં ખડાયતા પરિષદ્ ભરી કેળવણીના ઉત્તેજનાર્થે એક મધ્યસ્થ સંસ્થા સ્થાપવાનો સંકલ્પ કર્યો. પણ અમદાવાદમાં પ્લેગ આવવાથી એ વિચાર અમલમાં મૂકી શકાયો નહિ. તો પણ નિરૂત્સાહી ન થતાં તેમણે જુદીજુદી દિશામાં કામ કરવાનું ચાલુ રાખ્યું. મુંબઈમાં ૧૯૧૨ની સાલમાં 'શ્રી ખડાયતા સમાજ' નામે મંડળ ઉભું કર્યું. અને ૧૯૧૪ના નવેમ્બરમાં 'ખડાયતા મિત્ર' પ્રકટ કર્યું. તે દરમિયાન અમદાવાદમાં 'દશા ખડાયતા શુભેચ્છકસભા'નો ઉદ્ભવ થયો; અને તે મારફત કેળવણીના ફેલાવા માટે વિધવિધ પ્રબન્ધો યોજાયા. ૧૯૦૭ માં પરિષદ્ ભરવાની જન્મ પામેલી સ્ફુરણાઓ પાછી સજીવન થઇ; અને 'ખડાયતા મિત્ર' દ્વારા લોકમત કેળવવામાં આવ્યો. આ નિમંત્રણનું નડિયાદના સાહસિક સજ્જન સ્વ. રણછોડલાલ ગોળવાળાએ બીડું ઝડપ્યું અને ૧૯૧૬ ના જાન્યુઆરીની પહેલી તારીખે સ્વ૦ રાજસભા ભૂષણ ચુનીલાલ તારાચંદ દલાલના પ્રમુખપદે નડિયાદમાં પહેલી પરિષદ્ ભરાઈ. એ સંમેલનમાં ખડાયતા કેળવણી મંડળનો પાયો નંખાયો; અને એજ મંડળને નડીઆદના નાગરિક સ્વ. રતિલાલ ગામી મોટામાં મોટું દાન અર્પણ કરી પોતે નડીઆદની નામના અમર કરી ગયા.

જે શુભ સ્થળેથી ખડાયતા પરિષદ્‌ની પહેલ થઈ, તેજ નડીઆદ નગરે સાત પૈકી ચાર પરિષદો માટે પોતાના પુત્રોને અધ્યક્ષ સ્થાન માટે અર્પણ કરીને સમસ્ત ખડાયતા સમાજની અદ્વિતીય સેવા બજાવી છે. તે ઉપરાંત હાલ નડીઆદમાં વર્તમાન યુગને છાજે તેવી કોમની જુદીજુદી સંસ્થાઓ આવેલી છે. જેવી કે: સ્વ. છોટાલાલ ત્રિભુવનલાલ શાહે સ્થાપેલી હાઈસ્કૂલ, સ્વ. નારણદાસ ગામીની પ્રેરણાના ફલરૂપે શ્રી ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળા, દશા—વીસા ખડાયતા વ્યાયામ શાળાઓ, શ્રી. રતિલાલભાઇના દાનથી શરૂ થએલ શ્રી. શાન્ત્યાનંદ સરસ્વતી મહિલા વાચનાલય તથા સ્વર્ગસ્થ દેશભક્ત ફૂલચંદભાઈ શાહના સ્મરણમાં ચાલતું બાળ મંદિર.

"દેશની જ્ઞાતિરૂપી સાંકળ, ખરા હિતથી મન ઉપર લે તો ટૂંક સમયમાં હિન્દુસ્થાનમાંથી અજ્ઞાનતા દૂર કરાવી, દેશનેતાઓનો મોટો બોજો ઓછો કરી, સહકારવડે સમાન નાગરિક તરીકે સહાયક નીવડે."

ખડાયતા કેળવણી મંડળ
રૌપ્ય મહોત્સવ અંક
જાન્યુઆરી, ૧૯૪૧

રતિલાલ ના. ગાંધી

જીવન વિકાસ

" જ્ઞાતિ સેવા કરવાની જે ઉમદા તક મને મળી છે, તેનું માન સૌથી પ્રથમ મારા સ્વર્ગસ્થ પ્રાતઃસ્મરણીય તીર્થરૂપ પિતાશ્રીને ફાળે જાય છે. × × × ત્યાર બાદ જ્ઞાતિહિતનાં મારા કાર્યોમાં સંગીન ટેકો આપનાર મારાં સ્વ૦ ધર્મપત્નીનો ફાળો નાનો સૂનો નથી."

દિલ્હી : રતિલાલ ના. ગામી

ભાઈ રતિલાલ સ્વામીનો જન્મ નડીઆદમાં થયો હતો. પરન્તુ બાલ્યાવસ્થા મોટે ભાગે દાદાજી પાસે રાજકોટમાં અને પિતાજી પાસે પાલીતાણા અને બોરસદમાં વીતી હતી. રાજકોટમાં દાદાજીની દેખરેખ નીચે ગુજરાતી અભ્યાસ શરૂ કર્યો. ત્યારબાદ અંગ્રેજી શિક્ષણની શરૂઆત પણ તેમણે ત્યાંજ કરેલી. પાલીતાણાથી પિતાશ્રી વકીલાત કરવા બોરસદ આવ્યા. રતિલાલ પણ તેમની સાથે ત્યાં આવ્યા અને મીશન સ્કૂલમાં દાખલ થયા. ખ્રિસ્તી મીશનરીઓ પોતાની શાળા દ્વારા અંગ્રેજી શિક્ષણ આપવા સાથે ક્રિશ્ચિઅન ધર્મ ફેલાવવાનો પોતાનો પ્રધાનહેતુ સાધવાનું કદાપિ ચૂક્યા નથી. આ ધર્મગુરુઓના સહવાસથી ભાઈ રતિલાલ ઉપર ભાષાજ્ઞાન સંપાદન કરવાને બદલે ધાર્મિક ઉપદેશોનો પ્રભાવ વધુ પડયો અને રવિવારની પ્રાર્થનાઓ સાંભળી એમના કુમળા દિલમાં દયા અને દીનતાના અંકુરો સહસા ફૂટી નીકળ્યા. પરિણામે બાલ્યાવસ્થામાં એ ભાઈ વૈરાગ્યના તરંગોમાં તણાયા અને અભ્યાસ કાચો પડયો. આ વસ્તુસ્થિતિથી પિતાજી અજાણ નહોતા, તેથી તેમણે અભ્યાસની મંદતા ટાળવા સારૂ ઘેર શિક્ષકનો પ્રબન્ધ કર્યો. પરન્તુ નારણદાસભાઈનો આ પ્રયાસ ફળિભૂત થયો નહિ, કેમકે દાદાજીએ બાલ્યાવસ્થામાં જ રતિલાલ ઉપર ધાર્મિક સંસ્કાર પાડયા હતા. સ્વ૦ કાલીદાસ પૂજ્યપાદ નથ્થુરામ શર્માના શિષ્ય હતા; અને એ ગુરુના ઉપદેશથી પોતે યજ્ઞોપવિત ધારણ કરી, દિવસનો ઘણો સમય પાઠ–પૂજાદિમાં નિર્ગમન કરતા. ભાઈ રતિલાલના દિલમાં આ વાતાવરણથી ખેડાએલી ભૂમિકા ઉપર ખ્રિસ્તી પાદરીઓએ જે બીજ વાવ્યાં તેનું સ્વાભાવિક પરિણામ એ આવ્યું કે તેમને બાલ્યાવસ્થામાં જ સંતસાધુ થવાના કોડ જાગ્યા. એક દિવસ એકાએક ઊર્મિ આવતાં ઘેરથી નાસીછૂટી, પાઠ્યપુસ્તકો કૂવામાં પધરાવી, શિવાલયના આશ્રયે સિદ્ધિ માટે બેઠા.

ઘેરથી આમ અલોપ થએલા બાળકની શોધ શરૂ થઇ, અને પગેરૂં શોધતાં વાસદના તળાવની પાળે આવેલા શિવ મંદિરમાંથી એ બાળયોગી મળી આવ્યા.

પિતાશ્રી બોરસદથી પાછા પાલીતાણા જઈ રાજ્યની નોકરીમાં દાખલ થયા. તે સાથે રતિલાલને બોરસદ છોડવું પડ્યું, એટલે ત્યાંના મિત્રમંડળ અને જીસસ-ક્રાઇસ્ટની પ્રાર્થનાઓથી તેઓ વિમુખ થયા. ભાઈ રતિલાલને પાલીતાણા ન લઈ જતાં રાજકોટ મોકલી વિદ્યાભ્યાસ આગળ વધારવાની પેરવી કરવામાં આવી. દાદાજી પણ બાળકને દેશકાળને અનુકૂળ અંગ્રેજી કેળવણી આપવા ખૂબ ઉત્સુક હતા. પરન્તુ ભાઇ રતિલાલની જીવન સંસ્કૃતિ તેમને જુદી જ દિશામાં વહી જતી હતી. વડીલ પુત્રની એવી રીતભાત અને અભ્યાસ પ્રત્યેની બેદરકારીથી માતા-પિતા ત્યારે તો બહુ ઉદાસ રહેતાં, પરન્તુ પાછળથી ખીલી આવેલા સંસ્કૃતિભર્યા જીવનવિકાસથી-પુત્ર હજો તો રતિલાલ જેવો હજો-એવો જીવનયાત્રાના ઉત્તર સમયમાં આત્મસંતોષ અને શાન્તિ અનુભવતાં અને રતિભાઈને અંતરથી આશિષ દેતાં.

ભાઈ રતિલાલ અભ્યાસમાં લથડયા હતા છતાં, નિશાળેથી ઉઠાડી લેવા જેટલી હજુ એમની ઉમ્મર થઇ નહોતી તેથી રાજકોટ, પાલીતાણા અને બોરસદની શાળાઓ ઉપરાંત નડિયાદ હાઇસ્કૂલના શિક્ષણનો અખતરો અજમાવવા મેટ્રિક કલાસમાં તેમને ત્યાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં પણ તેમણે પોતાના અભ્યાસ કરતાં પોતાના સદ્વર્તન અને આચાર-વિચારથી વિદ્યાર્થિબન્ધુઓમાં જુદી જ ભાત પાડી. તેમના એક સહાધ્યાયી અને ઇષ્ટમિત્રની નોંધ વાંચતાં ખ્યાલ આવે છે કે: ભાઈ રતિલાલ કુમાર અવસ્થામાં સાદા અને સરળ, નમ્ર અને પ્રેમી તથા વિશાળ અને પવિત્ર હૃદયના હતા. વડીલોએ ઘરમાં દાખલ કરેલા શિષ્ટાચારને અનુસરી એ ઉંમરે ત્રિકાળ સંધ્યા કરતા. આમ સીધા-સાદા જીવનના પ્રતાપે અભ્યાસમાં મંદ છતાં શિક્ષકો અને મિત્રો-ઉભયના પ્રીતિપાત્ર થઇ પડયા હતા. એમના મિત્ર માને છે કે ભાઈ રતિલાલ મેટ્રિકની પરીક્ષા પસાર કરી, યુનિવર્સિટીની પદવીઓની જાળમાં ફસાયા હોત તો એમના જીવન વિકાસમાંથી મીઠા અમીરસનો લ્હાવો ખડાયતા સમાજને મળ્યો, તે મળત કે કેમ તે કહેવું મુશ્કેલ છે.

યુનિવર્સિટી સ્થપાયાને આજ ચારવીશી વીતી ગઇ છે, છતાં મેટ્રિકની પરીક્ષાને લૅાટરીની ટીકીટ માનનાર નપાસ થનાર વિદ્યાર્થિઓમાં મોટો વર્ગ હોય છે. તેમ અભ્યાસમાં મંદ, બેદરકાર અને તેર વર્ષની ઉમ્મરે સન્યસ્ત દીક્ષા લેવા પ્રેરાએલા ભાઈ રતિલાલે મેટ્રિકની પરીક્ષા આપી, પણ લૅાટરીની ટીકીટ લાગી નહિ ! આમ પોતાના વડીલ પુત્રને ઉચ્ચ કેળવણી આપી, પોતાની લાગવગથી સારા હોદ્દા ઉપર ચઢાવવાની વડીલોની અભિલાષા સફળ થઈ નહિ. પોતાના બાળકને

સારી પાયરીએ ચઢાવવાની નૈસર્ગિક ઇચ્છા હરકોઈ માત–પિતાને હોય છે તેમ અભ્યાસ મુકાવી દઇ ભાઈ રતિલાલને ધંધા રોજગારે ચઢાવી દેવા સ્વ૦ નારણલાલ ભાઇએ પ્રયાસ આદર્યો; અને તેમાં જ્ઞાતિહિતચિન્તક સ્વ૦ રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા સહાયભૂત થયા. રંગની જર્મન પેઢીના આડતીઆ અને મુંબઈના ધુરંધર વહેપારી મેસર્સ દાદાજી ધાકજીની કંપની તરફથી રંગનો વહેપાર ઉત્તર હિન્દુસ્થાનમાં જમાવવા શ્રી૦ રણછોડલાલભાઇએ બીડું ઝડપ્યું હતું. તેઓ અગાધ વ્યાપારી બુદ્ધિના, અદ્‌ભૂત્ત વ્યવસ્થા શક્તિવાળા અને સાહસિકવૃત્તિના હતા. તેમનામાં વ્યાપારી તરીકેની ઉત્તમ લાયકાત હોવા ઉપરાંત જ્ઞાતિની અભિવૃદ્ધિ માટેની અંતરની ઊંડી લાગણી હતી. મેસર્સ દાદાજી ધાકજીની કંપનીની રંગની શાખાઓ કરાંચી, મુલતાન, અમૃતસર, દિલ્હી, કાનપૂર, અજમેર અને જયપૂરમાં જમાવવાની હતી. આ શાખાઓમાં ખડાયતા જ્ઞાતિના નવજુવાનોને દાખલ કરવામાં એમના બે હેતુ હતાઃ એક તો જ્ઞાતિના સારાં કુટુમ્બોના યુવાનોને રોકવાથી નાણાં વિષે વિશ્વાસ અને ખાતરી રહે, અને બીજું કે દેશાવરના ખીલતા વહેપારમાં જ્ઞાતિભાઇઓને દાખલ કરી, ઉત્તેજન આપવું. આવા ભાવનાશીલ પુરુષને–પોતાના ગામના વતની અને ગામી કુટુમ્બના નબીરા ભાઈ રતિલાલ મળી આવતાં અધિકસ્ય અધિકં ફલં જેવું થયું. તેમણે તેમને દિલ્હીની ડૅપો ઉપર ગોઠવવા નક્કી કર્યું. અને ભાઇ રતિલાલ અઢાર વર્ષની ઉમ્મરે, વડીલોની આજ્ઞા શિરોમાન્ય કરી, સંવત ૧૯૬૦ના જેઠ સુદ ૧ના રોજ માસિક રૂપીઆ ત્રીસના પગારે દિલ્હીની દુકાનમાં દાખલ થયા. અને ત્યારથી એમના ભાગ્યોદયનાં કિરણો ફૂટયાં. સંવત ૧૯૬૦ એટલે ઇસ્વીની ૧૯૦૪ની સાલમાં સ્વર્ગસ્થ રણછોડલાલભાઇએ ઉપાડેલા જ્ઞાતિના નવજુવાનોમાં અમૃતસર ડૅપોમાં મૂકેલા એક ભાઈ અકાળે–અવસાન પામ્યા છે; જ્યારે મુલતાન બ્રાન્ચના મેનેજરના ભાગ્યમાં સ્વ૦ રતિલાલભાઈના જીવન પ્રસંગો લખવાનું સદ્‌ભાગ્ય સરજાયું છે.

ભાઈ રતિલાલની જીવનયાત્રા સફળ કરનાર તેમનાં સહધર્મચારિણી અ૦ સૌ૦ દિવાળીબહેનનો જન્મ સંવત ૧૯૪૮ના આસો વદ ૦))ના રોજ થયો હતો. તેમના પિતા શાહ છગનલાલ લલ્લુભાઈ નડિયાદના વતની હતા, પરન્તુ ધંધાર્થે આણંદ તાલુકાના સામરખા ગામે જઇ રહ્યા હતા. માતાનું નામ સુરજબા હતું. પિતાશ્રી નાના ગામને છાજે તેવી મધ્યમ સ્થિતિના પણ આબરૂદાર વહેપારી, અને ઓછું ભણતર છતાં બુદ્ધિશાળી હતા. માતા સુરજબા વ્યવહારકુશળ અને ભાવિક ભક્તજન હતાં. જેમ માતા–પિતાના ગુણો વારસે ઉતરે છે, તેમ એ સુશીલ ગ્રામકન્યા વડીલોના સદ્‌ગુણોથી બચપણમાંથી જ દીપી આવતી હતી. ભાઈ રતિલાલનો જન્મ અને ત્યારપછીનાં પંદર–વીસ વર્ષ સુધીમાં ખડાયતા જ્ઞાતિના જૂના રૂઢ રીતરિવાજોમાં

કોઇ મહત્વના સુધારા થયા નહોતા. વરકન્યા વચ્ચે ઉમ્મરનું અંતર ભાગ્યેજ જોવાતું. તેમ કન્યાને નવને બદલે અગીઆરમે વર્ષે જવલ્લેજ કોઇ પરણાવતું. આમ છતાં એ દૃષ્ટિએ ભાઇ રતિલાલ ભાગ્યશાળી હતા. એમના કરતાં એમનાં પત્ની છ વર્ષે નાનાં હતાં. તેમજ એમનાં લગ્ન છેક જૂના રિવાજને અનુસરી નહિ પણ સુધારાના ક્ષેત્રમાં એક પગલું આગળ વધી અઢાર વર્ષની ઉમ્મરે કરવામાં આવ્યાં હતાં. સૌ૦ દિવાળીબહેને બાર વર્ષની ઉમ્મરે શ્વસૂરગૃહે પ્રવેશ કર્યો, અને પાલીતાણામાં રહી સાસુજી તરફથી ગામીકુટુમ્બના આચાર–વિચાર અને રહેણી કરણીના સંસ્કાર પામ્યાં. લગ્ન બાદ થોડુંક પીઅરમાં અને થોડુંક સાસુ–સસરા પાસે રહ્યાં–ન રહ્યાં–કે તરત પતિની સાથે પોતાના કર્તવ્યક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું. અને એ પતિ–પરાયણ પત્નિએ નાની ઉમ્મરમાં જ દિલ્હી જેવા દૂર દેશમાં રતિલાલ સાથે સહજીવનની શરૂઆત કરી. સૌ૦ દીવાળીબહેન, માતા–પિતા અને સાસુ–સસરા તરફથી જે કાંઇ સંસ્કાર પામ્યાં હતાં, તેમાં ભાઈ રતિલાલના સહચારથી પૂરતી થવા માંડી. અને ઉત્તરોત્તર એ સંસ્કાર એટલા સુન્દર ખીલી આવ્યા કે તેમના પરિચયમાં આવેલા અનેક મિત્રો અને અતિથિઓ પૈકી કોઇ તેમને આદર્શ ગૃહિણી કે પત્ની, ગૃહલક્ષ્મી કે ગુણનિધિ, સંસાર શોભન આર્યમાતા કે સાધ્વી એવાં એવાં વિશેષણોથી સંબોધે છે. ભાઇ રતિલાલનું જીવન શરૂથી સેવાભાવી હોઇ સામાજિક પ્રવૃત્તિઓમાં પરોવાએલું રહેતું. દિલ્હીની નાની મોટી કોઇ પ્રવૃત્તિ એવી નહિ હોય કે જેમાં તેમનો સંગીન ફાળો નહિ હોય. આવા સેવા પરાયણ જાહેર જીવનના એક પેટા અંગ તરીકે રતિલાલભાઇ અતિથિઓ શોધવાની કળામાં કુશળ થઇ ગયા હતા. અને ઘરનો સઘળો કારભાર ઉપાડી લેવા સાથે આર્ય ધર્મસંસ્કૃતિની 'અતિથિ દેવો ભવ' ની ભાવના દીવાળીબહેનમાં તેમણે એટલી સુન્દર કેળવી હતી કે નાનામાં નાના માણસથી માંડીને પછી તે રાજભક્ત હોય કે દેશભક્ત, રાજા હોય કે મહારાજા હોય, ગૃહસ્થ હોય કે સંન્યાસી હોય–સૌને સરખા ઉમળકાથી સત્કારી દરેકનું યથાયોગ્ય આતિથ્ય કરતાં. સંયુક્ત કુટુમ્બનો શિષ્ટાચાર એ તો ગામી કુટુમ્બમાં વારસે ઊતર્યો હતો. એટલે રતિભાઈના ઘરસંસારમાં એની ઊણપ તો હોયજ શાની? અ૦ સૌ૦ દીવાળીબહેનને પેટ શુભ અવસર આવ્યો નહોતો, છતાં એની ન્યૂનતાની ઉન્હી વરાળ પણ રતિભાઇને કાને કદિ અથડાઇ નહોતી. સ્ત્રી સ્વભાવનું એ વેવલાપણું સૌ૦ દીવાળીબહેને કયાંય પ્રદર્શિત કર્યું હોય, એવું જાણમાં નથી. તે સાથે ભાણેજ અને ભત્રીજાઓને પાળવા પોષવા અને ઉછેરવામાં તેઓ સદા મીઠી, અમીભરી નજરથી જનની જેમ આદર, પ્રેમ અને સદ્‌ભાવ દાખવતાં.

પુરૂષ વેપારી કે નોકરીઆટ, દેશસેવક, કે સમાજસેવક, દાતાર કે દાની, કુટુમ્બ વત્સલ કે જ્ઞાતિ વત્સલ–આદિ ગમે તેવો ભાવનાશીલ હોય પણ જો જીવન-

સખીમો સહકાર ન હોય તો સંસાર એળે જાય છે; અને અનુકૂળ હોય તો ઘર, જ્ઞાતિ અને સમાજમાં તેઓ અનેરી ભાત પાડી જાય છે. આ ધોરણે ભાઈ રતિલાલના સંબન્ધમાં એમ કહી શકાય કે એ દંપતીની સંસાર યાત્રા સફળ થઈ, પણ તેમાં કોણે વિશેષ ભાગ ભજવ્યો, એ કહેવું મુશ્કેલ છે. ભાઇ રતિલાલ ગામી-કુટુમ્બના ખાનદાન ફરજંદ હતા, અને એમની ગળથુથીમાં ઉત્તમ ગુણોનો સંચાર થયો હતો, એ સાચું પરન્તુ એમના જીવન વ્યવહારના બધા પંથોમાં જો અ૦ સૌ૦ દીવાળી બહેનનો સહકાર, સહાનુભૂતિ અને પ્રોત્સાહન નહોત તો રતિલાલભાઈ એમ ન કહી શકત કે: ‘મારા જીવનની સફળતા મારાં ધર્મપત્નીને મોટે ભાગે આભારી છે.’ દુશ્મનનું પણ બૂરૂં નહિ કરતાં ઉપકાર કરી છૂટનાર દીવાળીબહેન ભક્ત નરસૈંયાએ ગાએલા એવા પરમ વૈષ્ણવની કોટિમાં મૂકી શકાય. ભાઈ ભાન્ડુ કે ભત્રીજા, શ્વસુરનાં કે પીઅરનાં, જ્ઞાતિનાં કે પરજ્ઞાતિનાં હરકોઈ જે એમના સહવાસમાં આવ્યાં એ સૌ પ્રત્યે તેઓ સદા સમભાવ અને સમદૃષ્ટિથી જોતાં હતાં. તે જ સાથે રતિલાલભાઈની પરોપકાર અને દાની વૃત્તિને પોષીને જીવનપંથ ઉજાળવામાં સહાયભૂત થયાં હતાં.

પોતાનાં પત્નીના એ ઉત્તમ ગુણોની કદર કરવામાં ભાઈ રતિલાલે કશી મણા રાખી નથી. કેળવણી મંડળના કબીર વડનો પહેલો ફણગો ફૂટતાં ૧૯૨૯ માં કન્યા કેળવણી માટે દશહજારનું દાન આપ્યું. આ પ્રથમ દાન પોતાનાં પરમપૂજ્ય માતુશ્રીના પુણ્યસ્મરણાર્થે આપીને માતૃઋણ અદા કર્યું. તે પછી ૧૯૩૨ માં બીજા દશ-હજાર ‘ અ૦ સૌ૦ દિવાળીબહેન રતિલાલ ગામી સ્ત્રી કેળવણી ટ્રસ્ટ ’ એ નામે અર્પણ કરી કેળવણી મંડળના દાનેશ્રીઓની નામાવલિમાં પોતાનાં પત્નીને સામેલ કર્યાં. એ ટ્રસ્ટના વ્યાજના ઉત્પન્નમાંથી કર્વે યુનિવર્સિટી કે બીજી માધ્યમિક શાળાઓમાં ઊંચું શિક્ષણ લેતી બહેનોને શિષ્યવૃત્તિઓ આપવાની, હુન્નર ઉદ્યોગની હરિફાઈ કરાવી ઈનામો વહેંચવાની તથા સ્ત્રી ઉપયોગી વિષયો ઉપર જ્ઞાતિની બહેનો પાસે નિબંધો લખાવી ઈનામો આપવાની શરત કરી, કન્યા કેળવણીની સાચી હિમાયત કરી.

શ્રી. રતિલાલભાઈનો આમ એક બીજાથી ઓતપ્રોત સુખી સંસાર ઝાઝો ટકયો નહિ. એ સંસારયાત્રીઓની બેલ અધવચ તૂટી. સૌ૦ દીવાળીબહેનને નહિ જુવાન અને નહિ આધેડ એવી પીસ્તાલીસ વર્ષની વયે કાળજ્વર આવ્યો અને પ્રભુના દરબારનાં તેડાં લાવ્યો. કદિ ઈન્કાર કરી કોઈનું મન નહિ દુભવવા ટેવાએલાં એ ભગવતી બહેન કાળનું કહેણ ન ટાળી શક્યાં. જેમણે જીવન ભરમાં પતિદેવ કે પિતૃદેવ અને ગ્રામદેવ કે કુળદેવના ફરમાનનો ઈન્કાર નથી કર્યો, તે વિશ્વદેવની આજ્ઞા શિરસાવંદ્ય કરે એમાં શું આશ્ચર્ય ! ભર્યાં કુટુમ્બ કબિલામાંથી વસમી વિદાય લીધી; અને સંવત ૧૯૯૩ ના વૈશાખ વદ ૧૦, તા. ૪ થી જૂન, ૧૯૩૭ ના રોજ એમની

અમર આત્મા અક્ષય ધામમાં પહોંચી ગયો. વિશ્વનિયંતાની એ અકળ કળા છે; કોઈએ તેને કળી નથી અને નથી તો તેને કળવાની કોઈની શક્તિ! જન્મ્યું તે સૌ જવાનું છે એ ધોરણે અ૦ સૌ૰ દીવાળીબહેન્ સંસાર યાત્રા સમેટી લઈ દૈવી રાજમાર્ગે સીધાવી ગયાં.

બેતાલીસ વર્ષે માતાજી ગયાં તે પછી બીજેજ વર્ષે પિતાજી દેવલોક થયા, અને વન પ્રવેશની પહેલ કરતાં પત્નીની મીઠી હૂંફ ઉડી ગઈ. પત્ની જતાં ઘર ભંગ થતાં સંસાર જીવનનો મીઠો રસ ઉડી ગયો; અને બન્નેએ સાથે મળી સેવેલા અભિલાષ અધૂરા રહ્યા. આ બધું છતાં આપણે અત્યાર સુધીમાં જોયું છે કે ભાઈ રતિલાલ સંસારની મોહ માયારૂપી જાળથી પર હતા. બચપણથી જ તેઓ સંસાર યાત્રાની માત્ર મીઠી સુવાસના ભોગી હતા. એટલે એ અનાસક્ત યોગી અને પરબ્રહ્મની વાટના પંથીને પત્નીની વિદાયનો અંતર ઘા લાગ્યો તો ખરો, પણ પોતાના આધ્યાત્મિક જ્ઞાનના પોષણથી રૂઝાતાં વાર લાગી નહિ.

સ્વ. રતિલાલભાઈએ સૌ૰ દીવાળીબહેનની હયાતીમાં તેમના નામે દશ હજારનું દાન કરી તેમના આત્માને સંતોષ્યો હતો. તે ઉપરાંત તેમના સ્વર્ગવાસ બાદ એમના સ્ત્રી ધનના દાગીના અને રોકડનો નીચે મુજબ સદ્વ્યય કરી પત્નીના અમર આત્માને પુણ્યાંજલિ અર્પણ કરી.

રૂ. ૫૦૦૦–૦–૦ નડીઆદના ચકલાવાળા તડના વિદ્યાર્થીઓને મદદ કરવા, ખ. કે. મંડળને સોંપ્યા; રૂ. ૨૦૦૦–૦–૦ નડીઆદના વીસા ખડાયતા વ્યાયામ શાળામાં દર વર્ષે ઈનામો વહેંચવાની શરતે જુદા કાઢ્યા અને તેનું ટ્રસ્ટ ખ. કે મંડળને સોંપ્યું. રૂ. ૩૬૦–૦–૦ એક વર્ષ સુધી માસિક રૂ. ૩૦–૦–૦ લેખે ગુજરાત હરિજન સેવક સંઘને મદદના આપ્યા. રૂ. ૨૫–૦–૦ શ્રીજીમાં સામગ્રી ભેટના, રૂ. ૨૫–૦–૦ શ્રી ઈષ્ટદેવ કોલ્યર્ક પ્રભુને સામગ્રી ભેટ, રૂ. ૨૫–૦–૦ શ્રી રમણ આશ્રમ, રૂ. ૨૫–૦–૦ વિશ્વભારતી–શાન્તિનિકેતન. રૂ. ૨૫–૦–૦ રામકૃષ્ણ મીશન–બેલૂર મઠ, રૂ. ૨૫–૦–૦ શ્રી અરવિન્દ આશ્રમ–પોન્ડીચેરી, રૂ. ૫૦–૦–૦ દિલ્હીના હરિજન દવાખાનાને ભેટ, રૂ. ૨૫–૦–૦ પંચકોશી નામ સંકીર્તન સમિતિ–અલ્હાબાદને, રૂ. ૩૦–૦–૦ જુદા જુદા સંન્યાસીઓને મદદના, તથા રૂ. ૧–૧૪–૦ મનીઓર્ડર ખર્ચના મળી રૂ. ૭૬૧૬–૧૪–૦. આ પ્રમાણે પોતાનાં પત્નીએ સંગ્રહેલી સ્ત્રીધનની માયામાંથી પોતે મુક્ત થયા અને સદ્ગત પત્ની પ્રત્યેનું નૈતિક ઋણ અદા કર્યું.

અ૦ સૌ૰ દીવાળી બેનના અવસાનના સમાચાર સગાં–સ્નેહી અને સંબન્ધીઓએ જાણ્યા, જ્ઞાતિનાં માસિકો ખડાયતા મિત્ર અને ખડાયતા જ્યોતિમાં તેની નોંધો લેવાઈ તથા અમદાવાદ, નડીઆદ, મોડાસા, ઉમરેઠ અને મુંબઈની જુદીજુદી

જ્ઞાતિ સંસ્થાઓએ શોક સભાઓ ભરી. સૌએ દિલગીરી પ્રદર્શિત કરી અને સ્વ. રતિલાલભાઈ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. એ બધી શોકસભાઓના ઠરાવોમાંથી અત્રે માત્ર એકજ અવતરણ ટાંકી સંતોષ માનીશું.

અમદાવાદમાં આવેલ શ્રી. કમળાલક્ષ્મી ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળાનાં પ્રમુખ ગં. સ્વ. ધનલક્ષ્મીબહેન મણિલાલ રણછોડદાસે સૌ. દીવાળીબહેનના અવસાન માટે શોક પ્રદર્શિત કરતો નીચેનો ઠરાવ રજૂ કર્યો.

અ૦ સૌ૦ દિવાળીબહેન રતિલાલ ગામીના અકાળે થએલા અવસાનની આ સંસ્થા અત્યન્ત દિલગીરી સાથે નોંધ લે છે અને શોકની લાગણી પ્રદર્શિત કરે છે. શ્રી ખડાયતા સ્ત્રી કેળવણીના પ્રાણ સમાન દાનવીર ભાઈ રતિલાલ ગામી ઉપર આવી પડેલા અસહ્ય માનસિક દુઃખમાં આ સભા અંતઃકરણ પૂર્વક દિલસોજી જાહેર કરે છે, અને પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે કે શ્રી. રતિલાલને માથે આવી પડેલું દુઃખ સહન કરવાનું સામર્થ્ય આપો, અને અ૦ સૌ૦ દીવાળી બેનના આત્માને પરમ શાન્તિ આપો."

ઉપરના ઠરાવના સમર્થનમાં તેઓશ્રીએ જે ટૂંકું વક્તવ્ય કર્યું હતું, તે આ પ્રમાણે હતું:—

"ભાઈ રતિલાલ ગામીએ આપણી જ્ઞાતિના સ્ત્રી સમાજની ઉન્નતિ માટે પોતાની મિલ્કતનો મોટો હિસ્સો અર્પણ કર્યો છે અને મારા જાણવા મુજબ એ ભાઈ હજુ પણ પોતાની મૂડી સ્ત્રી સમાજના ઉદ્ધાર માટે અર્પણ કરવાનો ઈરાદો રાખે છે. પોતાના ધંધા રોજગાર દ્વારા સમાજમાંથી પોતે સંપાદન કરેલ ધન સંપત્તિ સમાજીક કાર્યોમાં લેખે લગાડનાર આપણી જ્ઞાતિના આ દાનવીરનો જોટો નથી. આ અર્થમાં એમનું જીવન એક દૃષ્ટાન્તરૂપ છે. તેમણે પોતાની સખાવતોથી પોતાની જ્ઞાતિની સમાજીક ઉન્નતિ સાધી છે. તેમજ પોતાની મોટી મૂડીનું દાન કરી ઉદાર ગૃહસ્થજીવનને દીપાવ્યું છે. આનું નામ તે ધાર્મિક જીવન. ભાઈ શ્રી રતિલાલભાઇએ આપણા સમાજમાં પોતાના ચારિત્ર્યની ઉત્તમમાં ઉત્તમ છાપ પાડવા સાથે આદર્શ પતિને છાજે તેમ પોતાની પત્નીનું નામ અમર કર્યું છે. ધન્ય છે, એમના સંસ્કારી જીવનને, ધન્ય છે એમની સાત્વિક સંપત્તિને અને ધન્ય છે એવા પત્નીપરાયણ પતિને! એમના જેવા સાધુ ચરિત પુરુષને આપણા દિલાસાની જરૂર ન જ હોય, છતાં આપણો કર્તવ્ય ધર્મ બજાવવાની આપણી ફરજ છે."

ખડાયતા જ્ઞાતિમાં ચાલતા આવેલા રિવાજ મુજબ સૌ પોતાની સ્થિતિ પ્રમાણે પુણ્યદાન કરે છે. રતિલાલભાઇ એ ચીલે ચાલ્યા પણ તેમાં સ્ત્રીધનની પાઇએ પાઇ દાન કરી ગૌરવભરી નીતિ અખત્યાર કરી, તે સાથે દાનની ચાલુ પ્રણાલિકા

બદલી સમાજને નવું દિશાસૂચન કરાવ્યું. તદ્ ઉપરાંત સમાજ સુધારાની ડાહી ડાહી વાતો કરનાર, અને પોતાને ત્યાં પ્રસંગ આવ્યે મોળા પડનાર જ્ઞાતિ સુધારકોની રીતે નહિ ચાલતાં શ્રી. રતિલાલભાઈએ પોતાની માન્યતાને દઢતાથી વળગી રહી સદ્ગત ધર્મપત્નીની પાછળ માત્ર ધાર્મિક ક્રિયા કરી, મરણ પાછળ કરવામાં આવતાં તમામ જ્ઞાતિભોજનો ન કરીને સંસાર સુધારાની દૃષ્ટિએ પ્રસંશનીય દાખલો બેસાડયો છે. દિવાળીબહેનની પીસ્તાલીસ વર્ષની ઉંમરે, સંતાન નહિ, તે ઉપરાંત–પ્રતિષ્ઠિત અને સુખી ગામી કુટુમ્બ–આ બધું છતાં મરણની નાતો ન થાય–એ નડીઆદના જ્ઞાતિ સમુદાયમાં ઘેર ઘેર ચર્ચાનો વિષય થઇ પડયો. એટલુંજ નહિ પણ જૂના વિચારના જમણવારના હિમાયતીઓને તો રતિલાલભાઈનું પગલું અવ્યવહારૂ અને વિચિત્ર લાગે એમાં શું આશ્ચર્ય! લોકો ચાર દહાડા વાતો કરી ટાઢા પડયા. અને રતિલાલભાઈ પોતાના નિર્ધારમાં અડગ રહ્યા. દિલ્હીમાં પવિત્ર યમુનાના તટ ઉપર યથાવિધિ ધાર્મિક ક્રિયા કરી, વિદેહી આત્માને અર્ધ્ય અર્પ્યો. આ પ્રમાણે અનુકરણીય દાખલા બેસાડવા માટે શિષ્ટ મિત્રમંડળે રતિલાલભાઈને ધન્યવાદ આપ્યો. સદ્ગતની યાદગીરી જાળવવા સુખી કુટુમ્બો નાતમાં અને સ્નેહી સંબન્ધીઓમાં વાસણની લહાણી કરી સારૂં નામ રાખ્યાના જશનો જશ ખાટે છે; તેમ ભાઇ રતિલાલે ધાર્યું હોત તો કોઈ સુન્દર ધાતુપાત્રની લહાણી કરી શકયા હોત. પરન્તુ તેમણે એ બાબતમાં પણ નવો આદરણીય માર્ગ ગ્રહણ કર્યો. સૌ૦ દિવાળી બહેનના અવસાનની યાદમાં જ્ઞાતિની ઉદ્યોગશાળાઓમાં શિક્ષણ લેતી બહેનોને તથા છાત્રાલય અને વ્યાયામશાળાઓના વિદ્યાર્થિઓને ગીતાજીનાં પુસ્તકો ભેટ આપી, તેમણે ધાર્મિક જ્ઞાનની લહાણ કરી. આ પુસ્તકો વહેંચાયા પછી એક પત્રદ્વારા પોતાનો સંતોષ વ્યક્ત કરતાં સ્વ. રતિલાલભાઈએ લખ્યું કેઃ "ભાઈશ્રી × × × એ સેવાસમાજ મારફત ગીતા પ્રવચન શરૂ કર્યું છે, તે જાણી અત્યન્ત ખુશી થાઉં છું. બહેનોને મારા તરફથી ગીતા પુસ્તકની લહાણી તેમની મારફત અપાવશો. તેમજ મારા તરફથી તેમનો આભાર માનશો."

અમદાવાદ મુકામે પાંચમી ખડાયતા પરિષદ્ રા. સા. નારણદાસ ગામીના પ્રમુખપદે મળી હતી. ત્યાર પછી લગભગ નવ વર્ષ બાદ છઠ્ઠી પરિષદ્ ભરવા 'ખડાયતા મિત્ર' દ્વારા જ્ઞાતિના આગેવાનો અને કેળવણી મંડળના સંચાલકો પ્રયાસ કરી રહ્યા હતા. વળી મંત્રીજીની ઝમકદાર નોંધો સૂતેલા સમાજને ફરજનું ભાન કરાવવામાં બાકી રાખે તેમ નહોતી. સમુદાયનાં ગામોમાંથી આમંત્રણની ઘણી આશા રાખી, પરન્તુ આખરે રાહ જોઈ મુંબઇના ખડાયતા સમાજે પરિષદ્ ભરવાની જવાબદારી માથે લીધી. અને ૧૯૩૩ના ઈસ્ટરના તહેવારોમાં જ્ઞાતિરત્ન રતિલાલ નારણદાસ ગામીના પ્રમુખપદે છઠ્ઠી પરિષદ્ ભરવાનું નક્કી કર્યું. આમંત્રણ પત્રિકાઓ

બહાર પડી અને 'મિત્ર'ના તંત્રીજીની હાકલ થઇ કે: 'નિમંત્રણ સ્વીકારો અને સમયસર મુંબઈ આવી પહોંચો.'

કોઈને કલ્પના પણ ન આવે કે પાંચમી પરિષદ્ પિતાના પ્રમુખપદે ભરાયા પછી છઠ્ઠી પરિષદ્‌નું સુકાન પુત્રને સોંપાશે. હિન્દના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેમ પંડિત મોતીલાલ નહેરૂનું સ્થાન તેમના સુપુત્ર જવાહરલાલજીએ સાચવ્યું અને શોભાવ્યું તેમ આપણી જ્ઞાતિના ઉત્કર્ષના ઈતિહાસમાં સદ્‌ગત રા. સા. નારણદાસ ગામીનું સ્થાન તરત જ તેમની પછી ભાઈ રતિલાલે સંભાળી લઈ વિશેષ દીપાવ્યું છે.

ભાઇ રતિલાલ જેવા નિવૃત્તિ પરાયણ પુરુષ પરિષદના પ્રમુખનું સ્થાન સ્વીકારવા કેમ પ્રેરાયા હશે, એ કહેવું મુશ્કેલ છે. છતાં જેઓ જ્ઞાતિની સેવા સદા સ્વીકારતા જ આવ્યા છે તેમને માથે એક વધુ ફરજ આવી પડી તો તે પણ બજાવ્યે જ છૂટકો, આવી ફરજની દષ્ટિએ સ્વ. રતિલાલભાઈએ આ પદનો સ્વીકાર કર્યો હોય તો નવાઈ નહિ. ગમે તે સંજોગોમાં તેઓશ્રીએ પ્રમુખપદ સ્વીકાર્યું અને 'મિત્ર'ના તંત્રીનો વટહુકમ બહાર પડયો કે: "શ્રી. રતિલાલ ભાઈ દિલ્હીથી નીકળી મુંબઈ જતાં અમદાવાદમાં બે દિવસ રોકાશે, તે દરમિયાન જ્ઞાતિની નાની મોટી તમામ સંસ્થાઓ તરફથી તેમના સન્માનાર્થે સત્કાર સમારંભ યોજવો."

તંત્રીજીની સૂચના સ્વીકારાઈ અને તા. ૧૧મી એપ્રિલના રોજ સાંજના ૭ વાગે મણિલાલ મેન્શન્સમાં સ્વ. રતિલાલભાઈ ગામાની 'ગુણ પૂજા' થઈ. અમદાવાદમાં ચાલતી જ્ઞાતિની અગીઆર સંસ્થાઓએ તેઓશ્રીને ચાંદીની સુશોભિત પેટીમાં માનપત્ર એનાયત કર્યું. બીજો દિવસ સંસ્થાઓની મુલાકાતો અને સન્નમિત્રોના સત્કારમાં વીતી ગયો. ત્યારબાદ ત્રીજે દિવસે નડીઆદમાં ડૉ. હરગોવિંદદાસ પુરુષોત્તમદાસના પ્રમુખપણા નીચે ભવ્ય મેળાવડો યોજાયો, તેમાં ભાગ લઇ, રાત્રે મુંબઇ તરફ પ્રયાણ કર્યું. મુંબઇ પહોંચતાં સત્કાર, અને સન્માનના તો મણા જ શી હોય? જ્યાં ઉત્સાહ, ઉલટ અને નાણાંની ન્યૂનતા ન હોય તેમાંય વળી મુંબઈ જેવી નગરી એટલે બાકી જ શું હોય? એ બધી વિધિએ વિધિના રસભર્યા વર્ણનો અને અહેવાલો માટે 'મિત્ર'નો પરિષદ્ અંક વાંચવાની જ ભલામણ કરી શકાય.

નિયત સમયે પરિષદ્ સમારંભ શરૂ થયો. સત્કાર મંડળના પ્રમુખ શેઠ નાનાભાઈ ઘેલાભાઇનું ભાષણ પૂરૂં થયું, તે પછી સભાપતિની પસંદગી માટે યથાવિધિ દરખાસ્ત અને અનુમોદનો થયાં. ત્યારબાદ સ્વ. રતિલાલભાઈએ પ્રમુખસ્થાનેથી મનનીય ભાષણ (જુઓ પરિશિષ્ટ ૪) કર્યું. એ ભાષણમાંથી ટૂંક અવતરણ ટાંકી અત્રે સંતોષ માનીશું.

"આ પરિષદના પ્રમુખ તરીકે મારી પસંદગી માટે આભારી છું. પરન્તુ ગંભીર જવાબદારીવાળા આ હોદ્દા માટે મારી લાયકાતનો વિચાર મને ભારે મૂંઝવણમાં નાંખે છે. નથી હું પ્રખર વક્તા કે નથી મારામાં વિદ્વત્તા, હું નથી ગહન વિચારક કે નથી મને વયોવૃદ્ધ નેતા જેટલો પ્રગાઢ અનુભવ. ગુજરાતથી દિલ્હી જેટલે દૂર જઈ વસેલી વ્યક્તિને જ્ઞાતિનો ઊંડો અનુભવ પણ ક્યાંથી હોય? છતાં જ્યારે પ્રમુખસ્થાન અપાય છે, ત્યારે મને પેલી જૂની પુરાણી વાર્તાનું સ્મરણ થાય છે. વાર્તા એવી છે કેઃ એક નગરના રાજવીનું તખ્તાસન ખાલી પડતાં નગરજનોએ ઠરાવ્યું કે પ્રભાતના પહોરમાં નગરના દરવાજામાં જે પ્રથમ દાખલ થાય તેને રાજસિંહાસન ઉપર પધરાવી દેવો! × × × આપે મારી પસંદગી કરી તેનું હું એક જ કારણ કલ્પી શકું છું. અને તે એ કેઃ સ્નેહને અંગે આપ સૌએ મારા પ્રત્યે પક્ષપાતની દૃષ્ટિએ જોયું છે. × × × જે હો, તે હો. મને તો એકજ વિચારે સંતોષ વળે છે કે મારા તીર્થસ્વરૂપ પૂજ્ય પિતાજીએ પાંચમી પરિષદ્‌નું હસ્તગત કરેલું સુકાન તેમની પછી આજ મને મળે છે અને તેથી પિતાજીએ આદરેલો જ્ઞાત સેવાનો યજ્ઞ જ્યાંથી અધૂરો છે, ત્યાંથી યથાશક્તિ પૂરો કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડે છે. × × × × × ×

મારા ભાષણનો સાર સંક્ષેપમાં તારવી દઉં તો એટલો જ છે કે હામ અને દામ સાથે ક્રિયાત્મક કામ કરવા આપણે મંડી પડીએ × × × સોવિયેટ રશિયાની ઢબે કોઇ પાંચવર્ષી યોજના રચીએ. અને વયોવૃદ્ધ લાગતી આપણી પરિષદ્ પુનર્ યૌવન પામે તે માટે કવિ નર્મદના કથન મુજબ પ્રાર્થિએ કે પરિષદને

'ફરી જોબનીયું આપે,
હરિ! તું ફરી જોબનીયું આપે.

પરિષદ્‌ની ત્રણ દિવસની કાર્યવહીમાં સ્વ૦ રતિલાલભાઈએ નિષ્ક્રિય ઠરાવો પસાર કરવા કરતાં રચનાત્મક કાર્ય આદરવા આગ્રહ રાખ્યો હતો. પરિણામે તેમના દિલ્હી ગયા બાદ કેટલોક અગત્યનો પત્ર વહેવાર થયો હતો. આ ખાનગી પત્રવહેવાર જાહેરમાં મૂકવાની 'મિત્ર'ના તંત્રીજીએ પરવાનગી માગતાં સ્વ૦ રતિલાલભાઇએ જણાવ્યું કેઃ—

"કેળવણીના કબીરવડ" માફક જ્ઞાતિની બહેનોની નિરક્ષરતા નિર્મૂળ કરવાની યોજના સાંગોપાંગ સફળ કરવા બંધાતા હો તો મારા પત્રો પ્રકટ કરશો. × × × અંગત પક્ષપાતને લઈ મને માત્ર પ્રસિદ્ધિ જ આપવા માગતા હો તો એ પત્રો જાહેરમાં લાવવાની જરૂર નથી."

જ્ઞાતિના સ્ત્રી સમાજની ઉન્નતિ માટે યથાશક્તિ કાર્ય આદરવાની શરત સ્વીકારી શ્રી. કેશવભાઈએ પોતાના માસિકમાં એ પત્રો પ્રકટ કર્યા. સ્વ. રતિલાલ ભાઇના આ પત્રોનો સાર એ હતો કેઃ—

(૧)

" મારો સંદેશો હમેશાં બહેનો માટે જ હોય છે. બહેનોના સહકાર સિવાય આપણે કાંઇ સુધારો કરી શકવાના નથી. × × × માટે જ્ઞાતિની બહેનો પાસેથી નીચેનાં પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ લેવી જોઇએ.

૧. મરણ પાછળના જમણમાં ભાગ લઈશ નહિ. તેમજ રડવા કૂટવાના કાર્યમાં સંમત નહિ થાઉં.
   આ બન્ને પ્રસંગો મારે ત્યાં આવતાં આ પ્રતિજ્ઞાનો અમલ કરવા બંધાઉં છું.
૨. મારા પુત્ર પુત્રીને ઓછામાં ઓછી માધ્યમિક કેળવણી આપીશ અને ત્યાર પછીજ તેમનાં લગ્ન કરીશ.
૩. મારા પાડોશમાં રહેતી અભણ બહેનોને અક્ષરજ્ઞાન આપવા બનતું કરીશ.
૪. ફુરસદના વખતમાં હમેશાં એક કલાક મારા આપ્તજનોમાં સારા વાંચનના સંસ્કાર આપીશ.
૫. પાડોશની બહેનોમાં સારા વાચનનો શોખ પેદા કરવા મારી પાસેનાં પુસ્તકો તેમને વાંચવા આપીશ.

(૨)

૧. બહેનોમાં પ્રાથમિક કેળવણી ફરજીઆત કરવા જે તડ તૈયાર હોય તેમને મારા તરફથી ત્રીજા ભાગનું ખર્ચ આપવા મેં અગાઉ જાહેર કર્યું છે, તેના અમલની રાહ જોઈ રહ્યો છું.
૨. આ માટે ગામવાર વસ્તિપત્રક તૈયાર કરવું જોઇએ.
૩. દરેકને શાળોપયોગી સાધનો પૂરાં પાડવાં જોઇએ.
૪. તેમનામાં વાચનનો શોખ વધે તે માટે બાળોપયોગી સાહિત્ય ઈનામમાં આપવાની ગોઠવણ કરવી જોઇએ.
૫. આ પ્રમાણે લાભ લેતી બધી કન્યાઓ સ્વદેશી કપડાં જ પહેરે.
૬. આ પ્રમાણેની યોજના અમલમાં આવે તો મારા તરફથી પાંચ વર્ષ સુધી દર વર્ષે રૂપિયા એક હજાર સુધી આપીશ.

દિલ્હીઃ   લિ૦

તા. ૧૩–૫–૩૩.   રતિલાલ ના. ગામીના

વંદેમાતરમ્.

સ્વ. રતિલાલભાઇએ પ્રમુખસ્થાનેથી કન્યા કેળવણીનો મંત્ર હૃદયની લાગણીથી ઉચ્ચાર્યો હતો. તેમજ ત્યારપછી ઉપરના પત્રોથી સૂચિત થાય છે કે તેઓ મિત્રોને હામ અને દામથી પ્રોત્સાહન આપી રહ્યા હતા. તે ઉપરથી શ્રી. માણેકલાલ પ્રાણુ-જીવનદાસે કન્યા કેળવણીની યોજનાનો ખરડો તૈયાર કર્યો, અને તે માટે મદદની માગણી બહાર પાડતાં સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો તરફથી લગભગ બે હજારનું ભંડોળ ભેગું થયું. કેળવણી મંડળ હસ્તક આ યોજના વ્યવસ્થિતરૂપમાં અમલમાં મૂકાઈ અને ગામડાઓમાં ભણતી કન્યાઓને ઇનામો વહેંચવાની ગોઠવણ કરવામાં આવી. આ યોજનાના અહેવાલો કેળવણી મંડળના રીપોર્ટો સાથે બહાર પડતા રહ્યા છે. અને ગામડાંમાં વસતા કેળવણીમાં રસ લેતા જ્ઞાતિબાઈઓને તેની સફળતાનો સારો ખ્યાલ છે.

'કન્યા કેળવણી'—એ સ્વ. રતિલાલભાઇનો જીવનમંત્ર બની ગયો હતો. તેમજ જ્ઞાતિ સમુદાયમાં તેમજ જનસમાજમાં કન્યા કેળવણીની ભાવના પાછળ તેમને ઘણું કરી બતાવ્યું છે. રેંટીઆ દ્વારા ઘરગથુ ઉદ્યોગના પુનરુદ્ધાર માટે તેમણે વગર માગે શ્રી. નરહરિભાઈના હાથમાં રૂપીઆ બે હજાર મૂકયા હતા. પાલીતાણામાં બહેનોમાં વાચનની અભિરુચિ વધે તે દૃષ્ટિએ ત્યાંનાં નામદાર મહારાણી સાહેબના નામથી 'સીતાબા વાચનાલય' માટે બે હજાર આપ્યા હતા. રાષ્ટ્રીય ભાવનાને પોષતા એક કન્યાવિદ્યાલયની ગુજરાતમાં ખોટ હતી. આ ખોટ ભાગવા સદ્‌ગત્ નામદાર વિઠ્ઠલ-ભાઈ પટેલની યાદગીરીમાં શ્રી० વિઠ્ઠલ કન્યા વિદ્યાલય માટેની એક યોજના બહાર પડી. અને નામદાર વિઠ્ઠલભાઇ સાહેબ તથા ભાઇ રતિલાલની જન્મભૂમિમાં આ વિદ્યાલય સ્થાપવું એમ ઠર્યું. આ હકીકતની ખબર પડતાં સ્વ० રતિલાલભાઇએ વગર માગે રૂપીઆ પાંચ હજારનું કન્યા વિદ્યાલયને દાન આપ્યું હતું. અને તેમની વિશાળ ભાવના અને ઉદાર મદદની કદર કરી, એ વિદ્યાલયના દાતા મંડળે એક ટ્રસ્ટી નીમ્યા હતા.

સંવત્ ૧૯૯૧ના નવીન વર્ષે 'મિત્ર'ને સંદેશો મોકલતાં તેઓશ્રીએ લખ્યું કેઃ—
'હાલના જમાનામાં લુખ્ખા ઠરાવોથી સંગીન પરિણામ આવે તેમ હું માનતો નથી. પરિષદે કરેલા ઠરાવોનો અમલ સમાજનો સહકાર મેળવી કરવો જોઇએ. × × ×

'કાર્તિક સુદ બારસનો દિવસ 'કેળવણી દિન' તરીકે ગણી દરેક જ્ઞાતિ બન્ધુ પાસેથી કન્યા કેળવણી માટે એક દિવસની આવક મેળવી સ્થાનિક ભંડોળ કરી શકાય.'

'કાર્તિક સુદ બારસને દિવસે વસતિપત્રકમાં વર્ષ દરમિયાન થએલા ફેરફારની નોંધ લઈ સુધારા—વધારાની નોંધ જ્ઞાતિના માસિક દ્વારા પ્રકટ કરવી જોઇએ.'

સંવત ૧૯૯૩ના 'મિત્ર'ના ગ્રામ્યજીવન અંક માટે શ્રી. કેશવભાઇએ વળી પાછા રતિલાલભાઈની બુદ્ધિમત્તાનો કસ કાઢયો અને એક નવી કલ્પના સમાજ સમક્ષ રજૂ કરાવી એ મનનીય પત્રનું સારરૂપ તારણુ આ પ્રમાણે છેઃ—

"આપણી જ્ઞાતિનો મોટો સમુદાય ગામડાંમાં વસે છે. તેમનાં બાળકોને નાનપણમાંથી સારા સંસ્કાર મળે તે માટે આપણા તીર્થક્ષેત્ર શ્રી. કોટયર્ક નગરમાં છાત્રાલય સાથે એક વિદ્યાલય સ્થાપવું જોઈએ.

વિદ્યાલયમાં દશ વર્ષનો અભ્યાસક્રમ રાખવો જોઈએ. તેમાં માધ્યમિક કેળવણી તથા વેપાર–ઉદ્યોગને લગતું જ્ઞાન મળી શકે તેમ કરવું જોઇએ. તથા પૂર્વકાળનું ઋષિજીવન, જાપાન અને જર્મનીમાં અપાતી કેળવણી અને હાલનાં ગુરુકુળો અને વિદ્યાપીઠોમાં અપાતી કેળવણીમાંથી આપણા જ્ઞાતિ સમુદાયની સ્થિતિ અનુસાર અભ્યાસક્રમ ઘડી કાઢવો જોઇએ.

આ વિદ્યાલયમાં પાંચથી સોળ વર્ષનાં બાળકોને દાખલ કરવાં જોઈએ."

આ કલ્પનાના સમર્થનમાં 'જ્યોતિના' ત્યારપછીના અંકમાં શ્રી૦ રતિલાલભાઈ વધુ પ્રકાશ પાડે છેઃ—

"મારી યોજના સ્વ. પઢીઆર જેવા સંપૂર્ણ સેવાભાવી સજ્જન મળી આવતા સુધી અમલમાં મૂકી શકાય નહિ. ××× હાલના આ ધાંધલીઆ જમાનામાં પૈસા કરતાં સાચા સેવકોની જરૂર વધારે છે. ××× ××× દયાળબાગની પ્રગતિનો ઇતિહાસ આપણી નજર આગળ દૃષ્ટાન્તરૂપે છે. ××× આપણા ઇષ્ટદેવના ધામમાં નાના પાયા ઉપર વિદ્યાલયની શરુઆત કરવામાં આવે અને તેમાં દેશીનામું ઢોર ઉછેર, આયુર્વેદિક, વૈદ્યકીયજ્ઞાન અને એકાદ હાથ ઉદ્યોગથી શરુઆત કરી શકાય ××× ××× શહેર કરતાં ગામડાંને ઉપયોગી થાય તેવું ખડતળ જીવન જીવવાના પાઠ ત્યાં શીખવી શકાય. આપણા ભાઈઓને પોતાના જીવનમાં સ્વાશ્રયી થવાની તાલીમ આપવી એવો મારો આશય છે."

××× ××× ××× ×××

"આવી યોજના કેળવણીમાં રસ લેતા ભાઇઓ પાસે તૈયાર કરાવી શકાય અને વિદ્યાલયની શરુઆત કરવી એમ ઠરે તો મારાં સ્વ. પત્નીના નામે પાંચહજારની રકમ આપવા ખુશી છું."

આ કક્ષાએ પહોંચેલા સ્વ. ભાઇશ્રી રતિલાલના જીવન વિકાસની ગાથા અત્રે પૂરી કરતાં તેમના હૃદયમાં ખીલેલાં કિરણોનો એક વધુ મીઠો સ્રોત ઝીલીએઃ—

"દિલની દાનાઈનાં દ્વાર સમાજ માટે સદા ખુલ્લાં રાખો, અને હમેશાં Live for good and your fellow countrymen."

" મારા જીવનનો પ્રધાન સૂરઃ—

૧. ફરજીઆત કેળવણીની આવશ્યકતા.

૨. કુટુમ્બ, જ્ઞાતિ કે દેશને કેળવણી અને સંસ્કાર મળવા જોઈએ.

૩. હિન્દુ સંસાર અત્યારે એક ચક્રે ગતિ કરી રહ્યો છે; એ ઉણપ ભાગવી જોઈએ.

૪. પુરૂષમાં શક્તિઓનો ભંડાર ભર્યો હોય, પણ જો અનુકૂળ ઘરસંસાર ન હોય તો એ શક્તિઓ વેડફાઈ જાય છે. માટે ગૃહજીવન આદર્શ હોવું જોઈએ.

૫. સમાજના અર્ધાંગરૂપ નારી સમાજને સંસ્કારી બનાવીએ તોજ ગૃહજીવન સંસ્કારી થઈ શકે."

['મિત્ર'ના લેખમાંથી તારણ] રતિલાલ ના. ગામી

અનાસક્ત યોગની પૂર્વ ભૂમિકા

" આ શરીર રહેશે ત્યાં સુધી તો મારી ધારણા પ્રમાણે કેળવણી મંડળ વગેરેને સહાય આપ્યાં કરીશ."

તા. ૧૩–૭–૩૯
[ખાનગી પત્ર.]

રતિલાલ ના. ગાંધી

સ્વ૦ રતિલાલભાઇ ૧૯૦૪ માં દિલ્હી જઈ રંગના વેપારમાં જોડાયા. તે વર્ષમાં દેશ-ભક્તિ અને સ્વદેશીની ભાવનાનું મોજું દેશ ભરમાં ફરી વળ્યું હતું. તે સમયનો કોઈ નવજુવાન બાળ-પાળ અને લાલના દેશ-પ્રેમના સંદેશા ઝીલવામાં પછાત નહોતો. ભાઇ રતિલાલના જીવનનું ઘડતર બચપણમાંથીજ ઊંચા સંસ્કારોથી જ ઘડાયું હતું. એટલે હિન્દમાં વ્યાપી રહેલા વાતાવરણની છાયા તેમના મન ઉપર સહસા પડી; પરિણામે સ્વદેશીનું વ્રત લીધું અને જીવનભર સેવા પરાયણ વૃત્તિ સેવવાનો સંકલ્પ કર્યો. એ અરસામાં દિલ્હીમાં આશરે સો જેટલા ગુજરાતીઓ હતા. સૌ વેપાર ધંધામાં પડેલા હોઇ વ્યાપારી આલમમાં તેમનો માન પ્રભાવ સારો હતો. દૂર દેશાવરમાં નાત-જાતના ભેદ ભૂલી જેમ સ્વાભાવિક ભાઇચારો કેળવાય છે; તેમ દિલ્હીના ગુજરાતીઓમાં સ્નેહભાવ અને સંપ સારો હતો. ભાઇ રતિલાલના દિલ્હી જતા પહેલાં એટલે સને ૧૮૯૮ માં એક ગુજરાતી લાયબ્રેરીની સ્થાપના થઇ ચૂકી હતી. ત્યાર પછી ગુજરાતી સમાજના આશ્રય નીચે ૧૯૦૫ માં ગુજરાતી શાળા સ્થાપવામાં આવી. અને એજ સમાજના એક વધુ અંગ તરીકે ૧૯૧૦ માં મહેમાનોના ઉતારા માટે મકાનની ગોઠવણ કરવામાં આવી.

ભાઈ રતિલાલ સીધી-સાદી અને પ્રામાણિક રીતિ-નીતિના હોવાથી મેસર્સ દાદાજી ધાકજીની પેઢીના કારોબારીઓ સાથે અણમેળ થયો. પરિણામે ૧૯૦૭ માં તે કંપનીમાંથી છૂટા થયા, અને પોતાના નામથી સ્વતંત્ર વહેપારની શરૂઆત કરી. તેમના એક ખાનગી પત્રમાંથી આપણે જાણી શકીએ છીએ કે ઘરનો કારભાર પત્નીએ ઉપાડી લીધો અને દુકાનના વહીવટને અંગે પ્રામાણિક અને મહેનતુ મદદનીશો મળી આવ્યાથી તેઓને સેવાભાવી જાહેર જીવન જીવવાની વિશેષ અનુકૂળતા થઈ

પડી. વર્ષો વીતતાં જેમ જેમ તેઓ દિલ્હીના જૂના વતની થતા ગયા તેમ તેમ ત્યાંની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં આગેવાની ભર્યો ભાગ લેવા લાગ્યા. અને ખાસ કરી ગુજરાતી સમાજના પ્રાણરૂપ બની ગયા. દિલ્હીમાં કોઇ નામાંકિત પુરુષનું આગમન થાય–પછી તે ભલે રાજા–મહારાજા હો, દેશનેતા હો કે સમાજ સેવક હો, મહાસભાના પ્રમુખ હો કે વર્તમાનપત્રકાર હો,–ત્યારે તેમના મોભા અને દરજ્જાને છાજે તેવું સ્વાગત કરવું, તેમના સન્માનમાં મેળાવડા કરવા, માનપત્રો આપવાં કે સેવાદાન અર્પણ કરવાં વગેરે કારભારની સર્વ જવાબદારી સ્વ૦ રતિલાલભાઇ ઊપાડી લેતા. આ રીતે ત્યાંના જાહેર જીવનમાં પડી ત્યાંના ગુજરાતી સમાજ, ખડાયતા સમાજ, ગૌશાળા, હરિજન સેવક સંઘ વગેરે સંસ્થાઓની તન, મન અને ધનથી જીવન પર્યન્ત ઉત્તમ સવા બજાવી હતી.

સને ૧૯૧૪–૧૫ માં 'ખડાયતા મિત્ર' પ્રકટ થતાં તેમાં શ્રી૦ નરહરિભાઈ પરીખની આપણી જ્ઞાતિની સ્થિતિ વિષે લેખમાળા, શ્રી ગોકળદાસ ચુનીલાલ સરૈયાનું પરોઢનું સ્વપ્ન અને જ્ઞાતિ સેવા, તથા સ્વ૦ ત્રિકમલાલ દેશાઇનો ખડાયતા કેળવણી મંડળની આવશ્યકતા ઉપરનો લેખ વગેરે લેખો પ્રકટ થયા. એ લેખોદ્વારા જ્ઞાતિની ખરી સ્થિતિ જાહેરમાં રજુ થઈ. પરંતુ જ્ઞાતિપત્રની મારફત લેખોની એકાદ વખતની રજુઆતથી ચાલુ સ્થિતિમાં સુધારો ન થાય, એ સ્વાભાવિક હતું. છતાં એટલું તો ખરુંજ કે જ્ઞાતિના સમુદાયોના સંચાલકોની આંખ ઉઘાડવા માટે એ પ્રયાસો આવશ્યક હતા. એટલુંજ નહિ પણ જ્ઞાતિ હિતચિન્તકો માટે એ ખરેખર માર્ગસૂચક હતા. 'જ્ઞાતિમાં કેળવણી માટે શું કરવું જોઈએ' તે માટે ખડાયતા મિત્રના તે સમયના તંત્રી સ્વ૦ ભાઈલાલ વૃંદાવનદાસ કોઠારીએ જ્ઞાતિમાં આગેવાન ગણાતા પુરુષોના અભિપ્રાય માગ્યા. એના ખુલાસામાં આપણા ચરિત્રનાયકના પિતાશ્રી રા. સા. નારણદાસભાઈએ બહુજ વ્યાવહારિક સૂચનાઓ લખી મોકલી હતી, એ સૂચનાઓ આજ પણ સ્વીકારવા યોગ્ય છે. તેના મુખ્ય મુદ્દાઓ આ છેઃ—

૧. દરેક તડે વિદ્યોત્તેજક ફંડ સ્થાપવું જોઈએ.
૨. કોઈપણ વિદ્યાર્થીનો આ.થક મુશ્કેલીને લીધે અભ્યાસ અટકી પડતો હોય તો એકડાના મંડળે તથા જ્ઞાતિ હિતચિંતકોએ મદદની ગોઠવણ કરવી જોઇએ.
૩. દરેક કન્યાને ભણાવવાનો પ્રબન્ધ કરવો.
૪. મોટી ઉંમરની કન્યાઓ માટે બાળ ઉછેર, ભરત, ગૂંથણ, સીવણ વગેરેનું જ્ઞાન મળે તે માટે શાળાઓ ઉઘાડવી.
૫. પુખ્ત ઉંમરની સ્ત્રીઓને ધાર્મિક જ્ઞાન મળે તે માટે ગોઠવણ કરવી.

આ પ્રશ્નાવલિના તારણમાં સૌ કોઈએ કેળવણીની આવશ્યકતા સ્વીકારી અને તે વધારવા માટે પરિષદ્ ભરી, કેળવણી મંડળની સ્થાપના કરવાનું યોગ્ય ધાર્યું. તે માટે રીતસર પ્રયાસ આદરવામાં આવ્યો અને રાજ્યસભા ભૂષણ ચુનીલાલ તારાચંદ દલાલના પ્રમુખપણા નીચે નડીઆદમાં પ્રથમ પરિષદ્ ભરવામાં આવી. આ પરિષદ્‌માં કેળવણી મંડળ હયાતીમાં આવ્યું અને ભંડોળમાં સારી રકમ ભરાઈ. બીજે વર્ષે શ્રી. ગોકલદાસ તલાટીના પ્રમુખપદે શ્રી રણછોડજીના ધામમાં બીજું જ્ઞાતિ સંમેલન મળ્યું તેમાં કેળવણી મંડળના ભંડોળમાં સારી પૂરતી થઈ. આ પ્રમાણે મંડળ સ્થપાયું અને ભંડોળ ભેગું થયું તેથી તેને વ્યવસ્થિત રૂપમાં મૂકવા, તેનું બંધારણ ઘડવા અને મંડળને કાયદા મુજબ રજીષ્ટર કરાવવા તથા હોદ્દેદારો નીમવા ૧૯૧૮ના માર્ચ માસમાં સ્વર્ગસ્થ સર ગોકળદાસ કહાનદાસ પારેખના પ્રમુખપણા નીચે અમદાવાદમાં એક જાહેર સભા મળી. ત્યારથી કેળવણી મંડળે સમાજ અને સરકારમાં 'ધી ખડાયતા એજ્યુકેશન સોસાઇટી' અથવા 'શ્રી ખડાયતા કેળવણી મંડળ' એ નામ ધારણ કર્યું. ભાઈ રતિલાલ દિલ્હી જેટલા દૂર દેશાવરમાં હોવા છતાં જ્ઞાતિ સુધારણા માટે ચાલી રહેલી પ્રવૃત્તિનો 'ખડાયતા મિત્ર' દ્વારા બારીક અભ્યાસ કરી રહ્યા હતા, તેથી તેમની સેવાભાવી વૃત્તિ વધુ વખત તટસ્થ રહી શકી નહિ. તેઓશ્રીએ વગર માગે સને ૧૯૧૮ માં રૂા. ૧૦૧ મોકલી કેળવણી મંડળના આજીવન સભ્યની નામાવલિમાં પોતાનું નામ નોંધાવ્યું. અને ત્યારથી કેળવણી મંડળ તરફ પોતાનો હાથ લંબાવ્યો, અને જીવન પર્યન્ત ચાલુ રાખ્યો.

મહાત્મા ગાંધીજીના ઉપદેશથી દેશમાં સ્વદેશીનો પ્રચાર વેગથી ચાલી રહ્યો હતો. અને સ્વદેશી કાપડ પેદા કરવા રેંટીઆથી સુતર કાંતવાની અને હાથશાળ ઉપર વણાટ કરવાની અગત્ય 'નવજીવન' દ્વારા તેઓશ્રી લોકોને સમજાવી રહ્યા હતા. પરદેશીઓના આગમનથી મરી ગએલા આ બન્ને ઘરઘથુ ઉદ્યોગોને સજીવન કરવાની મહાત્માજીની યોજના શ્રી. રતિલાલભાઈના દિલમાં સચોટ ઊતરી અને આપણી જ્ઞાતિમાં રેંટીઆની પ્રવૃત્તિ ચલાવવા સંવત ૧૯૭૫ માં ગાંધીજીના શિષ્ય શ્રી નરહરિભાઈ પરીખને રૂા. ૨૦૦૦ ની રકમ સોંપી. અને તેમ કરતાં શ્રી. રતિલાલભાઈએ સૂચવ્યું કે આપણી જ્ઞાતિની વસતિવાળાં ગામોમાં રેંટીઆના ફાયદા તથા જરૂર સમજાવવી, તથા જે બહેનો સૂતર કાંતવાનું શીખવા ઇચ્છતાં હોય તેમને રેંટીઆ આપવાની આ રકમમાંથી ગોઠવણ કરવી. વિશેષમાં લોકોને સમજાવનાર તથા શીખવનાર માણસનું એક વર્ષ સુધીમાં પગાર તથા મુસાફરીને અંગે જે કાંઇ ખર્ચ થાય તે વધારામાં આપવા જણાવ્યું.

ત્રણ વર્ષમાં આ પ્રવૃત્તિને અંગે શ્રી. નરહરિભાઇ હસ્તક જે ખર્ચ થયું તેનો હિસાબ તથા અહેવાલ 'ખડાયતા મિત્ર'ના ૧૯૭૮ ના માગશરના અંકમાં પ્રકટ કર-

વામાં આવ્યો. તે સાથે વિશેષમાં શ્રી. રતિલાલભાઈની સલાહ અને સંમતિથી સત્યાગ્રહ આશ્રમના રાષ્ટ્રીય વિદ્યામંદિરમાં રહી હાથ વણાટનું કામ શીખનાર ખડાયતા કોમના ઉમેદવારો—દરેકને માસિક રૂા. ૧૬ ની શિષ્યવૃત્તિ આપવાનું જાહેર કર્યું. ત્યારબાદ સંવત ૧૯૮૨ માં સત્યાગૃહ આશ્રમમાં અખિલ ભારતીય ચરખા સંઘની સ્થાપના થઈ, ત્યારે ખાદીની દરેક ક્રિયાનું શિક્ષણ લેનાર ખડાયતા જ્ઞાતિના દરેક વિદ્યાર્થીને માસિક રૂ. ૧૫ ની શિષ્યવૃતિ જાહેર કરવામાં આવી. આ અમૂલ્ય તકનો લાભ લેવા 'મિત્ર'ના વિદ્વાન તંત્રીએ આગ્રહભરી ભલામણ કરી. આ પ્રમાણે મહાત્માજીની અભિલાષાને હૈયે ધરી દેશના એક ધરગથુ હુન્નર ઉદ્યોગને સજીવન કરવાના હેતુથી ઉદાર દાન કર્યું. અને તે સાથે તેઓ જ્ઞાતિની બહેનો અને ભાઇઓને તેનો લાભ આપવાની તક ચૂક્યા નહિ.

અમદાવાદમાં સ્થપાએલ ચિમનલાલ કપુરચંદ છાત્રાલયનો ૧૯૧૬ થી ૨૨ સુધીનો અહેવાલ બહાર પડયો. તેના માનદ મંત્રીઓના નિવેદન મુજબ મકાન બાંધવાની આવશ્યકતા અનિવાર્ય હતી. મકાન માટે ગં. સ્વ. રુક્ષ્મણીબહેન ચિમનલાલ કપુરચંદ રૂા. ૧૫,૦૦૦ આપી ચૂકયાં હતાં, તેમજ શેઠ શ્રી માણેકલાલ મણિલાલ તથા સ્વ. છોટાલાલ કેશવલાલે કાંકરીઆના રસ્તે લીધેલી જમીન, પડતર કીંમતે આપવાની ઉદારતા બતાવી હતી. પરન્તુ છાત્રોની વધતી જતી સંખ્યાને પહોંચી વળી શકાય તેટલી સગવડવાળું મકાન બાંધવા માટે બીજી પંદરથી વીસ હજારની જરૂર હતી. આ રકમ એકજ સખી ગૃહસ્થ તરફથી મળી આવે તેવો સંભવ નહોતો. તેથી રૂા. ૬૦૦ આપે તે ગૃહસ્થના નામની એક ઓરડી બંધાવવી, એવી યોજના બહાર પાડવામાં આવી. અને તેને જ્ઞાતિના સુખી અને અગ્રગણ્ય ગૃહસ્થોએ વધાવી લીધી. આ અહેવાલના પરિશિષ્ટ ઉપરથી જણાઇ આવે છે કે આ ટહેલની ઝોળીમાં અન્ય ગૃહસ્થો સાથે સ્વ૦ રતિલાલભાઇએ પણ રૂા. ૬૦૦) અર્પણ કર્યા હતા. આ છાત્રાલયને આટલું જ દાન કરી પોતે સંતોષ માની બેસી રહ્યા નથી. પરન્તુ ત્યારપછી લગભગ નવ વર્ષના અંતરાય બાદ આ છાત્રાલયમાં 'સ્વ૦ પંડિત મોતીલાલ નહેરૂ વાચનાલય' ખોલવા રૂા. ૨૦૦૦) નું દાન આપતાં તેમણે જણાવ્યું કેઃ—'બોર્ડિંગને અંગે વાચનાલય ખોલવા બાબતની 'મિત્ર'ના તંત્રીજીની નોંધ ગયા અંકમાં વાંચી. તે પહેલાં પણ મને આ વિચાર આવેલો. × × આવી સંસ્થાઓમાં વાચનાલયની જરૂરતો છે જ. આથી મારા પિતાશ્રીના સ્મરણાર્થે આ દાન મોકલું છું. અને આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્વ૦ પંડિત મોતીલાલ નહેરૂ જેવા મહાન દેશ–ભક્તનું નામ સ્મરણ કાયમ રહે તેથી તેને 'સ્વ૦ પંડિત મોતીલાલ નહેરૂ વાચનાલય' એવું નામ–આપવું એમ ઠરાવું છું." આ પ્રમાણે વ્યાપારી બુદ્ધિના રતિલાલભાઇએ છાત્રાલયમાં વાચનાલય ખોલી આપી એક કીમતી જરૂરીઆત પૂરી પાડી, પિતાશ્રીના પુણ્યાર્થે

રકમ આપી પિતૃઋણ અદા કર્યું, અને તે ઉપરાંત છાત્રાલય સાથે સ્વ૦ પંડિત મોતીલાલ નહેરૂનું નામ ચિરંજીવ કર્યું. આમ એક દાનમાં ત્રણ હેતુ સાધ્યા.

કવિ અને લેખકના હાથમાં વર્તમાનપત્રનું તંત્ર હોય એટલે પછી કહેવું જ શું? શ્રી કેશવભાઇના કવિ હૃદયમાં કેળવણીના કબીરવડની કલ્પના ઉદ્‌ભવ પામી. મોરનાં ઇંડાં ચીતરવાં પડે તો કવિની ઊર્મિમાં પૂસ્તી કરવી પડે! વાંચનારના હૃદયના તાર ઝણઝણે તેવી ઝમકદાર શૈલિમાં 'મિત્ર'ની નોંધમાં લખ્યું કેઃ 'એક દાયકા પર દસ્યું કે કેળવણી મંડળ સ્થપાય તો સારું; તે સ્થપાયું. ભંડોળ ભરાયું. આજ તે નવપલ્લવતા ધારણ કરે છે, ફાલે છે, ને કેટલાય વિદ્યાર્થીઓને મીઠાં ફળ આપી રહ્યું છે. પણ આ અસંતોષી જીવ એટલાથી પરિતૃપ્ત થતો નથી. × × × આટલી મોટી ભરી નાતમાં એવા દશ લક્ષ્મી પુત્રો શું ન મળી આવે, જે દશ દશ હજારનાં દાન દઈ એક લાખ રૂપીઆનું ભંડોળ કરી, 'કેળવણીનો કબીરવડ' રોપી આપે!'

લક્ષ્મી પુત્રોની શોધમાં તેમણે અમદાવાદના માણેકચોકના શરાફો તરફ નજર નાખી, ધીકતી કમાણી કરનાર વકીલ મંડળનાં ગજાં લેખામાં લીધાં, તથા નડીઆદ અને વડોદરા, દેવગઢબારિયા અને મુંબઇ, મદ્રાસ અને નિઝામ હૈદ્રાબાદ સુધી દૂરબીન મૂકી જોયાં. પણ પહેલી હુંડી સ્વીકારનાર તો કોઈ નહિ ધારેલા ક્ષેત્રમાંથી મળી આવ્યા. તંત્રીજીને લાગ્યું કે તેમની કલમની કદર થઈ અને યોજનાને આદર મળ્યો. પહેલો ધા રાણાનો એ કહેવત પ્રમાણે ગુજરાતમાંથી નહિ, બૃહદ્ ગુજરાત-માંથી પણ નહિ પરંતુ દિલ્હી જેટલે દૂર વસતા રતિલાલભાઇ તરફથી સ્વેચ્છાએ હુંડી સ્વીકારાઇ તેથી પોતાનો પ્રયાસ સફળ થયો જાણી તંત્રીજી ખૂબ સંતોષ પામ્યા. ભાઇ રતિલાલ ગામીએ તેમ કરતાં બે શરતો મૂકીઃ એક તો દશ હજારનું વ્યાજ કન્યા કેળવણી માટે જ ખર્ચાવું જોઇએ. અને બીજી કે કબીરવડના પહેલા દાની તરીકેનું માન પોતે ન ખાટી જતાં બીજા દાનીને અર્પણ થાય તે ખાતર બીજું દાન મળી આવતા સુધી પોતાનું નામ જાહેરમાં મૂકવું નહિ. ધન્ય છે એ નિરભિમાની દાનીને અને ધન્ય છે એ દાનની ભાવનાને!!

ધીમે ધીમે કબીરવડના ફણગા ફૂટતા ગયા અને ડાંખળીઓ પાંગરવા લાગી. શ્રી૦ હરિલાલ પારેખે દશ હજાર આપવાનું વચન આપ્યું એટલે કબીરવડના પહેલા દાની હરિલાલભાઇ થયા. આમ ભાઇ રતિલાલ ગામીએ દર્શાવેલી ઇચ્છા બર આવી. ત્યારબાદ તેમણે 'કરમાતી વેલ' નામે સુન્દર લેખ સાથે તા. ૧૯–૧–૧૯૨૭ ના રોજ પોતાના દશ હજારનું દાન "શ્રી૦ રતિલાલ નારણદાસ ગામીનાં માતુશ્રી સૌ૦ સુરજબા ટ્રસ્ટ ફંડ"–એ નામે જાહેર કર્યું. અને તેની આવકમાંથી કન્યા કેળવણીને ઉત્તેજન મળે, એવી શરતો કરી.

નડીઆદની ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળાના અહેવાલ ઉપર શ્રી. કેશવલાલ શેઠે કલમ ચલાવી અને લખ્યું કે: 'એ આશીર્વાદ રૂપ સંસ્થા સખાવતે બહાદુર શ્રી. ગામી સાહેબના ઉદાર આશ્રય વડે સ્થપાઇ છે. અને જે જે પરગજુ ધનિકોના હાથે તે પોષાતી રહી છે તેમણે પરમ પુણ્ય હાંસલ કર્યું છે. આ સંસ્થા દશા–વીસા સમસ્ત ખડાયતા કોમની બહેનોના લાભાર્થે સ્થપાઇ છે. અને વાર્ષિક મેળાવડા પ્રસંગે પ્રદર્શનમાં મૂકાએલા નમૂના જોઈ ખરેખર સંતોષ થાય છે." આમ છતાં આ ઉદ્યોગશાળાને અંગે વાચનાલય, સંગીત શિક્ષણ અને કાયમ ભંડોળ હોવાં જોઇએ, એમ જણાવી તેની માગણી માટે પોતાની સુન્દર ઢબે 'મિત્ર' માં વિજ્ઞપ્તિ બહાર પાડી. સ્વ૦ રતિલાલભાઇ તો કોઇ આવા સદ્‌વિચારની પ્રેરણા વધાવવા સદા તૈયાર જ હતા. તેમને તો પોતાનું દાન કોઇને કોઇ સતકાર્યમાં લેખે લગાડી, માયામાંથી મુક્ત થવું હતું. શ્રી૦ કેશવલાલની આ માગણીનો સ્વીકાર કરતાં તેઓશ્રીએ નીચેનો પત્ર લખ્યોઃ—

'પ્રિય કેશવભાઈ,

ચૈત્ર માસનો અંક વાંચ્યો. મહિલા વાચનાલયની જરૂરીઆત સંબન્ધી તમારા મત સાથે મળતો થાઉં છું. અને તે માટે રૂા. ૨૫૦૦) નું ટ્રસ્ટ સોંપું છું. અને આ વાચનાલયને 'શ્રી શાન્ત્યાનંદ સરસ્વતી સ્ત્રી વાચનાલય' એવું નામ રાખવા મારી ભલામણ છે. × × × પહેલા વર્ષના ખર્ચ માટે રૂા. ૧૫૦, અલગ મોકલી આપીશ.

દિલ્હી — સ્નેહાધીન,

તા. ૧૫–૪–૨૯. — **રતિલાલ ના. ગામી**

અત્યારે જાહેર કરેલા દાનનું વ્યાજ બાર માસ પછી આવે, જ્યારે વાચનાલય શરૂ કરવા અમુક રકમ જોઇએ. તેથી રૂા. ૧૫૦ શરૂઆતના ખર્ચ માટે અગાઉ મોકલી આપ્યા. દાનેશ્રી તરીકે સ્વ૦ રતિલાલભાઇની આ પ્રકારની ચીવટમાં તેમની ત્યાગવૃત્તિની ભાવનાનું પ્રત્યક્ષ સૂચન થાય છે.

ભાઇ રતિલાલ ગામીનાં ધર્મપત્ની અ૦ સૌ૦ દિવાળીબહેન સંબન્ધે 'જીવન વિકાસ' ના પ્રકરણમાં લંબાણ વિવેચન કર્યું છે. એટલે અત્રે કશી જ પુનરુક્તિ ન કરતાં ટૂંકમાં એટલું જ જણાવીશ કે ૧૯૩૨ ના જાન્યુઆરીમાં કન્યા કેળવણીના ઉત્તેજનાર્થે રૂા. ૧૦,૦૦૦ નું દાન જાહેર કરી સૌ૦ દિવાળીબહેનને પુણ્યના ભાગી બનાવ્યાં હતાં. અને પોતાનાં દાનોના ઉદાર પ્રવાહમાં તેમને પણ દોર્યાં હતાં. તેમજ તેમના અવસાન બાદ સૌ૦ દિવાળીબહેનના સ્ત્રીધનના રૂા. ૭૬૧૬–૧૪–૦ ચૂકતે કૃષ્ણાર્પણ કરી, પોતે એ માયાના આવરણમાંથી મુક્ત થયા હતા.

ઉપરનું દાન દીધા બાદ તરત જ સ્વ૦ રતિલાલભાઇએ રૂા. ૧૦,૦૦૦ નું એક લોન ટ્રસ્ટ શ્રી ખડાયતા કેળવણી મંડળને સોંપ્યું. આ લોન ટ્રસ્ટનું વ્યાજ નડીઆદના ચકલાવાળા પરી. ઝવેરભાઇ જેઠાભાઇ વેપારી પંચ સમસ્ત જ્ઞાતિના વિદ્યાર્થીઓના લાભાર્થે વાપરવા માટે આપવામાં આવ્યું હતું.

કેળવણી મંડળના સંચાલકો તરફથી 'લોન કે શિષ્યવૃત્તિ' એ વિષય ઉપર ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી હતી. અને સને ૧૯૩૯ ના ડીસેમ્બરમાં શ્રીમાન સોમાલાલ મંગળદાસ શાહના પ્રમુખપદે શ્રી કોટયર્કનગરમાં સાતમી ખડાયતા પરિષદ્‌માં ઠરાવ નંબર ૯ મુજબ કેળવણી મંડળ તરફથી અપાતી શિષ્યવૃત્તિઓ ભવિષ્યમાં લોન તરીકે આપવી એમ ઠરાવવામાં આવ્યું. કેવળ શિષ્યવૃત્તિઓ વહેંચવાથી દાનની ભાવના વધુને વધુ કેળવાય એ આપણા જેવી વૈશ્ય કોમને છાજતું નથી તથા શિષ્યવૃત્તિથી વિદ્યાર્થી વર્ગના માનસ અને ચારિત્રમાં ન્યૂનતા આવે છે, તેથી શિષ્યવૃત્તિને બદલે લોન આપવી એવો આ ઠરાવ અને ચર્ચાને મૂળ મુદ્દો હતો. આ પદ્ધતિ દાખલ કરવાથી અમુક વર્ષો વિત્યાબાદ ઉછીનાં આપેલાં નાણાં પાછાં વળતાં સતત વહેતા પ્રવાહરૂપે મંડળની મૂડીમાં પૂરતી થાય, અને એ રીતે મંડળ વધુને વધુ સમૃદ્ધ થતાં જ્ઞાતિ સમુદાયને ઉપયોગી બીજાં કામો હાથ ધરી શકે, એટલે એ ચર્ચામાંથી ફલિત થતી ભાવિકલ્પનાઓ પણ વિચારવા જેવી હતી.

કુશળ વાણિજ્યશાસ્ત્રી—આપણા ચરિત્રનાયક—આ વિષયની પ્રાથમિક ચર્ચામાંથી શિષ્યવૃત્તિને બદલે લોનની વિશિષ્ટતા પારદર્શક જોઇ શકયા અને પરિષદે પસાર કરેલા ઠરાવ અગાઉ પોતાનો નિર્ણય જાહેર કરવા કેળવણી મંડળના પ્રમુખને લખી જણાવ્યું કેઃ—

"મેં કેળવણી મંડળને જુદાં જુદાં ટ્રસ્ટો જુદી જુદી શરતોએ આપ્યાં છે. × × × આ બધાં ટ્રસ્ટોની કુલ રકમ રૂા. ૪૫,૦૦૦ થાય છે. × × × પરન્તુ મને હમેશાં લાગ્યાં કરે છે કે જે હેતુ અને ઉદ્દેશોથી આવી મોટી રકમનું દાન મેં કર્યું છે, તે હાલની શરતોથી ઘણે અંશે સચવાતા નથી. તેથી મેં સ્વાધીન રાખેલા અધિકારની રૂઇએ હું આ ફેરફાર કરૂં છું. જેથી જ્ઞાતિજનોને વધારે લાભ મળી શકે × × × આ હેતુથી અત્યાર સુધીના રૂા. ૪૫,૦૦૦ માં રૂા. ૫૦૦૦ ઉમેરી રૂા. ૫૦,૦૦૦ નું એક 'લોન ટ્રસ્ટ' કરૂં છું." (શરત માટે જુઓ પરિશિષ્ઠ ૧)

દિલ્હી, સેવક,

આ નિર્ણય જાહેર કર્યા બાદ પોતાના 'ગામી કુટુમ્બ કેળવણી ફંડ' માં પણ તેઓશ્રીએ એજ ધોરણે ફેરફાર કર્યો. અને તે હકીકત જાહેર કરતાં નીચેના પત્રથી જણાવ્યું કેઃ—

"'ગામી કુટુમ્બ કેળવણી ટ્રસ્ટ' ને અંગે અત્યાર સુધીમાં રૂ. ૨૫,૦૦૦ આપ્યા છે; તે વધારી રૂ. ૫૦,૦૦૦ ની રકમ હું જાહેર કરૂં છું. (શરતો માટે જુઓ પરિશિષ્ટ ૨) આ રકમ મારી અનુકૂળતાએ મારી હયાતીમાં પૂરી કરીશ. ન કરે નારાયણ અને આ દેહ ન હોય તો, મારા વારસો તે પૂરી કરશે."

દિલ્હી, સેવક,

તા. ૧૬–૫–૪૧ રતિલાલ ના. ગામી

સ્વ૦ રતિલાલભાઇએ ત્યારપછી એટલે તા. ૧૫–૬–૧૯૪૧ ના રોજ જ્ઞાતિની ઉછરતી પ્રજા માટે એક વિદ્યાલયની યોજનાને લેખ કે વાણીથી ટેકો આપવાને બદલે સક્રિય સહાય અને સમર્થન આપવા રૂા. ૫૦૦૦ નું 'શ્રી કોટયર્ક વિદ્યાલય ટ્રસ્ટ' (શરતો માટે જુઓ પરિશિષ્ઠ ૩) શ્રી ખડાયતા કેળવણી મંડળને સોંપ્યું. આ ટ્રસ્ટની કલમો બહુ વિશાળ દૃષ્ટિથી ઘડી છે. તેમજ તેમાંથી અન્ય દાનેશ્રીઓને માર્ગદર્શન મળે તેમ છે.

સ્વ૦ રતિલાલભાઇ વિદ્વાન કે પદવીધારી નહોતા, તેમ વક્તા કે લેખક પણ નહોતા. છતાં એક કુશળ વેપારી તરીકે પ્રામાણિક પુરુષાર્થના બળે લક્ષ્મી સંપાદન કરી; અને એ લક્ષ્મી, સરસ્વતી અને સમાજને ચરણે ધરી અનાસક્ત યોગના પરમ ઉપાસક બન્યા. તેમનું બાલ્યજીવન ધાર્મિક સંસ્કારોથી પોષાયું હતું, અને જેમ જેમ જીવનનો વિકાસ થતો ગયો તેમ તેમ એ સંસ્કારો ઉત્તરોત્તર ખીલી આવ્યા અને જેમ જેમ તે અમલમાં મૂકાતા ગયા તેમ તેમ તે વધારેને વધારે દીપી આવ્યા.

છેક નાના પાયા ઉપર શરૂ કરેલું જીવન ઈશ્વરકૃપાથી સફળ થયું. એ સફળતા ધનનો અખૂટ પ્રવાહ વહી લાવી. છતાં સંસારનાં ભભકભર્યાં પ્રલોભનો માયાની જાળમાં તેમને ફસાવી શક્યાં નહિ. જેમ જેમ તેઓ ધનસંપત્તિ પ્રાપ્ત કરતા ગયા તેમ તેમ જ્ઞાતિ અને સમાજના ચરણે ધરતા ગયા. દાનના એક અર્પણ પછી બીજું ક્યાં અને કેવું આપવું, એ એમનો જીવન વ્યવસાય થઇ પડયો. આ પ્રમાણે સ્વ૦ રતિલાલભાઇએ તન, મન અને ધનથી જ્ઞાતિ અને સમાજની સેવા બજાવવામાં પાછી પાની કરી નથી. તેમજ પોતે સંપાદન કરેલી લક્ષ્મીને લેખે લગાડી, તેનાં ફળની મીઠી સુવાસથી સંતોષ માની, અનાસક્ત યોગને છાજે તેવી પૂર્વ ભૂમિકા રચી આદર્શ આર્ય જીવન જીવી બતાવ્યું.

અનાસક્ત યોગની સાધના

મમેચ્છા

ભંડારી કુબેર બની નેય શું હું,
કૃપણ બનીને કરી હું શકું શું?
પણ ના! હું તો આપી દઉં સૌ,
લક્ષ્મી જ મારી દુઃખી જનોને.
ને જો વળી ભાગ્ય બળે કરીને,
બનીય જાઉં કળી કુમળી કો;
અર્પી દઉં સૌ પરાગ મારી,
સુખ શાન્તિ માટે દુઃખી જનોની.
બનીય જાઉં ચંડોળ આજે,
ઉંચે ઉડી વ્યોમે વિચરીને;
સંગીત મારું સૌનેય અર્પી,
સુખી બનાવું દુઃખી જનોને.
ને જો વળી ભાગ્યબળે કરીને,
બનીય જાઉં પૃથ્વીપતિ તો;
પછી રહે પૂછવાનું ય શું યે,
અર્પી દઉં સ્વાતંત્ર્ય જ સૌને.
સમાન બનીને સૌએ વિચરજો,
સુખ દુઃખના સાથી બનીય રહેજો;
એવું કહીને નચિંત બનીને,
ચાલ્યો જઉં હું નિજ શાન્તિ ધામે.

'સુરેશ પરીખ'

નોંધઃ—શ્રી. 'સુરેશ પરીખ' રચિત ઉપરનું કાવ્ય, ૧૯૪૧ના સપ્ટેમ્બરના 'જ્યોતિ'ના અંકમાં પ્રકટ થયું હતું. શાન્તિપ્રિય અને નિવૃત્તિ પરાયણ આપણા જ્ઞાતિ રત્ન રતિલાલભાઈના જીવનના ધ્યેયને તે બરાબર બંધ બેસતું છે. તેથી કવિ 'સુરેશ પરીખ'ની સંમતિથી કેટલાક સુધારા સાથે તે અત્રે પ્રકટ કર્યું છે. **લેખક.**

દિલ્હીમાં 'હરિજનવાસ' નામે એક વસાહત કરવાની મહાત્મા ગાંધીજીની કલ્પનાને શેઠ બીરલા અને તેમના જેવા ભાવિક ગૃહસ્થોએ ઉપાડી લીધી. આ યોજના અમલમાં મૂકવા જમીન લેવાઇ, તેના ભાગ પાડવામાં આવ્યા અને મકાનો બાંધવાનો પ્રબન્ધ થયો. ભાઇ રતિલાલે પણ એ આશ્રમમાં એક કૂટી બાંધવાનું ખર્ચ મહાત્માજીના ચરણે ભેટ ધર્યું. અને હરિજન આશ્રમનું એ મકાન બંધાઈ તૈયાર થયા પછી, ભાઇ રતિલાલે ત્યાં જ નિવાસ કર્યો અને જીવનમુક્ત થતાં સુધી પોતાનું અવશેષ જીવન ત્યાંના સેવાપરાયણ વાતાવરણમાં નિર્ગમન કર્યું.

૧૯૦૫થી સામાન્ય રીતે તેમનું મન સેવાપ્રવૃત્તિમાં પરોવાએલું હતું, ત્યારથી તેઓ સ્વદેશી કપડાં પહેરતા. પોતાનું કાર્યક્ષેત્ર દિલ્હી હતું, તેથી ત્યાંની નાની મોટી દરેક પ્રવૃત્તિમાં સેવાભાવથી આગેવાનીભર્યો ભાગ લેતા આવ્યા. અને છેલ્લાં ત્રણ વર્ષ ઉપર શરીર અટક્યું ત્યાં સુધી તન, મન, અને ધનથી મદદ કરતા રહ્યા. શારીરિક ક્ષીણતાને લીધે તનથી સેવા આપવાનું અટક્યું ત્યારથી મન અને ધનથી મદદ આપી પોતાની સેવા પરાયણ ભાવનામાં ન્યૂનતા આવવા દીધી નહિ.

તેમના પોતાના જ શબ્દોમાં કહું કે: તેમને એકાકી શાન્ત જીવન ગાળવાની મૂળથી જ આદત હતી. એમના જીવનનું આ લક્ષ્ય ૧૯૯૫થી અત્યાર સુધી અખંડ કાયમ રહ્યું હતું, એવું તેમના ખાનગી પત્રો અને લખાણોથી જોઇ શકાય છે. બે વર્ષ ઉપર એક પત્રમાં લખેલું કે:—

'પરમાત્માએ મને જે સંજોગોમાં મૂકેલ છે, તેમાંથી આગળ આવવાને માટે કોઇ સાચા સંત પાસે રહી વાચન–મનન રાખવું જોઇએ. તેમ ન બને તો હાલ જે જીવન વ્યતીત કરૂં છું. તે મધ્યમ લાગે છે. × × × × × ×

મારા વિચારને અનુકૂળ થાય તેવા સોબતી મળેથી પોંડિચેરી મહર્ષિ અરવિંદ બાબુના આશ્રમમાં હવે પછીનું જીવન વ્યતીત કરવા મન પ્રેરાય છે. તેમ નહિ બને તો હાલ જ્યાં રહું છું, તે સ્થળ પણ સેવામય વાતાવરણવાળું છે, તેથી સંતોષ માનીશ.'

ધર્મધુરન્ધર આચાર્ય શ્રીમન્નથુરામ શર્માએ ત્રણ પેઢી ઉપર દિક્ષામાં આપેલા નામજપનો ગુરુમંત્ર દાદાએ સ્વીકાર્યો, પિતાશ્રી જીવનભર તેને અનુસર્યા અને ભાઇ રતિલાલને જીવનમુક્તિની ચાવી એજ નામજપમાં પ્રતીત થઈ. અને વૈકુંઠવાસી શ્રી. રતિલાલભાઈએ જીવનનો ઉત્તરકાળ નામજપની ધૂનમાં વ્યતીત કરી અનાસક્ત યોગની સાધના સફળતાથી સાધી હતી. તેની સાક્ષીરૂપે જીવન પ્રવાહ ઉપર પ્રતિબિમ્બ નાંખતા તેમના છેલ્લા પત્રના ઉતારા સાથે તેઓશ્રીના જીવન પ્રસંગોનો પરિચય અત્રે સમાપ્ત કરૂં છું.

'માનવ જાણે મેં કરૂં, કરના વાલે કોઈ;
આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોઈ.'

"પરમાત્માને ભરોસે ઈશ્વર સ્મરણમાં વખત પસાર કરૂં છું. પરમાત્મા સૌને સદ્‌બુદ્ધિ આપો; એવી પ્રાર્થના છે."

દિલ્હી : રતિલાલ ના. ગામી

વૈકુંઠવાસ

" આયુષ્ય ટૂંકું છે: સમૃદ્ધિ અને શરીર ક્ષણભંગુર છે: જે બીજા માટે જીવે છે, તેજ સાચું જીવે છે."

હરિલાલ ના. પારેખ

'પરમાત્માના ભરોસે ઈશ્વરસ્મરણમાં અવશેષ આયુષ્ય પસાર કરતાં'–શ્રી રતિલાલભાઇ સંવત ૧૯૯૯ ના કાર્તિક વદ ૧૧, તા. ૪ થી ડિસેમ્બર, ૧૯૪૨ ના રોજ સવારના ૧૧–૧૫ વાગ્યે દેવશરણ થયા.

તે દિવસે વહેલી સવાર સુધી તેઓ શુદ્ધિમાં હતા; પણ શિથિલતા વધતી જતી હતી. તેઓશ્રીનો પુણ્યાત્મા ક્ષણભંગુર દેહથી વિખૂટો પડતો જાય છે, એવાં ચિન્હ દેખાવા લાગ્યાં. એ પુણ્યશ્લોક પુરુષની અંતિમ ઘડીઓમાં શ્રી કૃષ્ણ–અર્જુન સંવાદ–રૂપ યોગ્યશાસ્ત્ર ગીતાજીના પ્રવચનનો પ્રબન્ધ કરવામાં આવ્યો અને મોક્ષ સંન્યાસ યોગ નામે અઢારમા અધ્યાયના અધ્યયનની ઇતિ સાથે જ ભાઇ રતિભાઇનો આત્મા પરબ્રહ્મરૂપ સચ્ચિદાનંદમય પરમ પદને પામી ગયો.

આમજન અને તેમાંય વળી યોગી પુરુષ જેવા પુણ્યાત્માના જવાથી શોકની છાયા છવાઇ રહી; અને કુટુમ્બી અને સ્નેહિજનો ઉપર ઘડીભર દુઃખનું મોજું ફરી વળ્યું. પણ જરાક સ્વસ્થ થઇ, સ્મશાનયાત્રાની સજાવટ કરવામાં આવી. અને તેમાં જોડાયા નાના–મોટા દિલ્હી નિવાસી ગુજરાતીઓ, રંગના વહેપારીઓ અને પ્રતિષ્ઠિત શહેરીઓ. હરિજન–આશ્રમમાંથી આવ્યા દલિતોના ઉદ્ધારક ઠક્કર બાપા અને આવ્યા ગાંધીજીના પ્રતિનિધિ રૂપે દેવદાસ ગાંધી. શ્રી યમુનાજીના તટ ઉપર અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો અને ચેહમાં ભસ્મિભૂત થતા રતિલાલભાઇના દેહનાં છેલ્લાં દર્શન કરી સૌએ અંતિમ અંજલિ અર્પી–કોઇએ પ્રાર્થનાથી અને કોઇએ પુષ્પની વૃષ્ટિથી. ક્ષણમાં સૂક્ષ્મ દેહ પંચભૂતમાં ભળી ગયો, અને સ્થૂલદેહ–માટીનું ખોળિયું રાખ થઇ માટીમાં મળી ગયું. 'જન્મ્યું તે તો જરૂર જવાનું' એજ દૈવી ધોરણે જે દૈવી રાજમાર્ગે અસંખ્ય કોટિ જીવાત્મા ગયા તેજ પંથે રતિલાલભાઇ સીધાવી ગયા. સ્મશાનયાત્રીઓ યમુનાજીના જળમાં સ્નાન કરી, શાન્ત પડી, રતિલાલભાઇને વસમી વિદાય આપી પાછા ફર્યા.

સદ્‌ગત વડીલભાઇની આજ્ઞાનુસાર લોકાચાર મુજબની મરણ પાછળની વિધિઓ માટે સ્થાન નહોતું; પરન્તુ સઘળા શિષ્ટાચાર તો કરવાના જ હતા. **સૌથી પ્રથમ** નડીઆદ, પાલીતાણા અને અમદાવાદ વગેરે સ્થળોએ નિકટનાં સગાં સબન્ધીઓને તારથી ખબર આપ્યા કેઃ

> "Extremely grieved. Ratibhai expired to-day;
> may God rest his soul in peace"

ભાઇ-ભાંડું વગેરે જેઓ દિલ્હીમાં હતા તે ત્યાંજ રોકાયા અને અન્ય કુટુમ્બીજનો રતિલાલભાઇ દેવલોક પામ્યાની ખબર જાણી દિલ્હીમાં આવી પહોંચ્યા અને ત્યાંજ દશાશ્રાદ્ધ અને તર્પણાંજલિ અર્પણ કરી, સૌ પોતપોતાના કાર્યક્ષેત્ર તરફ વિદાય થયા.

આ પ્રમાણે મરણ પાછળ ધર્મશાસ્ત્ર અનુસાર ક્રિયા કરવામાં આવી; પરન્તુ લોકાચારને અનુસરી જમણવાર કે નાતો નહિ કરવાના સદ્‌ગત રતિલાલભાઇના સિદ્ધાન્તને કુટુમ્બીઓ યથાર્થ માન આપી વળગી રહ્યા. આ પ્રમાણે ગામી કુટુમ્બે ગુજરાતના અને ખાસ કરી ખડાયતા સમાજમાં એક શિષ્ટાચારનો બીજી વખત અનુકરણીય દાખલો બેસાડયો.

ભાઇશ્રી રતિલાલ પરલોકવાસી થયાના સમાચાર ગુજરાતીપંચ, કર્મભૂમિ, Times of India, ખડાયતા જ્યોતિ, ખડાયતા મિત્ર, ખડાયતા યુવક વગેરે વર્તમાનપત્રો અને માસિકોમાં પ્રકટ થયા અને તંત્રીઓ તરફથી શ્રદ્ધાંજલિ અર્પતી નોંધો લેવામાં આવી. તે અગાઉ પણ ખાનગી તારો અને પત્રોદ્વારા એ ખબર ગુજરાતભરમાં પવનવેગે પ્રસરી ગઇ.

'દાનપતિ રતિલાલભાઈ ગામીના અવસાનથી જ્ઞાતિનું દ્રવતું હૈયું પ્રદર્શિત' કરવા શ્રી ખડાયતા કેળવણી મંડળે સમસ્ત ખડાયતા સમુદાયની એક સભા તા. ૬-૧૨-૧૯૪૨ ના રોજ મણિલાલ મેન્સન-(અમદાવાદ)-માં સાંજના છ વાગે બોલાવી. આ શોક સભામાં જ્ઞાતિના અગ્રગણ્ય પુરુષો તરફથી સદ્‌ગતનાં ગુણગાન કરવામાં આવ્યા બાદ નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા.

પહેલો ઠરાવ અમદાવાદની દશા ખડાયતા જ્ઞાતિના **શેઠ શ્રી. રણછોડલાલ કેશવલાલે શ્રીમાન શેઠ માણેકલાલ મણિલાલ રણછોડદાસ**ના ટેકાથી રજુ કર્યોઃ—

સમસ્ત ખડાયતા જ્ઞાતિની વિદ્યાવૃદ્ધિ માટે લગભગ રૂપીઆ એક લાખ જેવી બાદશાહી સખાવત કરનાર, બલ્કે જ્ઞાતિકલ્યાણ કાજે સર્વસ્વનું સમર્પણ કરનાર,

દિલ્હી નિવાસી જ્ઞાતિ ભૂષણ શ્રી. રતિલાલ નારણદાસ ગામી તા. ૪-૧૨-૪૨ ના રોજ વૈકુંઠવાસી થયાની ખબર જાણી કેળવણી મંડળ તરફથી મળેલી આ જ્ઞાતિ-સભાને અતિશય દુઃખ થયું છે.

છઠ્ઠી ખડાયતા પરિષદ્દના પ્રમુખ તરીકે, કન્યા કેળવણીથી માંડીને ઔદ્યોગિક તથા કોલેજની ઉચ્ચ કેળવણીના અભ્યાસ વાસ્તે સંખ્યાબંધ ટ્રસ્ટોના દાતા તરીકે, પુસ્તકાલયો, સ્ત્રી ઉદ્યોગાલયો, તથા વ્યાયામ મંદિરો વગેરેના ઉત્તેજક તરીકે તેમજ રાષ્ટ્રના અને સમાજના હિતચિંતક તરીકે સ્વર્ગસ્થની કારકીર્દિ યશોજ્જવળ હતી.

એમના જેવા લોકકલ્યાણક અને તત્ત્વચિંતક જ્ઞાતિસજ્જનના વૈકુંઠવાસથી સ્વર્ગસ્થના વિશાળ ભ્રાતૃ પરિવાર વગેરેને અસહ્ય આઘાત લાગે તે દેખીતું છે. આ સભા એમના કુટુંબ પરિવાર પ્રત્યે હાર્દિક દિલસોજી દર્શાવે છે; જ્ઞાતિને લાંબી મુદત પર્યન્ત ન પૂરાય એવી પડેલી ખોટ બદ્દલ દિલગીરી દર્શાવે છે અને સ્વર્ગસ્થના અમર આત્માને પરમાત્માના પાદારવિંદમાં શાશ્વત શાન્તિ મળો એવી ઇષ્ટદેવને પ્રાર્થના કરે છે.'

બીજો ઠરાવ શ્રી૦ હરિલાલ નાથાભાઇ પારેખે, શ્રી૦ ચિમનલાલ ચુનીલાલ પરીખના ટેકાથી રજૂ કર્યો અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

'આજની સભા ઠરાવ કરે છે કે '**શ્રી ગામી ગુણજ્ઞાતા ફંડ**' શરૂ કરવામાં આવ્યું છે, તેને સમૃદ્ધ કરવા આ સભા સંમતિ દર્શાવે છે અને તેમાં સારી રકમ ભરવા સૌ જ્ઞાતિ બન્ધુઓને આગ્રહભરી વિનંતિ કરે છે.'

આ ઠરાવો શ્રી ખડાયતા કેળવણી મંડળના પ્રમુખશ્રી ડૉ. મણિલાલ હ. ભગતે શ્રીયુત્ હરિલાલ ગામી, ચિમનલાલ ગામી, શાન્તિલાલ ગામી અને ડૉ૦ છગનલાલ ગામી ઉપર પાઠવતાં તા. ૭-૧૨-૧૯૪૨ ના રોજ લખ્યું કે:—

'ભાઇ રતિલાલ સંબન્ધી આપ કુટુમ્બવર્ગને દુઃખ થાય તે સ્વાભાવિક છે. પણ જ્ઞાતિની તમામ વસતિના તેઓ પ્રિય હોવાથી સમસ્ત જ્ઞાતિમાં દુઃખની લાગણી ફેલાઇ રહી છે. સમસ્ત જ્ઞાતિનો એ અજોડ હીરો આપણામાંથી અસ્ત થઈ ગયો, તેનું આપણને દુઃખ તો થાય, પણ તેમની સાત્ત્વિક વૃત્તિઓ, ધર્મપરાયણતા, રાષ્ટ્ર પ્રત્યેની ભાવના, અને સમસ્ત ખડાયતા જ્ઞાતિને જ્ઞાનરૂપી દીપક પૂરો પાડનાર હોવાથી એમના આત્માને પરમ શાન્તિ મળશે એવી ખાતરી હોવા છતાં પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે તેમના આત્માને અમર શાન્તિ આપો!'

આજ પ્રમાણે રતિલાલભાઇ વૈકુંઠવાસી થયા તે પરત્વે પોતાની લાગણી દર્શાવવા ખડાયતા કોમની જુદી જુદી સંસ્થાઓ તરફથી જુદાં જુદાં મથકોએ શોકસ-

ભાઓ ભરી ઠરાવો કરવામાં આવ્યા તથા ગુણજ્ઞતા ફંડમાં યથાશક્તિ ફાળો આપવામાં આવ્યો તથા કેટલીક સંસ્થાઓએ સ્વર્ગસ્થના માનમાં રજાઓ પાળી. માહિતી મળ્યા મુજબ એ સંસ્થાઓનાં નામ નીચે મુજબ છે:—

શ્રી કોટયર્ક ખડાયતા સમિતિ, અમદાવાદ.
શ્રી ચિમનલાલ કપુરચંદ ખડાયતા છાત્રાલય, અમદાવાદ.
શ્રી ખડાયતા પરિષદ સ્થાયી સમિતિ, અમદાવાદ.
શ્રી મહેમદાવાદના જ્ઞાતિજનોની શોક સભા, મહેમદાવાદ.
શ્રી નડીઆદ સમસ્ત ખડાયતા જ્ઞાતિજનોની શોક સભા, નડીઆદ.
શ્રી વીસા ખડાયતા સાર્વજનિક વ્યાયામ મંદિર, નડીઆદ.
શ્રી જેઠાલાલ કસનદાસ ખડાયતા છાત્રાલય, વડોદરા.
શ્રી ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળા, ઉમરેઠ.
શ્રી ખડાયતા સેવા સમાજ, હળધરવાસ.
શ્રી ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળા, હળધરવાસ.
શ્રી ખડાયતા સમાજ, મુંબઇ.
શ્રી ખડાયતા સ્ત્રી મંડળ, મુંબઈ.
શ્રી ખડાયતા યુવક સંઘ, મુંબઈ.
શ્રી ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળા, નડીઆદ.
શ્રી ખડાયતા કેળવણી મંડળ, મોડાસા.
શ્રી નૂતન ખડાયતા વ્યાયામ મંદિર, જંત્રાલ.
શ્રી ખડાયતા યુવક મંડળ, રાજપીપળા.
શ્રી ખડાયતા સ્ત્રી ઉદ્યોગશાળા, કઠલાલના આશ્રય નીચે યુવક અને યુવતીઓની સંયુક્ત સભા.
શ્રી સુરતના જ્ઞાતિ બંધુઓની શોક સભા, સુરત.

ઉપર દર્શાવેલી જ્ઞાતિની સંસ્થાઓ મુજબ શ્રી વિઠ્ઠલ કન્યા વિદ્યાલય નડીઆદ, અને શ્રી દિલ્હી ગુજરાતી સમાજ દિલ્હી; આ બે સંસ્થાઓએ સભાઓ ભરી, ઠરાવો પસાર કરી ભાઇશ્રી શાન્તિલાલ ગામી ઉપર મોકલી આપ્યા હતા.

સદ્‌ગત રતિલાલભાઇના જીવનની મીઠી સુવાસ એટલી વ્યાપક હતી કે તેમની ખોટ જ્ઞાતિ કે કુટુમ્બીઓને તો શું પણ તેઓશ્રીના સહવાસમાં આવેલા સૌ કોઇને અને ખાસ કરીને તેઓશ્રીના મિત્રો અને સ્નેહી સંબન્ધીઓના મોટા સમુદાયને ખૂબ લાગી આવે એ સ્વાભાવિક હતું. અને તે સદ્‌ગતને નિવાપાંજલિ અર્પતા અને

ગામી કુટુમ્બ પ્રત્યે દિલસોજી ધરાવતા અસંખ્ય પત્રોદ્વારા પારદર્શક જોઈ શકાય છે. એ પત્રો માંહેના નીચેના થોડાક ટૂંકા ઊતારા તેની પૂરી પ્રતીતિ કરાવે છે.

'આવી નિરપેક્ષ પરોપકાર અને સેવાવૃત્તિવાળા સત્પુરુષની ખોટ ખરેખર દુઃખદ છે. × × × ખડાયતા જ્ઞાતિમાં તે અજોડ સખાવતે બહાદૂર અને જનતાની ઘોંઘાટ વગરની પરન્તુ સંગીન સેવામાં તેઓ સદા અનુરક્ત હતા.'

દેવગઢબારીઆ,
૧૪-૧૨-'૪૨.

મોતીલાલ લ. પારેખ
(દી. બ. મોતીલાલ લ. પારેખ-દીવાન.)

'તેમનો માયાળુ સ્વભાવ, ગરીબો પ્રત્યેની દિલસોજી વગેરે ઘણા ગુણો હતા. પોતે તો પોતાની જીંદગીમાં બની શકે તેટલું સૌનું સારૂંજ કરી ગયા છે.'

પાલીતાણા,
૫-૧૨-૪૨.

લલ્લુભાઈ રામજીભાઈ
(રા. સા. લલ્લુભાઈ રામજીભાઈ ત્રિવેદી, પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબના પ્રાઇવેટ સેક્રેટરી.)

'The deceased lived a model life and has left a name of which your family can rightly be proud.'

Palitana.
10-12-42.

N. A. Mistery
(F. C. Magistrate and Diwani Nyayadhish.)

'તેમણે પોતે તો જીવન સાર્થક જીવી જાણ્યું. તેમની સુવાસ ચારે બાજુ પ્રસરી રહી છે. તેમનો આત્મા તો તેમના સત્કાર્યોથી અમર છે અને સદા પ્રેરણા આપતો રહેશે.'

પાલીતાણા,
૧૦-૧૨-૧૯૪૨.

લક્ષ્મીશંકર દવે
(જુડીસ્યલ આસીસ્ટન્ટ.)

'તેમની સજ્જનતા, ઉદારતા અને નિખાલસપણું સદાને માટે યાદ રહેશે.'

રાજકોટ,
૧૨-૧૨-૪૨.

મણિલાલ કાજી
(નિવૃત્ત ઍસી૦ સેક્રેટરી ટૂ ધી રેસીડન્ટ ફૉર સ્ટેટ્સ ઑફ વેસ્ટર્ન ઈન્ડીઆ.)

'તેઓશ્રીના ગુણનું વર્ણન કરતાં એક પુસ્તક સહેજે લખી શકાય.'

રાજકોટ, **તારાચંદ લ. શાહ**
૧૪-૧૨-૪૨. (Assi-secretary to the Resident for States of Western India)

'ભાઈ રતિલાલ બહુજ સુજ્ઞ અને ગુણીઅલ હતા. તેમજ ધર્મપરાયણ પણ હતા. તેમણે જે દ્રવ્ય મેળવ્યું તેનો સદુપયોગ કર્યો. તેમનું જીવન એક આદર્શરૂપ હતું. તેઓ તો પોતાનું જીવન સફળ કરી ગયા.'

અમદાવાદ, **મુળચંદ આશારામ શાહ**
તા. ૧૯-૧૨-૪૨.

'તેઓશ્રી ત્યાગની મૂર્તિ હતા. જ્ઞાતિની કેળવણી માટે તેમણે સવસ્વ જ્ઞાતિ દેવીને ચરણે અર્પણ કર્યું છે.'

ગોલ્ડ ફીલ્ડ લેધરવકર્સ,
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. **માણેકલાલ પ્રાણજીવનદાસ શાહ**
તા. ૭-૧૨-૪૨.

'પ્રભુ, એ પુણ્યાત્માને શાશ્વત શાન્તિ આપો.'

સેન્ટ્રલ જેલ, વડોદરા, **મણિલાલ મંગળજી કાશીવાળા**
તા. ૧૦-૧૨-૪૨.

'એમનો શાન્ત અને માયાળુ સ્વભાવ કદિ વિસરાય તેમ નથી. જે રસ્તે ભાઇ રતિલાલ ગયા તે રસ્તે આપણે સૌએ એક દિવસ જવાનું છે એ ચોકસ છે, એમ જાણી આપણે જીવનમાં સાવધ બનીએ અને પ્રભુમય જીવન ગાળીએ એ આપણું પરમ કર્તવ્ય છે.'

ગિરધરનગર સોસાઇટી, **રૂક્ષ્મણી લલ્લુભાઈ**
શાહીબાગરોડ, અમદાવાદ. (લેડી રૂક્ષ્મણીબાઇ લલ્લુભાઇ આશારામ શાહ.)
૧૪-૧૨-૧૯૪૨.

'રતિભાઈના અવસાનથી તમારા કુટુમ્બ તથા જ્ઞાતિને ભારે ખોટ પડી છે.'

પાલીતાણા, **મૂળરાજસિંહ**
૧૧-૧૨-૪૨. (નામદાર મૂળરાજસિંહજી દીવાન સાહેબ.)

'ધન કમાવું અઘરૂં નથી, પણ તેનો સદ્વ્યય કરવો એ ઘણું કપરૂં છે. તે ઉદાર ચરિત સાધુ પુરુષ આગળ મસ્તક સદા નમે છે.'

સીમલા, **દેસાઈ ઈશ્વરલાલ**
૮-૧૨-૪૨. (રા. સા. ઇશ્વરલાલ હ. દેસાઈ.)

'પરમાર્થ સાધનામાં તેઓશ્રીએ પ્રાપ્ત કરેલ દ્રવ્યનો ઘણી રીતે અને સંપુર્ણત: સદ્વ્યય કર્યો છે. મારી નજરે આ કરતાં પણ વિશેષે કરી તેમણે અધ્યાત્મ દૃષ્ટિએ જીવનનો વિકાસ સાધ્યો હતો.'

ભૂલેશ્વર, મુંબઈ,
૧૫-૧૨-૪૨.

મુળજી નાથજી કોઠારી

'તેઓશ્રી ઉત્તરાવસ્થા ભગવત્સ્મરણમાં જ ગાળતા હતા. એમણે તો ખરેજ પોતાનું જીવન સાર્થક કર્યું છે.'

અમદાવાદ,
૧૦-૧૨-૪૨.

માણેકલાલ મણિલાલ રણછોડદાસ

'એમની સજ્જનતાનો જોટો મળવો મુશ્કેલ છે.'

એજન્સી સેન્ટ્રલ જેલ; સદર,
રાજકોટ.
૧૪-૧૨-૪૨.

નાનાભાઇ ભટ્ટ

'એમની ખોટ કેવળ આપને નથી, પરન્તુ મર્હુમના સ્નેહિમંડળ, તેમજ આપણા ગામને અને ગુજરાતને પણ છે. એ તો પોતાનું કાર્ય કરી ગયા. દેશ માટે અને ગામને માટે ભોગ પણ આપ્યો. પ્રભુ તેમના આત્માનું કલ્યાણ કરો અને એમનો દાખલો બીજા ધનિકો લે તેવી વૃત્તિ આ ગરીબ દેશમાં પેદા થાય એવી મારી પ્રાર્થના છે'

નડીઆદ
૧૫-૧૨-૪૨.

દાદુભાઈ પુરૂષોત્તમદાસ દેસાઈ

'He did independent business, and that too very sucessfully. There is always some lurking good in what appears to be not good. If he had passed his matric he would have been called upon to pay the penalty of prosecuting college studies, and if Ratibhai was not a business man he should perhaps not been in a position to do as much for the caste. × × × Ratibhai's desire to help the caste grew more and more ardent. At every time he contributed a donation. He was always thinking simultaneously as to what and when he should contribute next.

Nadiad.

Gokuldas Saraiya

'એમનો દેહોત્સર્ગ એકાદશી જેવા પવિત્ર દિવસે થયો; અને એ સંસારયોગીની ભાવના ભગવાને પાર પાડી. સંસાર સફર દરમિયાન આ વંદ્યવિભૂતિએ જ્ઞાતિ સમાજ અને રાષ્ટ્રની અનેક વિધ સેવાઓ કરી છે.'

અમદાવાદ.

કેશવ હ. શેઠ
તંત્રીજી, ખડાયતા મિત્ર.

'ગાંધીજી જેવું સૂકલકડી શરીર, છતાં એમની આત્મિક શક્તિએ જ્ઞાતિને જે આપ્યું છે, તે અનોખું છે, ચિર સ્મરણીય છે અને બોધપાઠ રૂપ છે. × × તેમણે જીવી જાણ્યું અને આચરી જાણ્યું. તેઓ જ્ઞાતિ માટે જન્મ્યા હતા, જીવ્યા હતા અને રળ્યા હતા.'

અમદાવાદ.

અંબાલાલ નૃ. શાહ
તંત્રીજી, ખડાયતા જ્યોતિ.

પરિશિષ્ટ ૧.

શ્રી રતિલાલ નારણદાસ ગામી શ્રી કોટચર્ક લોન ટ્રસ્ટ ફંડ.

મે૦ પ્રમુખશ્રી, દિલ્હી : તા. ૩૦-૧૦-૩૯.

શ્રી ખડાયતા કેળવણી મંડળ, અમદાવાદ.

"મેં કેળવણી મંડળને જુદાં જુદાં ટ્રસ્ટો જુદી જુદી શરતોએ દાન કર્યાં છે, તે ટ્રસ્ટો કેળવણીમંડળે ટ્રસ્ટની ચોપડી છપાવી છે તેમાં છાપવામાં આવેલાં છે. આ બધાં ટ્રસ્ટોની કુલ રકમ રૂ. ૪૫૦૦૦) ની થાય છે. આ ટ્રસ્ટોમાં લખેલી શરતો મુજબનો અમલ કેળવણી મંડળ તરફથી કરવામાં આવે છે. પરંતુ મને હંમેશાં લાગ્યા કરે છે કે જે હેતુઓ અને ઉદ્દેશથી આવી મોટી રકમનું દાન મેં કર્યું છે તે મારી હાલની શરતોથી ઘણે અંશે સચવાતું નથી, તેથી તમામ ટ્રસ્ટોની શરતો મેં સ્વાધીન રાખેલા અધિકારની રુઇએ હું ફેરફાર કરું છું કે જેથી મારી જ્ઞાતિ કે જેને માટે મેં આ રકમોનું દાન કર્યું છે તેને વધારે લાભ મળે. આથી હું નીચે લખેલી શરતોએ મારી આખી રકમ રૂ. ૪૫૦૦૦) ની છે તેમાં રૂ. ૫૦૦૦) ઉમેરી રૂ. ૫૦૦૦૦) નું એક લોન ટ્રસ્ટ કરું છું. મને આશા છે કે મારો ઉદ્દેશ બર લાવવામાં કેળવણી મંડળ મને પૂરતો સહકાર આપી ઉમેદ બર લાવશે.

લિ૦ સેવક,
રતિલાલ ના. ગામીનાં વંદન.

દિલ્હી : તા. ૨૩-૧૧-૩૯.

ઑન૦ સેક્રેટરી સાહેબ,

શ્રી ખડાયતા કેળવણી મંડળ, અમદાવાદ.

વિં૦ આપને અગાઉ જણાવ્યા પ્રમાણે મારા તરફથી જુદા જુદા નામે અપાએલાં ટ્રસ્ટો એકત્ર કરી, તેમાં આ સાથે મોકલેલા ચેકના રૂ. ૫૦૦૦) પાંચ

હજાર ઉમેરી પચાસ હજારનું એક ટ્રસ્ટ "શ્રી કોટયર્ક લોન ટ્રસ્ટ ફંડ" નામથી રાખી નીચેની શરતો પ્રમાણે કેળવણી મંડળે અમલ કરવો. આશા છે કે ઉપર મુજબની ગોઠવણ અનુકૂળતાએ કરાવી મને આભારી કરશો. ચેકની પહોંચ સ્વીકારવા તસ્દી લેશો.

લિ૦ સેવક,
રતિલાલ ના. ગામીના વંદન.

શરતો.

(૧) આ ટ્રસ્ટ શ્રી રતિલાલ નારણદાસ ગામી "શ્રી કોટયર્ક લોન ટ્રસ્ટ ફંડ" એ નામથી ઓળખાશે.

(૨) આ ટ્રસ્ટની મુદ્દલ રકમ કાયમ રાખી વ્યાજની આવકનો સમસ્ત ખડાયતા જ્ઞાતિ માટે ઉપયોગ કરવો.

(૩) આ રકમનું વ્યાજ :

(૧) ઉચ્ચ કેળવણી માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને,

(૨) ટેક્નીકલ અને ઔદ્યોગિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને,

(૩) અને સ્પેશીયલ કેસમાં અંગ્રેજી ધોરણ સાત તેમજ અંગ્રેજી ધોરણ સાતની સરખા બીજા જે ધોરણો કેળવણી મંડળ નક્કી કરે તે તે ધોરણોમાં ભણતા વિદ્યાર્થીઓને લોન તરીકે આપવું.

(૪) સદરહુ ટ્રસ્ટની કુલ રકમના વ્યાજની વાર્ષિક આવકમાંથી ¼ ભાગ સુધી સ્ત્રી કેળવણી માટે ઈનામ, શિષ્યવૃત્તિ, સ્ત્રીઉદ્યોગોનાં સાધનો માટે તેમજ વાચનાલયો તથા વ્યાયામશાળાઓ માટે આપી શકાશે.

(૫) વિદ્યાર્થીઓને અપાતી લોનની રકમનું વ્યાજ શ્રી ખડાયતા કેળવણી મંડળ ત્રણ ટકા કરતાં વધુ લઈ શકશે નહિ.

(૬) લોન માટેની કેળવણી મંડળ પાસે જે અરજીઓ આવે તેમાંથી કયા વિદ્યાર્થીઓને અને કેટલી રકમ આપવી તેનો નિર્ણય કેળવણી મંડળે કરવાનો છે.

(૭) આ ટ્રસ્ટમાં જ્યાં જ્યાં વિદ્યાર્થી શબ્દ લખેલો છે તેમાં વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે.

(૮) લોનની શરતો ઠરાવવાનો અને તેમાં વખતો વખત જોઈતો ફેરફાર કરવાનો હક્ક શ્રી ખડાયતા કેળવણી મંડળની મેનેજીંગ કમિટીને મારી હયાતીમાં મારી સંમતિથી રહેશે.

(૯) લોનનો લાભ, અભ્યાસમાં ફળદ્રુપ ભેજાવાળા વિદ્યાર્થીને અભ્યાસ ચાલુ રાખે ત્યાં સુધી આપવો.

(૧૦) મારી હયાતીમાં, મૂળ ઉદ્દેશ કાયમ રાખી, સમયને અનુકૂળ ફેરફાર કરવાનો હક્ક મને રહેશે.

દિલ્હી
તા. ૨૫–૧૧–૩૯

લી. સેવક
રતિલાલ ના. ગામી

× × × × ×

શ્રી કોટયર્ક મુકામે સાતમી ખડાયતા પરિષદ્ વખતે મળેલી શ્રી ખડાયતા કેળવણી મંડળની અસાધારણ સભા વખતે શ્રી. રતિલાલ ગામી સાહેબના ટ્રસ્ટની વિચારણા વખતે સભા તરફથી સૂચન કરવામાં આવેલું કે તેમણે આપેલી રૂ. ૫૦,૦૦૦ ની રકમના વ્યાજમાંથી સ્ત્રી કેળવણી વગેરે માટે તેમણે ૧૦ ટકા વાપરવા લખેલું તેને બદલે તે રકમ ૨૦ ટકા સુધી કરાવવી. આ સૂચના નીચેના પત્રથી જણાશે કે તેમણે સ્વીકારી છે. વધુમાં વ્યાયામ માટે પણ આમાં સમાવેશ કરવો, એમ જણાવ્યું છે અને તે મેનેજીંગ કમીટીએ સ્વીકાર્યું છે.

દિલ્હી, તા. ૩–૧–૧૯૪૦.

“ વિ. આપના તા. ૧–૧–૪૦ ના પત્ર સાથે આપે મારા લોન ટ્રસ્ટ બાબતમાં થએલ ઠરાવની કોપી બીડી જે માટે આભારી છું. જે ઠરાવ કેળવણી મંડળે કરેલ છે, તેને હું સંમત થાઉં છું. છતાં તેમાં વ્યાયામશાળા ઉમેરી લેવા વિનવું છું. જે પ્રમાણે કરવામાં મારા ધારવા પ્રમાણે મંડળને કોઇ જાતની અગવડમાં મૂકવા જેવું નથી. પરમાત્માની કૃપા અને મિત્રોના સદ્દભાવથી શરીર દિવસે દિવસે સુધરતું જાય છે. કોન્ફરન્સની ફત્તેહ મિત્રોના ઐક્ય તેમજ શુદ્ધ દિલને આભારી છે. રા. સોમાલાલભાઇનું સેવાભાવી મન બહુજ પ્રફુલ્લ થએલ હશે. જેનો જશ તેમના નિરાભિમાની સેવા કાર્યને છે.

લિ૦ સ્નેહાધીન
રતિલાલ ના. ગામી

પરિશિષ્ઠ ૨.

"શ્રી રતિલાલ નારણદાસ ગામી કુટુંબ કેળવણી ફંડ"

[શ્રીયુત ગામીએ પહેલાં કેળવણી મંડળને રૂા. ૨૫૦૦૦)નું કુટુંબ કેળવણી ટ્રસ્ટ આપેલું, તે વધારી હવે રૂા. ૫૦૦૦૦)નું કરવાને તેઓ જાહેર કરે છે. સદરહુ ટ્રસ્ટની શરતો નીચે મુજબ છે.]

-શરતો-

(૧) આ ટ્રસ્ટ શ્રી રતીલાલ નારણદાસ ગામી કુટુંબ કેળવણી ફંડને નામે ઓળખાશે.

(૨) આ ટ્રસ્ટના વ્યાજમાંથી અંગ્રેજી પાંચ ધોરણથી અગર રાષ્ટ્રીય કેળવણી અંગ્રેજી ચોથા ધોરણના મુકાબલાની, તેમજ ટેકનીકલ અગર દરેક જાતની કૉલેજ કેળવણી, મીલીટરી, નેવલ, એરોડ્રૂમ, એરક્રેફ્ટ વગેરેનો સમાવેશ કરીને વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને લાભ આપવો.

(૩) આ ટ્રસ્ટના અંગે બુદ્ધિશાળી તેમજ આર્થિક સ્થિતિને અંગે જરૂરીઆતવાળાને, માધ્યમિક અભ્યાસવાળાને માસિક રૂા. ૫) થી ૧૦) સુધી અને કોલેજીએટ કેળવણીવાળાને માસિક રૂા. ૧૫) થી ૨૦) સુધી શિષ્યવૃત્તિઓ આપવી.

(૪) આ ટ્રસ્ટના વ્યાજનો ઉપયોગ મારા તથા મારી પત્નિના ભાઈ, બહેન, કાકા, મામા, ફોઇ, માસીની પ્રજા (પુત્ર અગર પુત્રી)માં કરવાનો છે.

(૫) કોઇ સમયે કોઈ પણ એવી માગણી કરનારના અભાવે ચકલાતવાળા તડના વિદ્યાર્થીઓને આ ટ્રસ્ટના લાભાર્થે સામેલ કરવા.

(૬) આ ટ્રસ્ટને અંગે જે શેરો તથા પોલીસીઓ આપું છું તેમાંથી વેચાય તેવા દસ્તાવેજો વેચી નાખીને તથા જે રકમ રોકડી આપું તે તમામ કેળવણી મંડળના બંધારણમાં જણાવ્યા પ્રમાણે સીકયુરીટીઓમાં રોકવી.

(૭) આ ટ્રસ્ટને અંગે શ્રી ચીમનલાલ નારણદાસ ગામી તથા શ્રી શાંતિલાલ નારણદાસ ગામીને પેટ્રન તરીકે દાખલ કરવા અને શિષ્યવૃત્તિઓની મંજુરી વખતે વિદ્યાર્થીઓની સગાઈ સંબંધી તેમની ખાત્રી આખરની ગણવી.

(૮) આ ટ્રસ્ટના અંગેના પેટ્રનોના અભાવે સગાઈ સંબંધીની તપાસ કેળવણી મંડળ તેમના તડના સભ્યોદ્વારા કરશે.

(૯) આ જાતની કેળવણી ઉપરાંત કેળવણી મંડળને ભવિષ્યમાં યોગ્ય લાગે તેવી કેળવણીનો સમાવેશ થઇ શકશે.

(૧૦) મારી હયાતીમાં સમય પ્રમાણેનો ફેરફાર કરવાના હક્ક મને રહેશે.

દિલ્હી તા. ૯–૪–૪૦

આ ટ્રસ્ટ હું પચાસહજારનું જાહેર કરૂં છું. મારી હયાતીમાં અનુકૂળતાએ રકમ પૂરી કરીશ. ન કરે નારાયણ ને આ દેહ ન હોય તો મારા વારસો આપશે.

તા. ૧૬–૫–૪૧

લી૦ સેવક

રતિલાલ ના. ગામી

પરિશિષ્ટ ૩

'શ્રી કોટયર્ક વિદ્યાલય ટ્રસ્ટ' રૂા. ૫૦૦૦)

[આ ટ્રસ્ટનો કુટુમ્બ કેળવણી ટ્રસ્ટમાં સમાવેશ કરવામાં આવેલો છે.]

શરતો

(૧) આ ટ્રસ્ટ 'શ્રી કોટયર્ક' વિદ્યાલય ટ્રસ્ટ' ગણાશે.

(૨) શ્રીમાન્ અમૃતલાલભાઇની ભાવના પ્રમાણેનું વિદ્યાલય જ્ઞાતિ શુભેચ્છકો ઉભું કરે તો વ્યાજનો વ્યય તે ખાતે કરવો. ને મારા કૌટુંબિક ટ્રસ્ટની વ્યાખ્યા પ્રમાણેના એક વિદ્યાર્થીને તે વિદ્યાલયમાં તૈયાર કરવો. મારા વીલમાં જણાવ્યા પ્રમાણે મારી પાસે ઉછરેલ કન્યાની પ્રજા આનો લાભ લેવા તૈયાર હોય તો પસંદગી તેમાંના એકને આપવી. એક વિદ્યાર્થી અભ્યાસ ચાલુ રાખે ત્યાં સુધી તેનેજ મદદ કરવી.

(૩) ઉપર જણાવેલ વિદ્યાલય હાલ તુરત ઉભું ન થાય ને મારા કૌટુંબિક ટ્રસ્ટની વ્યાખ્યામાં આવેલને મારા વીલમાં જણાવેલ મારે ત્યાં ઉછરેલ કન્યાઓની પ્રજામાંથી કોઇ વિદ્યાર્થી બીરલા વિદ્યાલય વીલાની અગર દયાલબાગ આગ્રામાં રહી માધ્યમિક કેળવણી લે તો તે લાભ તેવા વિદ્યાર્થીને આપવો.

(૪) ઉપર જણાવેલ કાર્યમાં કોઇ વિદ્યાર્થી ઉમેદવાર ન નીકળે તો રામકૃષ્ણ સેવા સમિતિ અગર તેવીજ સંસ્થાઓ જે સાત્વિક સાહિત્યદ્વારા સંસ્કાર ફેલાવવાનું કામ કરે છે તેવું સાહિત્ય ખરીદી 'જ્યોતિ' મારફત ગ્રાહકોને મફત વહેંચવું અગર ભાવી પ્રજા સેવાભાવી ને સંસ્કારી થાય તેવું સાહિત્ય સાહિત્યકારો મારફત તૈયાર કરાવી જ્ઞાતિમાસિકના ભેટ પુસ્તક તરીકે વિના મૂલ્ય ગ્રાહકોમાં વહેંચવું.

(૫) મારી હયાતીમાં મને અને તે પછી કેળવણી મંડળને, મૂળ આશય કાયમ રાખી ફેરફાર કરવાના હક્ક રહેશે.